અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ઓગસ્ટ ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૪

વર્ષ : ૧૬
અંક : ૪૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિકમાં ૧૪૦ કરોડ દેશવાસીઓની આશાનું પ્રતિક હતી

વુમન્સ રેસલિંગમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલનું ભારતનું સપનું ચકનાચૂર

માત્ર ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાને કારણે ફાઈનલમાં પહોંચેલી ભારતીય રેસલર વિનેશ ફોગાટ ઓલિમ્પિક મેડલની રેસમાંથી બહાર ફેંકાઈ

। (એજન્સી) પેરિસ, તા.૭ ।

ભારતીય રેસ્લર વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિકમાં ૧૪૦ કરોડ દેશવાસીઓની આશાનું પ્રતિક હતી. જોકે, એક જ રાતમાં આ 'દંગલ ગર્લ' સાથે રમાઈ ગઈ રમત! ઓલિમ્પિક ૨૦૨૪થી ભારત માટે આવ્યા ખરાબ સમાચાર. મહિલા કુશ્તી ૫૦ કિગ્રા સ્પર્ધાની ફાઈનલમાં પહોંચેલી વિનેશ ફોગાટ મેડલની રેસમાંથી બહાર કરી દેવામાં આવી છે. મેચ રમ્યા પહેલાં ફોગાટને કરી દેવામાં આવી ડિસક્વાલિફાય. ઓવરવેઈટ એટલેકે, વધુ પડતા વજનને કારણે કમિટીએ વિનેશને ઠેરવી છે ગેરલાયક. આ અગાઉ તેણે ક્વાર્ટર ફાઈનલ પહેલા તેણે વિશ્વ ચેમ્પિયન જાપાનની સુસાકીને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ પછી, તેણે જીતની હેટ્રિક ફટકારીને ઈતિહાસ રચ્યો અને ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું. પરંતુ હવે તેને ૭ ઓગસ્ટની સવારે મોટો આંચકો લાગ્યો છે. ઓવરવેઈટને કારણે તેને સ્પર્ધામાંથી બહાર કરી દેવાઈ હોવાના આઘાતજનક સમાચાર સામે આવ્યાં.

માત્ર ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાને કારણે રેસલર વિનેશ ફોગાટ ઓલિમ્પિક મેડલની રેસમાંથી બહાર ફેંકાઈ હોવાનું સામે આવ્યું છે. આ વાત માન્યામાં આવે એવી નથી, કે રાતોરાત કઈ રીતે વધી ગયું વજન. પરંતુ કમિટીએ પોતાનો આદેશ સંભળાવી દીધો છે. ભારતીય ઓલિમ્પિક સંઘ દ્વારા આ આઘાતજનક સમાચારોની પુષ્ટિ કરવામાં આવી છે. ભારતીય ઓલિમ્પિક સંઘે વિનેશ ફોગાટને લઈને આ વાતની પુષ્ટિ કરી છે. એસોસિએશન દ્વારા એક સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું હતું, 'તે ખેદજનક છે કે ભારતીય ટીમ વિનેશ ફોગાટને મહિલા કુશ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય જાહેર કરવાના સમાચાર શેર કરી રહી છે. આખી રાત ટીમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિલો કરતાં થોડા ગ્રામ વધુ હોવાનું જણાયું હતું. ટીમ આ સમયે વધુ કોઈ ટિપ્પણી કરશે નહીં. ભારતીય ટીમ તમને વિનેશની ગોપનીયતાનું સન્માન કરવાની વિનંતી કરે છે. વિનેશ ફોગાટની મેડલ મેચ ૧૨ કલાક બાદ યોજાવાની હતી. મંગળવારે તેની જીતની હેટ્રિક બાદ મેડલ નિશ્ચિત જણાતો હતો. પરંતુ ફાઈનલ મેચના ૧૨ કલાક પહેલા ભારત માટે આ ખરાબ સમાચાર સાંભળવા મળ્યા છે. વિનેશ ફોગાટને સમગ્ર ભારતમાંથી ખૂબ અભિનંદન મળી રહ્યા છે. પરંતુ સોનાની આશા ફરી એકવાર ઠગારી નીવડી છે. બુધવારે રાત્રે ૧૨.૫૦ વાગ્યે વિનેશ ફોગાટની ફાઈનલ મેચ સારા હિલ્ડેબ્રાન્ડ સામે થવાની હતી. તેણીએ પ્રથમ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને અલ્જેરિયાના ઈબ્તિસેમ ડોડોઉને હરાવ્યો હતો. ક્વાર્ટર ફાઈનલમાં સારાએ ચીનની ફેંગ ઝીકીને ૭-૪થી હરાવ્યું હતું. હવે ફાઈનલમાં સારાએ વિનેશ સાથે લડ્યા વિના જીત તરફ આગળ વધી છે.

વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાં અયોગ્ય જાહેર કરાઈ છે. આ સ્થિતિમાં ભારતના ઓલિમ્પિક ખેલાડીઓને પણ જોરદાર ઝટકો લાગ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે તેમનું વજન ૫૦ કિલોની કેટેગરી સાથે મેળ નથી ખાતું. ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) એ કહ્યું કે આ આઘાતજનક છે કે ભારતીય ટીમ મહિલા કુશ્તી ૫૦ કિગ્રા કેટેગરીથી વિનેશ ફોગટ અયોગ્ય જાહેર થઈ છે. રાતભર ટીમ દ્વારા કરાયેલા શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિગ્રાથી થોડોક જ વધારે હતું. હાલના સમયે ટીમ દ્વારા કોઈ ટિપ્પણી કરવામાં આવી રહી નથી. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માંથી અયોગ્ય જાહેર થયા બાદ ભારતીય મહિલા રેસલર વિનેશ ફોગાટ મહિલા કુસ્તી ૫૦ કિગ્રા વર્ગની ફાઈનલમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. હવે વિનેશ ફોગાટની સામે સેમિફાઈનલમાં હારનાર ક્યુબાની મહિલા રેસલર યુઝનેલિસ ગુઝમેન લોપેઝ ફાઈનલ રમશે. પહેલા જ રાઉન્ડમાં વિનેશનો મુકાબલો જાપાની રેસલર વાય સુસાકી સામે હતો.

સુસાકીએ વિનેશ સામે પ્રથમ ટાઈમ પીરિયડમાં એક પોઈન્ટ મેળવીને લીડ મેળવી હતી

સુસાકી જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપથી લઈને ઓલિમ્પિક સુધી કુલ ૧૩ વખત ફાઈનલ રમી હતી અને દરેક વખતે ગોલ્ડ મેડલ સાથે પરત ફરતી હતી. સુસાકીએ વિનેશ સામે પ્રથમ ટાઈમ પીરિયડમાં એક પોઈન્ટ મેળવીને લીડ મેળવી હતી. આ સમયગાળા દરમિયાન વિનેશને કોઈ પોઈન્ટ મળ્યા ન હતા. સુસાકીએ બીજા રાઉન્ડમાં પણ પોઈન્ટ મેળવ્યો હતો. વિનેશે મજબૂત પકડ વડે બે ટેકનિકલ પોઈન્ટ મેળવ્યા હતા. મુકાબલો ઘણો જ રોમાંચક બન્યો હતો અને અંતિમ ક્ષણોમાં વિનેશે બાજી મારી લીધી હતી અને ૩-૨થી મુકાબલો પોતાના નામે કર્યો હતો. ક્વાર્ટર ફાઇનલમાં વિનેશે યુક્રેનની ઓક્સાના લિવાચનો સામનો કર્યો હતો. ઓક્સાના યુરોપિયન ચેમ્પિયન રહી ચૂકી છે અને તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ પણ જીત્યો છે. વિનેશે આ મેચમાં શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું હતું. વિનેશે ત્રણ મિનિટના પ્રથમ સમયગાળામાં બે ટેકનિકલ પોઈન્ટ લઈને લીડ મેળવી હતી. બીજા રાઉન્ડની શરૂઆતમાં તેણે ફરી એકસાથે બે પોઈન્ટ મેળવ્યા હતા. આ સમય દરમિયાન ઓક્સાનાએ પુનરાગમન કર્યું અને એકવાર વિનેશને સેન્ટ્રલ સર્કલમાંથી બહાર ફેંકવાનો પ્રયાસ કર્યો અને પોઈન્ટ મેળવ્યા હતા. છેલ્લી કેટલીક સેકન્ડોમાં રોક્સાના પોઈન્ટ મેળવવાની ઉતાવળમાં દેખાઈ હતી. તેણે આ સમયગાળામાં ૨-૧-૧-૧ પોઈન્ટ મેળવ્યા હતા. જોકે, વિનેશ પહેલા જ છ પોઈન્ટ પર પહોંચી ગઈ હતી.

વિનેશ ફોગટ થઈ બેહોશ, હોસ્પિટલમાં દાખલ કરાઈ

ભારતીય કૂસ્તીબાજ વિનેશ ફોગટને ઓલિમ્પિક્સની ફાઇનલ માટે ગેરલાયક ઠેરવવામાં આવતા વ્યક્તિગત રીતે વિનેશ માટે તેમજ દેશ માટે આઘાતજનક ઘટનાક્રમ સર્જાયો છે. પોતે ગેરલાયક ઠરી છે એવા સમાચાર મળતાં જ વિનેશ બેહોશ થઈ ગઈ હતી અને તેને પેરિસમાં તત્કાળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. બીજી તરફ, ભારત સરકાર પણ આ મુદ્દે સક્રિય થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આ બાબતે અંગત રસ લઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતીય ઓલિમ્પિક સમિતિના અધ્યક્ષ પીટી ઉષા સાથે ફોન પર વાત કરી હતી અને શક્ય તમામ ઉપાય કરવા અને ઓલિમ્પિક સમિતિ સમક્ષ વિનેશનો કેસ મજબૂત રીતે રજૂ કરવા સૂચના આપી હતી. આ અગાઉ, આજે સવારે પેરિસમાં ૫૦ કિલોગ્રામ કૂસ્તીની ઈવેન્ટ શરૂ થાય તે પહેલાં નિયમ મુજબ સ્પર્ધકોનાં વજન કરવામાં આવ્યા ત્યારે ભારતીય ચેમ્પિયન વિનેશ ફોગાટનું વજન નિયમ કરતાં વધુ નોંધાયું હતું. ૫૦ કિલોની સામે વિનેશનું વજન ૧૦૦ ગ્રામ વધુ હોવાથી ઓલિમ્પિક સમિતિએ તેને ફાઇનલ માટે ગેરલાયક જાહેર કરી દીધી હતી. વિનેશ ફોગાટ ગેરલાયક ઠરી છે એ સમાચાર મળતાં જ પેરિસમાં ભારતીય ખેલાડીઓ ઉપરાંત સમગ્ર ભારતમાં નિરાશાનું મોજું ફરી વળ્યું હતું. સમાચાર મળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ વિનેશ ફોગાટને પ્રાત્સાહક શબ્દો દ્વારા આશ્વાસન આપ્યું હતું.

વિનેશ ફોગાટ ઓલિમ્પિકમાં અયોગ્ય જાહેર થતા હોબાળો

વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છો તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો : વડાપ્રધાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પેરિસ ઓલિમ્પિકસથી એક મોટા સમાચાર આવ્યા છે. ભારતીય રેસલર વિનેશ ફોગાટને ફાઈનલ મેચ રમવા અયોગ્ય જાહેર કરવામાં આવી છે. ૫૦ કિલો કેટેગરીમાં રમતી વિનેશ ફોગાટનું વજન નક્કી મર્યાદા કરતા ફક્ત ૧૦૦ ગ્રામ વધુ હોવાથી આ નિર્ણય લેવાયો છે. આ ઘટના પછી ભારતે પણ જોરદાર વિરોધ દર્શાવ્યો છે. વિનેશ ફોગાટના ઓલિમ્પિકસમાંથી બહાર જવાના સમાચારથી કારણે કરોડો ભારતીયો નિરાશ થયા છે. આ દરમિયાન સરકારથી લઈને વિપક્ષ સુધીના તમામ નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાને પોતે આ મામલે ટ્વિટ કરીને વિનેશ ફોગટને સાંત્વના આપી છે અને IOA(Indian Olympic Association)ના અધ્યક્ષ પીટી ઉષા સાથે આ મામલે વાત કરી છે. આ સાથે જ કોંગ્રેસ નેતા શશિ થરૂરે પણ આ મામલે સવાલ ઉઠાવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે,'વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છો! તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો. આજની હાર દુ:ખ આપે છે. હું જે નિરાશાનો અનુભવ કરી રહ્યો છું તેને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. પડકારોનો સામનો કરવો એ તમારો સ્વભાવ રહ્યો છે. તમે મજબૂત રીતે પાછા ફરશો. અમે બધા તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.' વિનેશ ફોગાટ અયોગ્ય જાહેર થયા બાદ લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પણ પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ નેતાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'વિશ્વવિજેતા રેસલરને હરાવીને ફાઈનલમાં પહોંચનાર વિનેશ ફોગાટને ટેક્નિકલ આધારે અયોગ્ય જાહેર કરવામાં આવી તે દુર્ભાગ્યપૂર્ણ છે. અમને પૂરી આશા છે કે ભારતીય ઓલિમ્પિક સંઘ આ નિર્ણયને મજબૂતીથી પડકારશે અને દેશની દીકરીને ન્યાય અપાવશે. વિનેશ હિંમત હારનારમાંથી નથી. અમને પૂરો વિશ્વાસ છેકે તે મજબૂત રીતે ફરી અખાડામાં પરત ફરશે. વિનેશ તમે હંમેશા દેશને ગૌરવ અપાવ્યું છે. ત્યારે આજે આખો દેશ તમારી તાકાત બનીને તમારી સાથે ઉભો છે.' રેસલર વિનેશ ફોગાટને યોગ્ય ઘોષિત કરવા પર કોંગ્રેસ નેતા શશી થરૂરએ કહ્યું હતું કે, 'મારા માટે વિનેશની અત્યાર સુધીની મેળવેલી જીત ખુબ પ્રભાવશાળી રહી છે. તેણે સાહસ, ક્ષમતા અને દ્રઢ સંકલ્પનો પરિચય આપ્યો છે, તેણે આપણા સૌનું દિલ જીતી લીધું છે. ટેકનિકલ કારણોથી તેને અયોગ્ય ઘોષિત કરવાના સમાચારથી હું ખૂબ જ નિરાશ છું, મને ખબર નથી કે આવું કઈ રીતે થઈ શકે, શું આપણા કોચ બધા નિયમો અને સીમાઓનું પાલન કરાવામાં યોગ્ય નથી. મારા માટે દુ:ખની વાત એ છે કે તેના તમામ પ્રયત્નોને જે લાયક હતો તે પુરસ્કાર મળ્યો નથી.'

વિનેશને ટ્રેનિંગ માટે વિદેશમાં પણ મોકલવામાં આવી હતી

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં કુસ્તીની ફાઈનલ મેચમાં વિનેશ ફોગાટને ગેરલાયક ઠેરવ્યા બાદ સમગ્ર દેશવાસીઓ નિરાશ થયા છે. આ દરમિયાન રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં જણાવ્યું છે કે સરકારે વિનેશ ફોગાટ પર કેટલા પૈસા ખર્ચ્યા છે. રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં જણાવ્યું કે સરકારે વિનેશ પર ૭૦ લાખ ૪૫ હજાર રૂપિયા ખર્ચ્યા છે. તેમણે કહ્યું કે વિનેશને ટ્રેનિંગ માટે વિદેશમાં પણ મોકલવામાં આવી હતી. ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. રમતગમત મંત્રીએ કહ્યું કે વિનેશ ફોગટનું વજન સવારે ૭.૧૦ અને ૭.૩૦ વાગ્યે માપ વામાં આવ્યું હતું. વિનેશનું વજન ૫૦ કિલો કરતાં ૧૦૦ ગ્રામ વધુ હોવાનું જાણવા મળ્યું હતું. વિનેશ પાસે વર્લ્ડ ક્લાસ સપોર્ટ સ્ટાફ હતો. તેને વિદેશી કોચ પણ આપવામાં આવ્યો હતો. વિનેશને ગેરલાયક ઠેરવવા પર ભારતે ઓલિમ્પિક એસોસિએશન સમક્ષ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. વિનેશ ફોગાટે ૫૦ કિગ્રા ફ્રી સ્ટાઈલ રેસલિંગની ફાઇનલમાં જગ્યા બનાવી હતી પરંતુ વધુ વજન હોવાના કારણે તેને ફાઈનલ મેચમાંથી અયોગ્ય ઠેરવવામાં આવી છે. આનાથી દેશના રમતપ્રેમીઓને ઊંડો ફટકો પડ્યો છે. આખા દેશને વિનેશ ગોલ્ડ મેડલ જીતવાની અપેક્ષા હતી. વિનેશે મોડી રાત્રે ૧૨:૪૫ વાગ્યે તેની ફાઇનલ મેચ રમવાની હતી પરંતુ હવે તેને અયોગ્ય ઠેરવવામાં આવી છે, તેથી તેને સિલ્વર મેડલ પણ નહીં મળે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને વિનેશને સાંત્વના આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે લખ્યું છે કે, વિનેશ, તું ચેમ્પિયનની પણ ચેમ્પિયન છે! તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો. પડકારોનો સામનો કરવાનો હંમેશા તમારો સ્વભાવ રહ્યો છે. મજબૂતીથી પાછા ફરો! અમે બધા તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.

પશુઓની ખરીદી અને વીમા પર લાગતો GST હટાવવા માંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ગુજરાતમાં આ વખતે લોકસભાની ચૂંટણીમાં ભાજપને માત્ર ૨૫ બેઠકો જ મળી છે. એક બનાસકાંઠાની બેઠક કોંગ્રેસના ફાળે ગઈ છે. આ બેઠક પર ભાજપ ના રેખાબેન ચૌધરીને હરાવીને કોંગ્રેસના ગેનીબેન ઠાકોર સંસદમાં પહોંચ્યાં છે. ત્યારે ગેનીબેન સંસદમાં પણ ગુજરાતીમાં બોલીને મુદ્દાઓ ઉઠાવી રહ્યાં છે. તેમણે ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ કરીને ગૌવંશ પર થતા અત્યાચાર પર પ્રતિબંધિત કાયદો લાગુ થાય તેવી રજૂઆત કરી હતી. તે ઉપરાંત તેમણે પોતાના મત વિસ્તારમાં ખેડૂતો માટે સિંચાઈના પાણીની વ્યવસ્થા કરવાની પણ માંગ કરી હતી. તેમણે સંસદમાં કરેલી રજૂઆતનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. ગેનીબેને સંસદમાં કહ્યું હતું કે,દેશના સાધુ, સંતો, મહંતો અને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજે પદયાત્રા કરી અને ગાયમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ કરી છે.

આ બેઠકો પર પેટાચૂંટણી ૩ સપ્ટેમ્બરના રોજ યોજાશે

રાજ્યસભાની ૧૨ બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત

૧૪ ઓગસ્ટથી ઉમેદવારી દાખલ કરી શકાશે : ૨૧ ઓગસ્ટ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતના ચૂંટણીપંચે રાજ્યસભાની ૧૨ ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. ૩ સપ્ટેમ્બરે આ પેટાચૂંટણી યોજાશે. ૧૪ ઓગસ્ટથી ઉમેદવારી દાખલ કરી શકાશે. ૨૧ ઓગસ્ટ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે, ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૬ અને ૨૭ ઓગસ્ટ છે. જ્યારે આ પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૨ ઓગસ્ટે થશે. રાજ્યસભાની પેટાચૂંટણી આસામ અને મહારાષ્ટ્રમાં બે-બે બેઠકો અને બિહાર, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા, તેલંગાણા અને ઓડિશામાં એક-એક બેઠક પર યોજાશે. હરિયાણા, આસામ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડિશામાં ભાજપના ઉમેદવાર જીતે તેવી શક્યતા છે કારણ કે આ રાજ્યોમાં ભાજપ સત્તામાં છે અને સંખ્યા ભાજપની તરફેણમાં છે.

આ વિનેશનું નહીં પણ દેશનું અપમાન : એએપી સાંસદ

। નવી દિલ્હી, તા.૭ ।

પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય રેસલર વિનેશ ફોગાટને ફાઈનલ મેચ રમવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવી છે. ૫૦ કિલો કેટેગરીમાં રમતી વિનેશ ફોગાટનું વજન નક્કી મર્યાદા કરતા ફક્ત ૧૦૦ ગ્રામ વધુ હોવાથી આ નિર્ણય લેવાયો છે. આ ઘટના પછી ભારતે પણ જોરદાર વિરોધ દર્શાવ્યો છે. હવે વિનેશ ફોગાટને અયોગ્ય જાહેર કરવા પર આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે મોટું નિવેદન આપ્યું છે.

ભારતીય એરલાઈન્સ કંપનીઓ ઢાકા માટે ફરી ફ્લાઈટ સર્વિસ શરૂ કરવાની તૈયારી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બાંગ્લાદેશમાં બળવો થયો છે, પરંતુ દેશમાં ઉથલપાથલ શમવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ દરમિયાન તમામ એરલાઈન્સે તેમની ફ્લાઈટ્સનું સંચાલન પણ બંધ કરી દીધું હતું, પરંતુ હવે ઘણી ભારતીય એરલાઈન્સ કંપનીઓએ મોટી જાહેરાત કરી છે અને ઢાકા માટે ફરીથી ફ્લાઈટ સર્વિસ શરૂ કરવાની તૈયારી કરી છે અને આજથી આ ફ્લાઈટ્સ ઓપરેટ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એર ઈન્ડિયાએ મંગળવારે ઢાકા માટે તેની સાંજની ફ્લાઈટનું સંચાલન કર્યું હતું, જ્યારે ઈન્ડિગો અને વિસ્તારા આજથી બુધવારથી નિર્ધારિત ફ્લાઈટ્સનું સંચાલન કરશે. પીટીઆઈના અહેવાલ મુજબ, એર ઈન્ડિયા

બાંગ્લાદેશની રાજધાનીથી લોકોને પરત લાવવા માટે વિશેષ ફ્લાઈટ ચલાવે તેવી પણ શક્યતા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે એર ઈન્ડિયાએ મંગળવારે ઢાકા માટે તેની સવારની ફ્લાઈટ રદ કરી હતી, પરંતુ તેની સાંજની ફ્લાઈટ ઓપરેટ કરી હતી. આ પછી વિસ્તારા અને ઈન્ડિગોએ પણ ૭ ઓગસ્ટથી બાંગ્લાદેશની રાજધાની માટે નિર્ધારિત સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે.પાડોશી દેશ બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન વચ્ચે સ્થિતિ અસ્થિર છે. દેશ અનિશ્ચિતતામાં ડૂબી ગયો છે અને અનામત મુદ્દે થયેલા હોબાળા બાદ વડાપ્રધાન શેખ હસીનાને પોતાનું પદ છોડી દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એર ઈન્ડિયા બુધવારે દિલ્હીથી ઢાકા સુધી તેની ૨ દૈનિક ફ્લાઈટનું સંચાલન કરશે. મંગળવારે સાંજે, એર ઈન્ડિયાએ કહ્યું કે તે તેની સાંજની ફ્લાઈટ્સ AI237/238 દિલ્હી-ઢાકા-દિલ્હી સેક્ટર પર ચલાવશે.એરલાઈને એમ પણ જણાવ્યું હતું કે ત્યાંની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે, ૪ થી ૭ ઓગસ્ટની વચ્ચે ઢાકાથી આવતી કોઈપણ ફ્લાઈટમાં કન્ફર્મ બુકિંગ ધરાવતા મુસાફરોને રિશેડ્યુલિંગમાં એક વખતની છૂટ આપવામાં આવી રહી છે.

બાંગ્લાદેશમાં ઈસ્લામિક ટોળાએ હિંદુ ગાયકનું ૧૪૦ વર્ષ જૂનુ ઘર સળગાવ્યું

। (એજન્સી) ઢાકા, તા.૭ ।

બાંગ્લાદેશમાં હસીના સરકાર વિરુદ્ધ શરૂ થયેલો વિરોધ હવે હિંદુ વિરોધી હિંસામાં ફેરવાઈ ગયો છે. વિવિધ સ્થળોએ હિન્દુ મંદિરો અને હિન્દુ ઘરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ ક્રમમાં ગઈ કાલે ઈસ્લામિક કટ્ટરપંથીઓનું ટોળું પ્રખ્યાત બાંગ્લાદેશી ગાયક રાહુલ આનંદના ઘરમાં ઘૂસી ગયું હતું. અહીં તેઓએ પહેલા ઘરમાં લૂંટ ચલાવી અને પછી આગ લગાવી દીધી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટોળું ઘરમાં ઘૂસ્યું તે પહેલા રાહુલ તેની પત્ની અને પુત્ર ઘરમાં હાજર નહોતા, પરંતુ તેની સાથે બનેલી ઘટનાને કારણે તેની માનસીક સ્થિતી ખરાબ થઇ ગઇ છે. સોશિયલ મીડિયા અનુસાર, રાહુલ આનંદે જીવનભર ધર્મનિરપેક્ષ રહેવાનો માર્ગ અપનાવ્યો હતો. પોતાના દેશના મુસ્લિમોને પ્રેમ કરતા હતા. પણ બદલામાં તેમને શું મળ્યું? રાહુલ આનંદનું ઘર ધાનમંડી ૩૨માં આવેલું હતું. ઈસ્લામિક ટોળાએ તેમના ૧૪૦ વર્ષ જૂના આવાસને લૂંટી લીધા બાદ સળગાવી દીધું હતું. આ લૂંટફાટ અને આગચંપીમાં, તેના ૩૦૦૦ સંગીતનાં સાધનો પણ નાશ પામ્યા હતા, જેમાંથી ઘણા તેણે પોતાના હાથે બનાવ્યા હતા.

બાંગ્લાદેશમાં કત્લેઆમ, શેખ હસીનાના પક્ષના નેતાઓ-હિંદુ સહિતના લઘુમતીઓની હત્યા

। (એજન્સી) ઢાકા, તા.૭ ।

શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપીને દેશ છોડીને ભાગી ગયા બાદ, બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. પોલીસ ના તો પોલીસ સ્ટેશનોમાં દેખાઈ રહી છે કે ના તો ટ્રાફિક મેનેજમેન્ટ કરવામાં. સમગ્ર બાંગ્લાદેશમાં પોલીસ સ્ટેશનો અને પોલીસ કેન્દ્રો પર હુમલા થયા છે. બધે ટોળે જ ટોળા દેખાય છે. ડઝનેક પોલીસકર્મીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. જેના કારણે દેશમાં અરાજકતાભરી સ્થિતિ સર્જાઈ છે. બધે ટોળાશાહી જ જોવા મળી રહ્યું છે. હિંસા પર ઉતરી આવેલ ટોળા બાંગ્લાદેશની લઘુમતી એવા હિન્દુઓને પણ વ્યાપક નિશાન બનાવી રહ્યા છે. ટોળા દ્વારા માત્ર પોલીસ જ નહીં પરંતુ અવામી લીગના નેતાઓ અને ઓફિસોને પણ નિશાન બનાવવામાં આવી છે. તો બીજીબાજુ હિન્દુ સહીતની લઘુમતી અને ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવ્યા છે. ફેનીમાં પૂર્વ સાંસદ નિઝામ ઉદ્દીન હજારી અને અલાઉદ્દીન અહેમદ ચૌધરી નસીમના ઘરમાં આગ લગાવી દઈને લૂંટફાટ મચાવી હતી. મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધી અવામી લીગના નેતાઓ અને તેમના પરિવારના સભ્યોના ૨૯ મૃતદેહ મળી આવ્યા છે.

અમેરિકામાં પણ 'એક પેડ મા કે નામ' અભિયાનને મળ્યું સમર્થન

સ્વાતંત્ર્યસેનાની સ્વ. શ્રી ગોકળદાસ પટેલના પુત્ર શ્રી અશોકભાઈ 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાયા

અશોકભાઈએ તેમના માતા અને સ્વાતંત્ર્યસેનાની લલિતાબહેન ગો. પટેલની યાદમાં છોડ વાવ્યો

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રિય વૃક્ષ વડની સંખ્યા વધારવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યવ્યાપી અભિયાન 'એક પેડ મા કે નામ' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનને રાજ્ય અને દેશના સીમાડાઓને પેલે પાર વિદેશથી પણ સમર્થન મળી રહ્યું છે. મૂળ અમદાવાદના અને હાલમાં અમેરિકાના ડલાસ ખાતે સ્થાયી એવા સ્વાતંત્ર્યસેનાની દંપતી સ્વ. શ્રી ગોકળદાસ પટેલ અને સ્વ. શ્રી લલિતાબહેન પટેલના સંતાન શ્રી અશોકભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીના પ્રકૃતિ પોષક અભિયાનને ડલાસથી સમર્થન આપ્યું છે. તેમણે ડલાસ સ્થિત તેમના નિવાસસ્થાને તેમના માતાની યાદમાં છોડ રોપી અમેરિકામાં વસતા તમામ ભારતીયો અને ગુજરાતીઓ આ અભિયાનમાં જોડવાનો સંકલ્પ લીધો છે. શ્રી અશોકભાઈ જણાવે છે કે, ભારતીય માટીની સુગંધ પ્રસરાવતા આવા અભિયાનોથી વિદેશની ધરતી પર

ભારતીયો અને ગુજરાતીઓનું ગૌરવ વધે છે. જેથી અમેરિકામાં વસતા NRI અને NRG નાગરિકોને પણ તેમના માતાના સન્માનમાં આ અભિયાનમાં જોડવાનો અમારો સંકલ્પ છે. મુખ્યમંત્રીશ્રીનો આ પ્રકૃતિપોષક અભિગમ ખરેખર સ્તુત્ય છે. જેનાથી અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ગ્રીન કવર વધશે અને સરવાળે નાગરિકોનું જીવનધોરણ સુધરશે, એમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી આઝાદીના આંદોલનમાં જોડાયેલા ગુજરાતીઓ પૈકી દંપતી શ્રી ગોકળદાસભાઈ અને લલિતાબહેન પ્રથમ પંક્તિમાં સામેલ હતા. શિક્ષણ અને સમાજ સુધારા માટે પણ તેમનું યોગદાન અનન્ય છે. જેને પગલે તેમના સુપુત્ર અશોકભાઈ અને સમગ્ર પરિવારને રાષ્ટ્રભાવના વરસામાં મળી છે, તેમ કહેવું જરા પણ અતિશયોક્તિ નહીં ગણાય. આમ, વિદેશમાં વસતા ગુજરાતીઓ અને ભારતીયો થકી 'એક પેડ મા કે નામ' અભિયાન વસુધેવ કુટુંબકમની તર્જ પર દુનિયાભરમાં વિસ્તરી રહ્યું છે અને દુનિયાભરના નાગરિકોને પ્રેરણા આપી રહ્યું છે.

સુરતમાં ભ્રષ્ટ તંત્રની પોલ ખુલી

રસ્તાઓમાં ખાડાનું સામ્રાજ્ય, ટેક્ષ ભરતી જનતાને ક્યારે મળશે સારી સુવિધા?

થોડા વરસાદમાં કહેવાતા સ્માર્ટ સિટીઓની પોલ તુરંત ખુલી જાય છે જેવો વરસાદ પડે એટલે શહેરના રસ્તાઓ મંગળ ગ્રહ જેવા થઈ જાય છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

ગુજરાતમાં ચોમાસું આવે તેની સાથે જ ભ્રષ્ટ તંત્રની પોલ ખુલી જાય છે, કારણ કે ટેબલ નીચેથી થયેલા વ્યવહારોથી નબળું કામ વરસાદમાં બહાર આવી જાય છે. ડાયમંડ નગરી સુરતમાં બનેલા ડામરના રોડ વરસાદમાં ધોવાઈ ગયા છે. અને એવા ધોવાયા છે કે રોડ પર જ્યાં જુઓ ત્યાં ખાડા જ ખાડા જોવા મળી રહ્યા છે, આ ખાડાઓનું સમારકામ કરવામાં આવ્યું પરંતુ તેમાં પણ એવો ભ્રષ્ટાચાર કર્યો કે બે-ચાર દિવસમાં ફરી એ ખાડા ખુલ્લા થઈ ગયા છે અને વાહન ચાલકોની કમરો તુટી રહી છેઆ છે. ગુજરાતના સૌથી વિકસિત કહેવાતા સુરતના શહેરના રોડ.આ રોડ હજુ તો થોડા સમય પહેલા જ રિપેર થયા હતા.અહીં થોડા દિવસો પહેલા એટલા ખાડા હતા કે તેમાંથી વાહનો પસાર કરવા એટલે જાણે ખીણ અને પર્વત પરથી સવારી કરવી. રોડના એક પછી એક અહેવાલો આવ્યા તો સુરત કોર્પોરેશનના અધિકારીઓ અને સત્તાધીશો જાગ્યા. અધિકારીઓએ ખાડામાં કપચી અને ડામર નાંખીને ખાડા ભરી દીધા.પરંતુ જે મટિરિયલ નાંખવામાં આવ્યું હતું તે એટલી હલકી કક્ષાનું હતું કે રિપેરિંગ કર્યાના થોડા જ ટાઈમમાં ફરી રોડ જેવો પહેલા હતો તેવો જ થઈ ગયો. અધિકારીઓએ પહેલા ખાડા પુરવા માટે શહેરના ૪૪૬ જેટલા સ્પોટ પસંદ કર્યા હતા.આ તમામ સ્થળોના ખાડા ભરવા માટે ભ્રષ્ટ અધિકારીઓએ ૪ હજાર ૨૫૬ ટન કપચી અને ડામરનો ઉપયોગકર્યો.તમામખાડાઓનેપુરીદીધા. પરંતુ જે મટિરિયલ હતું તે તમામ હલકી ગુણવત્તાનું હતું અને તેના જ કારણે ફરી રોડ પર જ્યાં નજર કરીએ ત્યાં ખાડા પડી ગયા છે. હવે આ સીધે સીધો ભ્રષ્ટાચાર નથી તો બીજુ શું છે? આ રોડ પર તો ડબલ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો.પહેલા રોડ બનાવવામાં અને પછી રોડના રિપેરિંગમાં પોતાના ખિસ્સા ભર્યા. હલકી ગુણવત્તાના આ રોડનો વિપક્ષે અલગ રીતે વિરોધ કર્યો.સુરત કોર્પોરેશનના વિપક્ષમાં રહેલી આમ આદમી પાર્ટીએ ખાડાઓનો જન્મદિવસ ઉજવ્યો.જ્યાં ખાડા પડ્યા છે ત્યાં આમ આદમી પાર્ટીના નેતાઓએ કેક કાપીને વિરોધ કર્યો.

વેપારીઓના હજારો કરોડના પેમેન્ટ અટવાયા

બાંગ્લાદેશમાં સર્જાયેલી કટોકટીની સુરતના કાપડ ઉદ્યોગ પર સીધી અસર

એક અંદાજ મુજબ વેપારીઓના અંદાજિત રૂપિયા ૮૦૦થી ૧ હજાર કરોડ ફસાયા છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

બાંગ્લાદેશમાં સર્જાયેલી અરાજકતા અને કટોકટીની સીધી અસર ભારતીય બજારો પર દેખાઈ રહી છે. તોફાનોના કારણે ભારતના સુરતના કાપડના વેપારીઓને મોટો ફટકો પડ્યો છે. ટેક્સ્ટાઈલ અને કેમિકલ ઉદ્યોગના વેપારીઓના હજારો કરોડના પેમેન્ટ અટવાયા છે.બાંગ્લાદેશમાં વ્યાપક પ્રમાણમાં કાપડ ઉદ્યોગને કારણે તેની અસર ભારતના બજારોમાં પણ જોવા મળી રહી છે. તોફાનોના કારણે સુરતના બજારો પર સીધી અસર જોવા મળી રહી છે. સુરતના ટેક્સટાઈલ અને કેમિકલ ઉદ્યોગના વેપારીઓએ બાંગ્લાદેશમાં કરેલા નિકાસના પેમેન્ટ અટવાયા છે. એક અંદાજ મુજબ વેપારીઓના અંદાજિત રૂપિયા ૮૦૦થી ૧ હજાર કરોડ ફસાયા છે. અને સ્થિતીને લીધે કાપડ વેપારીઓની બાંગ્લાદેશમાં થતી નિકાસ પણ અટવાઈ છે. એક રીતે વેપારીઓ હવે બરાબરના મુશ્કેલીમાં મૂકાયા છે. તમામ લોકો તોફાનો ક્યારે શાંત થશે તેની રાહ જોઈ રહ્યા છે.બાંગ્લાદેશ વિશ્વનો ત્રીજા નંબરનો કાપડનો ઉત્પાદક દેશ છે. વિશ્વમાં ત્રીજા નંબરે સૌથી વધુ કાપડ ઉત્પાદન ત્યાં થાય છે. સુરતથી રેડમેડ, પ્રીન્ટેડ અને આર એફ ડી કપડાઓ બાંગ્લાદેશ જાય છે. ખાસ કરીને હાલ દિવાળીનો તહેવાર આવતો હોવાથી ત્યાં દુર્ગાપૂજાનો તહેવાર પણ મનાવવામાં આવે છે. એ ઓર્ડર્સ પણ સુરતના વેપારીઓને મળ્યા છે. જેમાથી કેટલાકનું શિપમેન્ટ થયુ છે અને કેટલાક બાકી હતા.

મહેસાણા શહેરના જાહેર માર્ગો પર રખડતાં ઢોરોના અડિંગાથી લોકો પરેશાન

। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

મહેસાણા શહેરના જાહેર માર્ગો પર રખડતાં ઢોરોના અડિંગાથી લોકો પરેશાન થઈ રહ્યાં હોઈ નગરપાલિકા દ્વારા રખડતાં ઢોર પકડવાની કામગીરી પાછળ છેલ્લા ચાર મહિનામાં રૂ.૨૫ લાખ જેટલો ખર્ચ કર્યા બાદ પણ શહેરના માર્ગો પર રખડતાં ઢોરનો ત્રાસ યથાવત્ રહેતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે અને પાલિકા દ્વારા આ મામલે નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. મહેસાણા શહેરના તમામ જાહેર માર્ગો અને વિસ્તારોમાં રખડતાં ઢોરનો ત્રાસ દિવસે દિવસે વધુ વકરતો જાય છે. નગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતાં ઢોર પકડવા માટે એજન્સી રોકીને એક ઢોર પકડવાના અને પાંજરાપોળમાં મૂકી આવવાના રૂ.૨૪૦૦ તેમજ પકડેલાં ઢોર પાંજરાપોળમાં આપતી વખતે નિભાવખર્ચ પેટે રૂ.૩૦૦૦ જેટલી રકમ ખર્ચ કરવામાં આવે છે. એજન્સી મારફત નગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતાં ઢોર પકડવાની કામગીરી થઈ રહી છે. જે અંતર્ગત છેલ્લી ત્રણેક રાતમાં પાલિકાએ કસ્બા શાલીમાર, ગાંધીનગર લિંક રોડ, વિસનગર રોડ, સોમનાથ રોડ, નાગલપુર હાઈવે, મોઢેરા રોડ, ચવેલીનગર, રાધનપુર રોડ જીઈબી રોડ સહિત વિસ્તારોમાંથી વધુ ૨૮ ગાયો અને ૪ આખલા મળીને ૩૨ ઢોર પકડ્યાં છે. જે સાથે એપ્રિલ-૨૪થી અત્યાર સુધી શહેરમાંથી ૪૫૦થી વધુ રખડતાં ઢોર પકડવામાં આવ્યાં છે અને પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યો છે. જે કામગીરી પાછળ નગરપાલિકાએ રૂ.૨૫ લાખથી વધુ રકમનો ખર્ચ પણ કર્યો છે. જો કે, પાલિકાએ રખડતાં ઢોર પકડવા માટે કરેલો ખર્ચ પાણીમાં ગયો હોય તેમ શહેરના તમામ મુખ્ય જાહેર માર્ગો ઉપર તેમજ વિવિધ વિસ્તારોમાં રખડતાં ઢોરનો અડિંગો યથાવત જોવા મળી રહ્યો છે. રખડતાં ઢોરના કારણે રસ્તાઓ પર ટ્રાફિકજામ અને કેટલાય અકસ્માતો થઈ રહ્યા છે, અનેક લોકોને ઈજાઓ પણ પહોંચી છે. પાલિકા દ્વારા મોટાભાગે રાત્રે જ ઢોર પકડવાની કામગીરી થતી હોય તેવું જોવા મળે છે અને દિવસે શહેરના તમામ રસ્તાઓ પર ઢોરના અડિંગાથી લોકો પરેશાન થતા હોય છે ત્યારે પાલિકા દ્વારા દિવસે ઢોર પકડવાની કામગીરી કરવા ઉપરાંત જાહેર માર્ગો ઉપર કોઈ પશુઓ રખડતાં ન મુકે તે માટે નગરપાલિકા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. રાધનપુર રોડ પર પાલિકાની હદ બહાર ઓજી વિસ્તારમાં પણ રખડતાં ઢોરનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે હોઈ લોકો પરેશાન થઈ રહ્યાં છે ત્યારે સંબંધિત ગ્રામ પંચાયતો દ્વારા પણ આ રખડતાં ઢોર પકડવા સહિત આ મામલે નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી સ્થાનિકો કરી રહ્યા છે. શહેરોમાં રખડતાં પશુઓ પર નિયંત્રણ માટે હાઈકોર્ટની ફિટકાર બાદ ગત વર્ષે રાજ્ય સરકારે પશુઓની નોંધણી અને લાયસન્સ માટેની માગદર્શિકા જાહેર કરી હતી. મહેસાણા પાલિકાએ આ ગાઈડલાઈન મુજબ શહેરના પશુપાલકોનાં પશુઓની નોંધણી માટે ગાઈડલાઈન મુજબની શરતો સાથેનું ફોર્મ તૈયાર કરીને સેનેટરી શાખા મારફત શહેરના પશુપાલકોનાં પશુઓની નોંધણી કરવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

ન્યૂઝ બ્રિફ

સુરતની મોટી હીરાની પેઢીએ ૧૦ દિવસની રજા જાહેર કરી

। (એજન્સી) સુરત, તા.૭ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે ઓગસ્ટમાં સુરત ડાયમંડ બોર્સ (SDB), વિશ્વની સૌથી મોટી ઓફિસ સ્પેસ લોન્ચ કરી હતી. આ પછી સુરત હીરાઉદ્યોગ નવી ઉંચાઈએ પહોંચે તેવી અપેક્ષા હતી, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિમાં તણાવના કારણે હીરા બજારને મોટું નુકસાન થયું છે. અમેરિકામાં નિકાસ ૭૫ ટકા ઘટી છે. ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોના જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણ મહિનામાં સ્થિતિ વધુ ખરાબ થઈ છે. જેના કારણે સુરતમાંથી હીરાની નિકાસમાં ૮૨ ટકાનો ઘટાડો થયો છે.સુરતની હીરાની નિકાસમાં ઘટાડાની અસર હવે ઉદ્યોગો પર દેખાઈ રહી છે. સુરતના હીરા ઉદ્યોગના ઈતિહાસમાં પ્રથમ વખત રજા જાહેર કરવામાં આવી છે. સુરતની મોટી હીરા પેઢી કિરણ જેમ્સે સાવન મહિનામાં ૧૦ દિવસની રજા જાહેર કરી છે. કિરણ ફર્મની જાહેરાતને હીરા ઉદ્યોગમાં મોટી ઉથલપાથલ અને મંદી સાથે જોડવામાં આવી રહી છે. કિરણ જેમ્સે ૧૦મી ઓગસ્ટથી ૨૭મી ઓગસ્ટ સુધી રજા જાહેર કરી છે. ડાયમંડ વર્કર્સ યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે સરકાર પાસે રત્નકલાકારો માટે આર્થિક પેકેજ અને રત્નદીપ યોજના લાગુ કરવા માંગ કરી છે. મંદીનો સામનો કરવા માટે જ્વેલર્સ માટે આ એકમાત્ર વિકલ્પ છે. કંપની દ્વારા રજા જાહેર કરવાને કારણે ૫૦ હજાર કર્મચારીઓ રજા પર રહેશે. કિરણ જેમ્સની ગણતરી વિશ્વની સૌથી મોટી નેચરલ ડાયમંડ કંપનીઓમાં થાય છે.

અંધશ્રધ્ધા અને કાળા જાદુ સામે રાજ્ય સરકાર વિશેષ કાયદો લાવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

કાળા જાદુ, અઘોરી અને અમાનવીય પ્રવૃતિઓ સામે રાજ્ય સરકાર આગામી વિધાનસભા સત્રમાં વિશેષ કાયદો લાવવા જઈ રહી છે. આ અંગે સરકાર દ્વારા હાઈકોર્ટમાં જાણકારી આપવામાં આવી છે. હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી આવી પ્રવૃતિઓ અટકાવવા ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યુ છે તે અંગે ખૂલાસો માગ્યો હતો. રાજ્યમાં અંધશ્રદ્ધા સબંધિત ઘટનાઓ અવારનવાર સામે આવતી રહે છે જેને લઈને અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેરાતની અરજી કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી આ તમામ પ્રક્રિયાઓ અટકાવા કયા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે અંગે ખુલાસો માંગ્યો હતો. જ્યારે અરજદારની રજૂઆત હતી કે દેશના કેટલાક રાજ્યોમાં આ પ્રકારની ઘટનાઓ માટે કાયદો છે, પરંતુ ગુજરાતમાં આ પ્રકારે કોઈ પણ કાયદો લાગુ પડતો નથી જે સંદર્ભે પણ ખુલાસો કરવા કહ્યું હતું. રાજ્ય સરકારે આ મામલે હાઈકોર્ટમાં જવાબ આપી કહ્યું છે કે આગામી સત્ર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિશેષ ખરડો પસાર કરવામાં આવશે અને અંધશ્રદ્ધા સહિતની બાબતોમાં કડકાઈથી પાલન થાય તેવા પ્રયાસો પણ કરવામાં આવશે.

મેલીવિદ્યાની વિધિ કરવાના નામે લોકોને લૂંટતા શખ્સની નારણપુરા પોલીસે ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

કિન્નરનો વેશ ધારણ કરીને વિધિ કરવાના બહાને રૂપીયા અને સોનાના દાગીનાની કરતો ચોરી, એકલી રહેતી મહિલાના ઘરમાં ચા પીવાના બહાને પ્રવેશ કરી ઘરમાં મેલીવિદ્યા હોવાનું કહી વિધિના બહાને પૈસા અને દાગીના લઈ લેતો. કિન્નરનો વેશ ધારણ કરીને વિધિ કરવાના બહાને રૂપીયા અને સોનાના દાગીનાની ચોરી કરતા શખ્સની અમદાવાદમાં નારણપુરા પોલીસે ધરપકડ કરી છે. આરોપી કોઈ પણ વિસ્તારમાં જતો અને જ્યાં પણ કોઈ મહીલા કે વૃદ્ધા એકલા ઘરમાં હોય તે ઘરમાં ચા પીવાના બહાને પ્રવેશ કરતો અને ત્યાર બાદ તેમના ઘરમાં મેલીવિદ્યા હોવાનું કહીને તેની વિધિ કરવાના બહાને ચોરી કરીને પલાયન થઈ જતો હતો. આરોપી મૂળ રાજકોટના પડધરીના તરઘડી ગામનો રહેવાસી છે.જે કિન્નરનો વેશ ધારણ કરતો હતો અને એવા મકાનો ટાર્ગેટ કરતો કે જ્યાં મહીલા એકલી હોય અને એકલતાનો લાભ લઈને મહિલાઓને વિશ્વાસમાં લઈ ચા પીવાના બહાને ઘરમાં પ્રવેશ કરતો હતો. બાદમાં ઘરમાં મેલીવિદ્યા હોવાનું કહીને વિધિ કરવાના બહાને સોનાની વસ્તુ તેમજ રોકડ રકમ લઈને ફરાર થઈ જતો હતો. આરોપી ગત ૧૫મી માર્ચના દિવસે નારણપુરામાં આવેલ સુંદરનગર એપાર્ટમેન્ટમાં ગયો હતો. જ્યાં એક મહીલાના ઘરે જતા મહીલાએ તેને ૫૦ રૂપીયા આપ્યા હતાં, પરંતુ તેણે ચા પીવાની ઈચ્છા દર્શાવતા મહીલાએ તેને ઘરમાં બેસાડ્યો હતો. બાદમાં આ ઘરમાં કોઈએ મેલીવિદ્યા કરી છે તેમ કહીને ધૂણવા લાગ્યો હતો. જો કે મહીલાએ મેલીવિદ્યાના નિકાલ બાબતે પૂછતા આ શખ્સે ઘરમાં વિધિ કરવાનું કહીને સોનાની ચેઈન અને રોકડા રૂપિયા લીધા હતા. આ બંને વસ્તુ એક કાપડમાં મૂકાવીને તેણે એક ગ્લાસમાં પાણી ભરીને તેમાં કંકુ નાખીને પી ગયો હતો. બાદમાં ચાર રસ્તે વિધિ કરીને ચેઈન અને રોકડ આપવાનું કહીને મહીલાને પાર્કિંગમાં ઉભી રાખીને તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસએ સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરીને આરોપીની ધરપકડ કરી છે. આરોપી પોલીસથી બચવા માટે સતત નાસતો ફરતો હતો અને વારંવાર મોબાઈલ નંબર પણ બદલી નાંખતો હતો. એટલું જ નહીં તે માત્ર તેના પરિવારનો જ સંપર્ક રાખતો હતો. પોલીસે આરોપીની પૂછપરછ કરતા તે અગાઉ સાબરમતી, લિંબાયત, મહારાષ્ટ્રના આંબાઝરીમાં પણ આ રીતે ઠગાઈના ગુનામાં પકડાઈ ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે.

વિશેષ

૮ ઓગસ્ટથી ૧૩ ઓગસ્ટ દરમિયાન સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન અને 'તિરંગા યાત્રા' યોજાશે

'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી અન્વયે જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું

। (માહિતી) અમદાવાદ ।

રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૮થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી કરાશે ત્યારે અમદાવાદ શહેર અને જિલ્લામાં પણ 'હર ઘર તિરંગા' અભિયાનની ભવ્ય ઉજવણી થાય, તે સંદર્ભે જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

આ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેર તથા જિલ્લામાં આગામી તા. ૮થી ૧૩ ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ વિશાળ તિરંગા યાત્રા યોજાશે. આ તિરંગા યાત્રા અંતર્ગત જિલ્લા કક્ષાએ મેગા પરેડ યોજાશે, જેમાં શાળાનાં બાળકો, લોકનૃત્યના કલાકારો, પોલીસ બેન્ડ, સામાજિક સંસ્થાઓ આ પરેડમાં જોડાશે.

વધુમાં જિલ્લાની તમામ શાળાઓ, ઔધોગિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, આઈકોનિક સ્થળો, ટુરિસ્ટ સ્થળો પર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવશે અને સરકારી કચેરીઓને રોશનીથી શણગારવામાં આવશે.

આ ઉજવણી અંતર્ગત જિલ્લાની તમામ શાળાઓમાં નિબંધ, ચિત્ર, રંગોળી અને દેશભક્તિનાં ગીતોની સ્પર્ધા યોજવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ લોકજાગૃતિના કાર્યક્રમો અને નાટકો પણ યોજાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, નિવાસી અધિક કલેકટર શ્રી સુધીર પટેલ તથા જિલ્લા અને તાલુકાના વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તરપ્રદેશના સીએમ યોગીનું મોટું નિવેદન

પાડોશી દેશોમાં હિંદુઓને શોધી શોધીને મારવામાં આવી રહ્યા છે

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે હિંદુ મંદિરો પર હુમલા થઈ રહ્યા છે : આપણે ઈતિહાસમાંથી સીખ લેવી જ પડશે

। (એજન્સી) લખનૌ, તા.૭ ।

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર ઉથલાવી દેવામાં આવી છે. દેશમાં હજુ પણ હિંસા પ્રવર્તી રહી છે અને ઘણી જગ્યાએ હિંદુ મંદિરો પર હુમલા પણ થયા છે. છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયા પર તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. હવે આ વાયરલ વીડિયો પ્રકાશમાં આવ્યા બાદ રાજકીય બયાનબાજી તેજ થઈ ગઈ છે. આ મુદ્દે સીએમ યોગી આદિત્યનાથે પણ મોટું નિવેદન આપ્યું છે. અયોધ્યા મુલાકાત પર પોતાના નિવેદનમાં સીએમ યોગીએ બાંગ્લાદેશનું નામ લીધા વિના કહ્યું કે, 'હિંદુઓને શોધીને માર મારવામાં આવી રહ્યો છે. આપણે ઈતિહાસમાંથી સીખ લેવી પડશે. આપણે દૃઢ નિશ્ચય સાથે કામ કરવું પડશે. આજે અયોધ્યાવાસીઓને દેશભરમાં સન્માન મળી રહ્યું છે. માન-સન્માન મેળવવા માટે આદર સુરક્ષિત રાખવો પડે છે. સનાતન ધર્મ પર આવનાર સંકટ સામે સાથે મળીને કામ કરવાની જરૂર છે. મિલ્કીપુર વિધાનસભા પેટાચૂંટણીને લઈને મુખ્યમંત્રીએ નામ લીધા વગર આ નિવેદન આપ્યું છે. હકીકતમાં, છેલ્લા બે દિવસ દરમિયાન હિન્દુઓના મંદિરો અને ઘરોને સળગાવવાના અને તોડફોડના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આ સમય દરમિયાન યુઝર્સ આને સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે અને તમામ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. આ ઘટનાક્રમ વચ્ચે સીએમ યોગીએ પહેલીવાર આ મુદ્દે પ્રતિક્રિયા આપી છે. નોંધનીય છે કે બાંગ્લાદેશમાં હિંસક દેખાવો વચ્ચે ભારતે

તેના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. બાંગ્લાદેશની તાજેતરની સ્થિતિને ધ્યાનમાં રાખીને વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને આગામી આદેશ સુધી બાંગ્લાદેશની યાત્રા ન કરવા માટે કડક સૂચના આપી છે. ભારતના વિદેશ મંત્રાલય (MEA) એ બાંગ્લાદેશમાં હાજર તેના નાગરિકો માટે હેલ્પલાઈન નંબર પણ જારી કર્યો છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''વર્તમાન ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિકોને કડક સલાહ આપવામાં આવે છે કે તેઓ આગામી આદેશ સુધી બાંગ્લાદેશની મુસાફરી ન કરે. ''હાલમાં બાંગ્લાદેશમાં રહેલા તમામ ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ અત્યંત સાવધાની રાખે, તેમની હિલચાલ મર્યાદિત કરે અને ઢાકામાં ભારતીય હાઈ કમિશન સાથે ઈમરજન્સી ફોન નંબર દ્વારા સંપર્કમાં રહે.''

બાબા રામદેવે કહ્યું..

જો આપણે બાંગ્લાદેશ બનાવી શકીએ છીએ તો હિંદુઓની સુરક્ષા માટે હસ્તક્ષેપ પણ કરી શકીએ

યોગ ગુરૂ બાબા રામદેવે મંગળવારે બાંગ્લાદેશમાં હિંદુઓના મંદિરો, ઘરો અને વેપારી સંસ્થાઓ પર લક્ષિત હુમલાની પણ નિંદા કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

યોગ ગુરુ બાબા રામદેવે મંગળવારે બાંગ્લાદેશમાં હિંદુઓના મંદિરો, ઘરો અને વેપારી સંસ્થાઓ પર લક્ષિત હુમલાની નિંદા કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને પડોશી દેશમાં હિન્દુ લઘુમતીઓના રક્ષણ માટે રાજકીય અને રાજદ્વારી રીતે દરેક શક્ય પ્રયાસો કરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે કેટલાક લોકો ભારતમાં પણ અસ્થિરતા પેદા કરવાના ઈરાદાથી સોશિયલ મીડિયા પર બાંગ્લાદેશની ઘટનાને વખાણી રહ્યા છે, તેમની સામે કડક પગલાં લેવાની જરૂર છે.બાબા રામદેવે કહ્યું, 'બાંગ્લાદેશમાં આપણા હિંદુ ભાઈ-બહેનો પર કોઈ ક્રૂરતા, જુલમ, અતિરેક કે અન્યાય ન થાય તે માટે સમગ્ર દેશે એકજુટ રહેવું પડશે. વિશ્વમાં જે રીતે ઈસ્લામિક કટ્ટરવાદ વધી રહ્યો છે અને હવે તેણે ભારતના પડોશમાં પણ દસ્તક આપી છે તે આપણા દેશ માટે ખૂબ જ ખતરનાક બની શકે છે. મને ડર છે કે હિંદુ દીકરીઓના સન્માનનો મુદ્દો પ્રશ્નમાં આવી શકે છે. ઈસ્લામિક કટ્ટરપંથીઓ બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે જે કરી રહ્યા છે તે ખોટું છે. આપણે ભારતમાં એક થવું પડશે અને વિશ્વને હિન્દુઓની તાકાત બતાવવી પડશે.રામદેવે કહ્યું, 'બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક હિંસા ચરમ પર છે. જમાત-એ-ઈસ્લામી અને તમામ કટ્ટરવાદી દળો તેમની ક્રૂરતા બતાવી રહ્યા છે. આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થવું જોઈએ. તે સહન કરવામાં આવશે નહીં. જો આપણે બાંગ્લાદેશ બનાવી શકીએ તો આપણા હિંદુ ભાઈઓની રક્ષા માટે ત્યાં પણ હસ્તક્ષેપ કરી શકીએ. તેમને (ઈસ્લામિક કટ્ટરપંથીઓ) બચાવવા માટે કેટલાક રાજકીય

લોકો, સામાજિક અને ધાર્મિક આતંકવાદીઓ છે, જેઓ ઈચ્છે છે કે બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિ ભારતમાં બને. આવા લોકોને પણ અટકાવવા પડશે.ઈજીજીના વરિષ્ઠ નેતા ભૈયાજી જોશીએ પણ બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓને નિશાન બનાવવા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, 'ભારત સરકારે બાંગ્લાદેશ મુદ્દે યોગ્ય પગલાં લેવા જોઈએ. અમે સરકારને વિનંતી કરી રહ્યા છીએ કે ત્યાંના હિંદુઓ સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરે. અમને વિશ્વાસ છે કે સરકાર યોગ્ય પગલાં લેશે. બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતનના એક દિવસ બાદ બાબા રામદેવ અને ભૈયાજી જોશીનું નિવેદન આવ્યું છે. તમને જણાવી દઈએ કે શેખ હસીનાએ ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બાંગ્લાદેશના વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યા બાદ દેશ છોડી દીધો હતો અને હાલમાં તેઓ ભારતમાં છે.

ન્યૂઝ બ્રિફ

નેપાળમાં હેલિકોપ્ટર ક્રેશમાં ૪ ચીની સહિત ૫ નાગરિક ના મોત

। (એજન્સી) કાઠમંડુ, તા.૭ ।

નેપાળના નુવાકોટમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં ચાર ચીનના યાત્રી સહિત પાંચના મોત થયા છે. અગાઉ પણ ૨૪ જુલાઈએ પ્લેન ક્રેશમાં ૧૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે નેપાળમાં વધુ એક મોટી દુર્ઘટના બની છે. નેપાલના નુવાકોટમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે. મળતી માહિતી પ્રમાણે, રસુવા જવા નીકળેલા આ હેલિકોપ્ટરમાં પાંચ યાત્રીઓ બેઠા હતા. જેમાં ચાર ચીની નાગરિકો પણ જોડે હતા. આ ઘટના ૨૪ જુલાઈના રોજ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક પ્લેન ક્રેશની ઘટની પછી બની હતી. જેમાં ૧૮ લોકોના મોત થયા હતા. નેપાળમાં વિમાનની દુર્ઘટના સામે નબળા સંચાલનના તારણો સામે જોવા મળે છે. બીજી તરફ, હેલિકોપ્ટર દુર્ઘટના બાદ રાહત અને બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે, નેપાળના નુવાકોટના શિવપુરી વિસ્તારમાં આ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ઘટનામાં એયર ડાયનેસ્ટી હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું. કાઠમાંડુથી નીકળીને સયાફુબેન્સીના રસ્તેથી પસાર થતી વખતે હેલિકોપ્ટર દુર્ઘટના ઘટી હતી.

ગાઝિયાબાદમાં ટ્રક અને ટેન્કરની ટક્કરમાં ટ્રક ડ્રાઈવરનું મોત

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૭ ।

ગાઝિયાબાદમાં આજે એક માર્ગ અકસ્માત દરમિયાન અજીબ ઘટનાક્રમ જોવા મળ્યો હતો. આ અકસ્માતમાં ટ્રક અને ટેકરની ટક્કરમાં ટ્રક ડ્રાઈવરનું મોત થઈ ગયુ હતું અને કંડક્ટર ગંભીર રીતે ઘાયલ થયો હતો. પરંતુ માનવતા મરી પરવારી હોય તેમ લોકો ઘાયલને બચાવવાના બદલે ટેકરમાંથી ઢોળાઈ રહેલું દૂધ લૂંટવા લાગી ગયા. જોકે, સૂચના મળ્યા બાદ થોડી જ વારમાં પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને ટ્રક ડ્રાઈવરનો મૃતદેહ કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો. બીજી તરફ કંડક્ટરને પણ બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના બુધવારે સવારે બની હતી. આ ઘટના અંગે પોલીસે જણાવ્યું કે, દૂધથી ભરેલું ટેકર મેરઠ એક્સપ્રેસને અડીને આવેલા NH 9 પર ચાલક દિલ્હીથી મેરઠ તરફ મધ્યમ ગતિએ જઈ રહ્યું હતું. જેવું ટેકર એઈબીએસ કટ પાસે પહોંચતા જ પાછળથી આવી રહેલા એક પુરપાટ ઝડપે આવતા ટ્રકે તેને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટ્રકનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.

હરિયાણાના સીએમએ ઘણી જાહેરાતો કરી

૪૬ લાખ પરિવારોને મળશે ૫૦૦ રૂપિયે ગેસ સિલેન્ડર

મુખ્યમંત્રી નાયબ સૈનીએ હરિયાણાના જીંદના નવા અનાજ બજારમાં રાજ્ય સ્તરીય તીજ ઉત્સવમાં ભાગ લીધો હતો

। (એજન્સી) હરિયાણા, તા.૭ ।

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા સીએમ નાયબ સૈનીએ મોટી જાહેરાત કરી છે. રાજ્યના જીંદમાં તીજના તહેવાર નિમિત્તે હરિયાણાની નાયબ સૈની સરકારે મોટી જાહેરાત કરી છે. આ દરમિયાન મુખ્યમંત્રીએ હરિયાણામાં પ્રતિ સિલિન્ડર ૫૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સીએમ સૈનીએ કહ્યું કે રાજ્યમાં ૪૬ લાખ પરિવારોને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર મળશે. રાજ્યમાં ૧ લાખ ૮૦ હજાર રૂપિયાથી ઓછી આવક ધરાવતા પરિવારોને આ સરકારી યોજનાનો લાભ મળશે. મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી નાયબ સૈનીએ જીંદના નવા અનાજ બજારમાં રાજ્ય સ્તરીય તીજ ઉત્સવમાં ભાગ લીધો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ અહીં પહોંચી હતી. જનસભા દરમિયાન મુખ્યમંત્રી નયબ સિંહ સૈનીએ કહ્યું કે પીએમ મોદી ઉજ્જ્વલા યોજના હેઠળ મહિલાઓ માટે ખૂબ જ સારું કામ કરી રહ્યા છે અને હવે હરિયાણામાં આ યોજનાના લાભાર્થીઓને ૫૦૦ રૂપિયાનું સિલિન્ડર આપવામાં આવશે. તેમણે કહ્યું

કે હવે રાજ્યના ૪૬ લાખ પરિવારોને આ યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મુખ્યમંત્રી દૂધ ભેટ યોજના હેઠળ હવે ૧૪-૧૮ વર્ષની દીકરીઓને ૧૫૦ દિવસ સુધી શાળાઓમાં ફોર્ટિફાઇડ દૂધ આપવામાં આવશે. આ સિવાય હવે હરિયાણા માતૃ શક્તિ ઉદ્યમ યોજના હેઠળ મહિલાઓ ૫ લાખ રૂપિયા સુધીની લોન મેળવી શકશે. આ સમયગાળા દરમિયાન, મુખ્યમંત્રીએ સ્વ-સહાય જૂથોની મહિલાઓનું રિવોલ્વિંગ ફંડ ૨૦૦૦૦ રૂપિયાથી વધારીને ૩૦૦૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે અમારી સરકારે હેલ્પ ગ્રુપના સમુહ સખીનું માનદ વેતન ૧૫૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરવાનું છે.

વાહને ફંગોળતાં કમકમાટી ભર્યા મોત

બાઈક પર જઈ રહેલા એક જ પરિવારના પાંચને અજાણ્યા વાહને ફંગોળ્યા

। (એજન્સી) જયપુર, તા.૭ ।

દેશમાં છેલ્લા ઘણા સમયમાં અકસ્માતના બનાવો બની રહ્યા છે. તેમાં પણ હાઈવે પર અકસ્માતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક ભયાનક અકસ્માતની ઘટના ચિત્તોડગઢ-નિમ્બહેરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બની છે. જેમાં એક કન્ટેનરે બાઈક સવાર પરિવારને કચડી નાખ્યો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક માસૂમ બાળકી ઈજાગ્રસ્ત થઈ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અકસ્માતની ઘટના ભવલિયા ગામ નજીક મંગળાવારે (૦૬ ઓગસ્ટ) રાત્રે બની હતી. આ ઘટનાની જાણ થતાં જ ચિત્તોડગઢ સદર પોલીસ સ્ટેશનના અધિકારી ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી હતી. બાઈક પર સવાર તમામ લોકો એક જ પરિવારના હોવાનું કહેવાય છે. પોલીસે હાલ અકસ્માતની વધુ તપાસ હાથ ધરી છે અને કન્ટેનર ચાલકની શોધખોળ માટે નાકાબંધી કરી છે. બાઈક પર એક દંપતી, બે યુવકો, એક છોકરી અને એક વર્ષનો માસૂમ બાળક સવાર હતા. આ તમામ લોકો નિંબાહેડા તરફ જઈ રહ્યા હતા ત્યારે બાવળીયા પોલીસ વિસ્તારમાં આ કરૂણ અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્ત બાળકીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેમજ તમામ મૃતદેહોને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

યુકેમાં છેલ્લા ૧૩ વર્ષમાં સૌથી ભયંકર તોફાનો

UKમાં હિંસક તોફાનો અટકતા નથી, ભારતીય સ્ટુડન્ટ્સની ચિંતામાં વધારો

યુકેમાં માઈગ્રન્ટ વિરોધી વાતાવરણ વધુને વધુ ઉગ્ર બનતું જાય છે, તોફાનીઓના ટોળા શેરીઓમાં દોડાદોડી કરે છે

। (એજન્સી) લંડન, તા.૭ ।

યુકેમાં માઈગ્રન્ટ વિરોધી વાતાવરણ વધુને વધુ ઉગ્ર બનતું જાય છે, તોફાનીઓના ટોળા શેરીઓમાં દોડાદોડી કરે છે, પોલીસ પર પથ્થરમારો કરે છે, દુકાનો લૂંટે છે અને વાહનો પણ સળગાવે છે. યુકેમાં છેલ્લા ૧૩ વર્ષમાં સૌથી ભયંકર તોફાનો ચાલી રહ્યા છે જેને રોકવામાં સરકારને પણ આંખે અંધારા આવી ગયા છે. આ દરમિયાન જે ભારતીય સ્ટુડન્ટ પહેલેથી યુકેમાં રહે છે અથવા આ વર્ષે યુકે આવ્યા છે તેમના માટે ટેન્શન વધતું જાય છે. તેમને પોતાની સેફ્ટીની ચિંતા છે અને આગળ શું થશે તેની બીક સતાવે છે. હાલમાં યુકેમાં લગભગ એક લાખ ૮૦ હજારથી વધારે ભારતીય સ્ટુડન્ટ જુદી જુદી કોલેજોમાં અભ્યાસ કરી રહ્યા છે. તેના કારણે યુકે ટોચના પાંચ ઓવરસિઝ ડેસ્ટિનેશનમાં સ્થાન ધરાવે છે. યુકે ઉપરાંત અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને જર્મની પણ ભારતીય વિદ્યાર્થીઓમાં ફેવરિટ છે. હવે યુકેમાં ત્રણ બાળકીઓની હત્યા પછી તેના માટે માઈગ્રન્ટ્સ પર દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો અને

અમુક કટ્ટરવાદી લોકો માઈગ્રન્ટ્સ પર હુમલા કરી રહ્યા છે. માઈગ્રન્ટ્સને જ્યાં શરણ અપાઈ હોય તેવી એક હોટેલને પણ સળગાવવાનો પ્રયાસ થયો હતો. આ દરમિયાન ભારતે પોતાના નાગરિકોને ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરીને યુકેના કેટલાક શહેરોની મુલાકાત લેવામાં ધ્યાન રાખવા કહ્યું છે. યુકેમાં ભારતના જે સ્ટુડન્ટ છે તેઓ પણ ઘણી જગ્યાએ ફોન કરીને અથવા ઓનલાઈન હેલ્પ માગી રહ્યા છે. વિદેશમાં ભણતા સ્ટુડન્ટ્સ માટે ઘણા પ્લેટફોર્મ હોય છે જેના પરથી ગાઈડન્સ મેળવવા પ્રયાસ ચાલે છે. તેમાં એવા પણ સ્ટુડન્ટ છે જેઓ કેટલાક સમયથી યુકેમાં ભણે છે. આ ઉપરાંત ચાલુ વર્ષમાં જેમના ક્લાસિસ શરૂ થવાના છે તેવા સ્ટુડન્ટ પણ મદદ માગે છે.

યુકેએ શરણાગતિની વિનંતીને હજુ સુધી સ્વીકારી નથી

શેખ હસીના માટે મુસીબત વધી, UK અને USA બંનેના દરવાજા બંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના પોતાનો દેશ છોડીને ભારત આવી ગયા છે અને પશ્ચિમના કોઈ દેશમાં જવાનો પ્રયાસ કરે છે પરંતુ તેમને સફળતા મળતી નથી. યુકે શેખ હસીનાને સ્વીકારતા ખચકાય છે, તેમની શરણાગતિની વિનંતીને હજુ સુધી સ્વીકારી નથી. બીજી તરફ એવા અહેવાલ છે કે અમેરિકાએ પણ શેખ હસીનાના વિઝા રદ કરી દીધા છે. તેના કારણે તેમણે હજુ કેટલોક સમય ભારતમાં જ ગુજારવો પડે તેવી શક્યતા છે. શેખ હસીના જ્યારે ભારત આવ્યા ત્યારે તેમને આશા હતી કે યુકે તેમની અસાઈલમની રિક્વેસ્ટને સ્વીકારી લેશે. પરંતુ હજુ સુધી એવું કંઈ થયું નથી. યુકેનો રસ્તો બંધ છે. અને અમેરિકાએ પણ તેમના વિઝા રદ કરી દીધા છે તેવા અહેવાલ આવ્યા છે. બાંગ્લાદેશના વડાપ્રધાન હોવાના નાતે તેમની પાસે યુએસએના સત્તાવાર વિઝા હતા, પરંતુ હવે તેઓ વડાપ્રધાન રહ્યા નથી. શેખ હસીના કામચલાઉ ધોરણે ભારત આવ્યા છે જ્યાં તેમને એક સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવ્યા છે. અસાઈલમ માટે તેમની પ્રથમ પસંદગી યુકે જ છે અને ત્યાર પછી કદાચ અમેરિકા

તેમની બીજી પસંદગી હોઈ શકે છે. બાંગ્લાદેશમાં અત્યારે જે રીતે હિંસા ફેલાઈ છે તેમાં સ્પષ્ટ છે કે તેઓ ત્યાં રહ્યા હોત તો જોખમ પેદા થયું હોત. શેખ હસીના યુકે એટલા માટે જવા માગે છે કારણ કે તેઓ ઈન્વેસ્ટીગેશનથી બચવા માગે છે. પરંતુ યુકેએ કહ્યું છે કે તેમને યુકેમાં કોઈ લીગલ પ્રોટેક્શન નહીં મળે. તેથી તેમની સામે જો કોઈ તપાસ થાય તો તેમાં મુસીબત પણ પેદા થઈ શકે છે.

યુકે પછી અમેરિકા અને ફિનલેન્ડ પણ એવા દેશ છે જ્યાં જવા માટે શેખ હસીના વિચારી શકે છે. યુકેએ કહ્યું છે કે બાંગ્લાદેશમાં જે થયું તેની યુએનની આગેવાનીમાં ઈન્વેસ્ટીગેશન થવી જોઈએ. તેથી શેખ હસીના યુકે જાય તો પણ તેમના માટે મુશ્કેલી પેદા થાય તેવી શક્યતા છે. બીજા કેટલાક જાણકારો કહે છે કે યુકેની બહારથી કોઈ વ્યક્તિ અસાઈલમ માટે અરજી ન કરી શકે. એક વખત યુકે પહોંચો ત્યાર પછી જ ત્યાં શરણ માટે અરજી કરી શકાય. યુકેનું કહેવું છે કે જેમને શરણ જોઈતી હોય તેમને શરણ આપવાની અમારી એક પરંપરા રહી છે. પરંતુ કોઈ વ્યક્તિ શરણ માગવા માટે આવી શકે તે માટે ટ્રાવેલની વ્યવસ્થા કરી આપવી, એટલે કે તેના માટે વિઝા આપવા એ શક્ય નથી. જે વ્યક્તિને ઈન્ટરનેશનલ પ્રોટેક્શન જોઈતું હોય તેમણે સૌથી પહેલા જે સેફ દેશમાં જવા મળે ત્યાં જઈને શરણ માગવી જોઈએ. સુરક્ષિત રહેવા માટેનો આ સૌથી ઝડપી રસ્તો છે. તેના કારણે ઘણા લોકો માને છે કે કદાચ શેખ હસીનાએ ભારતમાં જ શરણ માગવી પડશે કારણ કે ભારતમાં તેઓ સુરક્ષિત છે. શેખ હસીનાના પુત્ર સાજીબ વાઝેદે કહ્યું કે લંડન એ તેમની માતા માટે અસાઈલમની સૌથી પહેલી પસંદગી છે, પરંતુ તેમણે ઓથોરિટીને સંપર્ક નથી કર્યો. શેખ હસીનાનો પરિવાર યુકે અને યુએસએ બંને જગ્યાએ રહે છે તેથી બેમાંથી કોઈ પણ દેશમાં જવાનું તેઓ વિચારે છે, પરંતુ યુએસએએ તેમના વિઝા જ રદ કરી નાખ્યા છે તેવા અહેવાલ છે.

પિતાએ દલીલ કરી કે, તેની પાસે પૂરતી આવક નથી

પિતા હોવાને કારણે અરજદારને આ જવાબદારીમાંથી મુક્ત મળતી નથી

માતા કમાતી હોય તો પણ બાળકોના ઉછેર માટે પૈસા આપવા એ પિતાની જવાબદારી : હાઇકોર્ટની ટિપ્પણી

। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૭ ।

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે તાજેતરમાં જ એક અરજી પર સુનાવણી હાથ ધરી હતી. આ સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, ''બાળકોની સાર-સંભાળ રાખવાની જવાબદારી પિતાની છે. માતા કામ કરતી હોય અને કમાતી હોય તો પણ તેના નાના બાળકોની સંભાળ રાખવાની જવાબદારી પિતાની છે.'' જસ્ટિસ સંજય ધરે સુનાવણી દરમિયાન કહ્યું કે, ''માતા ભલે કામ કરતી હોય, પરંતુ પિતા પોતાના બાળકોના ભરણપોષણની જવાબદારીમાંથી મુક્ત થઈ શકતો નથી.'' કોર્ટમાં એક વ્યક્તિએ દલીલ કરી હતી કે, ''તેની પાસે તેના સગીર બાળકોના ભારણ-પોષણ માટે પૂરતી આવક નથી.'' તે વ્યક્તિએ એવી પણ દલીલ કરી હતી કે, ''તેની અલગ પડી ગયેલી પત્ની (અને તેના બાળકોની માતા) કામ કરતી સ્ત્રી છે જેની પાસે બાળકોની સંભાળ રાખવા માટે પૂરતી આવક છે. જો કે કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે, ''નાના બાળકોના પિતા હોવાને કારણે તેમનું ભરણ-પોષણ કરવું એ પિતાની કાયદાકીય અને નૈતિક જવાબદારી છે. એ વાત સાચી છે કે બાળકોની માતા કામ કરતી મહિલા છે અને તેની પાસે આવકનો સ્રોત છે.

પરંતુ તેનાથી પિતા હોવાને કારણે અરજદારને તેમના બાળકોના ભરણપોષણની જવાબદારીમાંથી મુક્ત મળતી નથી તેથી આ દલીલ પાયાવિહોણી છે.'' અરજદાર વ્યક્તિએ તેના ત્રણ બાળકો માટે

ભરણપોષણ તરીકે ૪,૫૦૦ રૂપિયા ચૂકવવાના મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને પડકાર્યો હતો. સેશન્સ કોર્ટ દ્વારા ભરણપોષણ ચૂકવવાના આદેશને પડકારવામાં આવ્યા બાદ આ વ્યક્તિએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

આ વ્યક્તિએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે, તેની માસિક આવક માત્ર ૧૨,૦૦૦ રૂપિયા છે અને તેના માટે તેના બાળકોના ભરણપોષણ તરીકે ૧૩,૫૦૦ રૂપિયા આપવાનું શક્ય નથી. તેણે કહ્યું કે, તેણે તેના બીમાર માતા-પિતાને પણ સપોર્ટ કરવો પડશે. તેણે વધુમાં દલીલ કરી હતી કે, બાળકોની માતા સરકારી શિક્ષિકા હતી જેને સારો પગાર મળતો હતો. આવી સ્થિતિમાં બાળકોના ભરણપોષણની જવાબદારી તેના એકલા પર ન મૂકી શકાય. જો કે, તેણે ટ્રાયલ કોર્ટ સમક્ષ એવો કોઈ પુરાવો રજૂ કર્યો ન હતો કે તે દર્શાવે કે વ્યક્તિ દર મહિને માત્ર ૧૨,૦૦૦ રૂપિયા કમાય છે. બીજી તરફ, કોર્ટે કહ્યું કે, તે સ્પષ્ટ છે કે વ્યક્તિ એક લાયક એન્જિનિયર છે જેણે અગાઉ વિદેશમાં કામ કર્યું હતું.

તંત્રી લેખ...

‘બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે ભારતમાં પણ થઈ શકે છે’

કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદે મંગળવારે કહ્યું કે જે બાંગ્લાદેશમાં થઈ રહ્યું છે તે ભારતમાં પણ થઈ શકે છે. જો કે બધું સામાન્ય લાગે છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી ખુર્શીદ શિક્ષણવિદ મુજીબુર રહેમાનના પુસ્તક ‘શિકવા-એ-હિંદઃ ધ પોલિટિકલ ફ્યુચર ઓફ ઈન્ડિયન મુસ્લિમ’ના વિમોચન પ્રસંગે બોલી રહ્યા હતા.તેમણે કહ્યું, ‘‘કાશ્મીરમાં બધું સામાન્ય દેખાઈ શકે છે. અહીં બધું સામાન્ય દેખાઈ શકે છે. અમે કદાચ વિજયની ઉજવણી કરી રહ્યા હોઈએ છીએ, જોકે અલબત્ત કેટલાક લોકો માને છે કે તે વિજય અથવા ૨૦૨૪ ની સફળતા કદાચ નજીવી હતી.’’ કદાચ હજુ ઘણું કરવાની જરૂર છે. થઈ ગયું. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, પૂર્વ વિદેશ મંત્રીએ કહ્યું કે, બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે અહીં પણ થઈ શકે છે. ‘‘આપણા દેશમાં તેનો ફેલાવો વસ્તુઓને બાંગ્લાદેશમાં જે રીતે ફેલાતો અટકાવે છે.’’ બાંગ્લાદેશ જુલાઈમાં હિંસક સરકાર વિરોધી વિરોધના મોજાથી હચમચી ગયું હતું, જેના પછી વડા પ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપવું પડ્યું હતું અને તેમના દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી હતી. હાલમાં તે ભારતમાં છે અને અન્ય દેશમાં આશ્રય લેવાની તૈયારી કરી રહી છે.આ કાર્યક્રમમાં RJDના રાજ્યસભાના સાંસદ મનોજ ઝાએ નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA) અને નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન (NRC) વિરુદ્ધ શાહીન બાગ આંદોલન વિશે વાત કરી અને કહ્યું કે તેને યોગ્ય ક્રેડિટ આપ વામાં આવી નથી. ઝાએ કહ્યું, ‘‘શાહીન બાગની સફળતાને તેની સિદ્ધિઓની ભવ્યતાના માપદંડ પર માપવી જોઈએ નહીં. યાદ રાખો કે શાહીન બાગનો વિરોધ શું હતો... જ્યારે સંસદ હારી ગઈ, ત્યારે શેરીઓ જીવંત થઈ ગઈ.’’

વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

પ્રાર્થના કરવા માટે પણ પાત્રતા કેળવવી જરૂરી છે

જેમ આપણે કોઈ કાર્ય કરવું હોય તો એ પ્રમાણેની લાયકાત કે પાત્રતા કેળવવી પડે છે. એવી રીતે પ્રભુની ભક્તિ કે પ્રાર્થના કરવા માટે પણ પાત્રતા કેળવવી જરૂરી છે. આપણી પ્રાર્થનામાં કોઈ તથ્ય કે ભલીવાર હોતાં નથી. આપણી પ્રાર્થનામાં તો કેવળ અને કેવળ કાંઈ માંગવાની સ્વાર્થવૃત્તિ જોડાયેલ હોય છે. આપણે તો પ્રાર્થના કરતી વખતે પણ એકાગ્રતા કે એકચિત્ત રાખતાં નથી અને પ્રાર્થના કરતી વખતે અહીં તહીં ધ્યાન રાખીએ છીએ. આપણાં મનમાં આપણે એટલાં બધાં મેલ અને કુભાવ ભરીને પ્રાર્થના કરીએ છીએ, વળી એમાંય આપણે ઈશ્વર પાસેથી કશું ને કશું માંગવાની તથા મેળવવાની અપેક્ષા ધરાવીએ છીએ તો ભગવાન ક્યાંથી આપણી પ્રાર્થના સાંભળી શકવાના હતાં.

જેમ લાયકાત વગરની અરજીનો અસ્વીકાર થાય છે તેમ પાત્રતા વગરની પ્રાર્થનાનો પ્રભુ અસ્વીકાર કરે છે. સ્વાર્થ હીન, છળકપટ વગરની, એકાગ્ર ચિત્ત તથા નિર્મળ મનથી કરેલી પ્રાર્થના કે સ્તુતિનો પ્રભુ હસતાં મોંઢે સ્વીકાર કરે છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીર દાસ, તુલસીદાસ વિગેરેની પ્રાર્થનામાં એક ગજબ પ્રકારની શક્તિ અને તાકાત હતી. આવા પ્રકારના ભક્તો ભગવાન પાસેથી ધાર્યું કામ કરાવી શકતાં હતાં અને ભગવાને પણ તેઓનાં કામ કરેલાં છે અને ભક્તોની ભીડ ભાંગી હતી, અને આ બાબતની ઈતિહાસ પણ સાક્ષી પૂરે છે.આનું કારણ એ હતું કે તેઓ જગતનાં તમામ ભૌતિક સુખોથી અલિપ્ત હતાં. દુઃખ પડે કે આપત્તિ આવે, તેઓ પોતાનો નિત્યક્રમ ક્યારેય ચૂક્યા ન હતાં કે કોઈ પણ વ્યક્તિ કે જ્ઞાતિ પ્રત્યે તેઓને કોઈ રાગદ્વેષ ન હતો. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસ, કબીરજી વિગેરેએ પ્રભુ પાસે કોઈ પણ પ્રકારની દૌલત, ધનસંપત્તિ, વૈભવ, ઐશ્વર્ય, તાજ,પદ કે સત્તા માંગી ન હતી, બસ માંગી તો માંગી પ્રભુની ભક્તિ અને સેવા. આ વ્યક્તિઓએ, પોતાની તેમજ પોતાના પરિવારજનોની ક્યારેય ચિંતા કરી ન હતી, તેથી તેમને તથા તેમનાં પરિવારજનોને જિવાડવાની જવાબદારી ઈશ્વરે ઉપાડી હતી. નરસિંહ મહેતા જ્યારે ભગવાન શ્રી કૃષ્ણની રાસલીલા નિહાળતા હતા , એ સમયે એમના હાથમાં સળગતી મશાલ હતી, પરંતુ નરસિંહ મહેતા પ્રભુમય બનીને ભાન ભુલી શ્રી કૃષ્ણની ભક્તિમાં એવા તલ્લીન થઈ ગયા કે એમનાં હાથમાં રહેલી આખી મશાલ સળગી ગઈ અને એમનો હાથ બળવા લાગ્યો, છતાં પણ, નરસિંહ મહેતાને ખબર પણ ન હતી કે મારો હાથ જલી રહ્યો છે.જ્યારે બીજી તરફ શ્રી કૃષ્ણ ભગવાન આ દૃશ્ય જોઈને ચોંકી ગયા અને નરસૈયાની સાચી ભક્તિથી ગદ્‌ગદ્ થઈ ગયાં અને નરસૈયાને દર્શન આપી ગળે લગાડ્યાં હતાં. તો બીજી બાજુ મીરાંબાઈને મારી નાંખવા માટે એમના દિયેર રાણાજીએ હળાહળ વિષ ભરેલો કટોરો મોકલ્યો હતો, પરંતુ મીરાંબાઈને પોતાના પ્રભુ પ્રત્યે એટલી અતૂટ શ્રદ્ધા હતી અને એ જાણતાં હતાં કે આ કાતિલ ઝેર છે, છતાંય તેઓ કોઈ પ્રતિક્રિયા આપ્યા વગર હળાહળ વિષને પણ અમૃત સમજીને ગટગટાવી ગયાં હતાં અને એમને સ્હેજ પણ આંચ આવી ન હતી.આમ તેઓની પ્રાર્થના માટે તથા ભક્તિમાં જબરદસ્ત નિષ્ઠા હતી, શક્તિ હતી કે અન્ય પ્રકારનો બીજો કોઈ સ્વાર્થ ન હતો. આપણે તો પ્રભુ ભક્તિ માટે જરાપણ સમય ફાળવતાં અને બીનજરૂરી ફાલતું કાર્યો માટે સમય ફાળવીએ છીએ, પરંતુ ખરેખર આપણે ભગવાન માટે થોડો સમય ફાળવીએ છીએ ખરાં? શું આપણે ખરા દિલથી ભગવાનની ભક્તિ તથા પ્રાર્થના કરીએ છીએ ખરાં? આપણે તો પ્રાર્થના કરતી વખતે અહીં તહીં ડાફોળિયાં મારીએ છીએ અને સામેવાળો શું કરે છે તે નિહાળવામાં સમય બગાડીએ છીએ, ચાલું પ્રાર્થના એ પણ કાંઈ ને કાંઈ ઈશારા કરતાં રહીએ છીએ.આપણી પ્રાર્થનામાં સ્વાર્થ જોડાયેલ હોય છે, આપણી પ્રાર્થનામાં કોઈ ભલીવાર હોતો નથી અને વજૂદ પણ હોતું નથી અને એથી ઈશ્વર આપણી પ્રાર્થના નો સ્વીકાર કરતાં નથી. આપણી પ્રાર્થના ઈશ્વર સુધી વ્યવસ્થિત રીતે પહોંચતી નથી, પછી આપણને એનું ફળ ક્યાંથી મળવાનું હતું.

આપણે જો પ્રભુનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું હોય તો સૌ પ્રથમ પાત્રતા કેળવવી પડશે. ઉપર જણાવ્યું તે પ્રમાણે પાત્રતા વગરની પ્રાર્થના નકામી અને અર્થહીન છે. એક કહેવત છે કે દાન હંમેશાં સુપાત્રને આપવાથી દાનની ગરિમા અને મહત્તા જળવાઈ રહે છે, તેમ પાત્રતા કેળવેલ વ્યક્તિ પ્રભુ પાસેથી કાંઈક મેળવે છે તો તે ધન વૈભવ, જ્ઞાન, લોક કલ્યાણનાં કામોમાં વાપરે છે. માટે પાત્રતા કેળવીને નિઃસ્વાર્થ ભાવે, અંતરના નાદથી, એકચિત્તે, જે પ્રાર્થના કરવામાં આવે છે એનો ભગવાન ચોક્કસ અને જરૂરથી સ્વીકાર કરે છે.

શુક્લ યજુર્વેદમાં આવેલા આ રુદ્રી પાઠનો પ્રથમ અધ્યાય છે, ભારતીય વૈદિક શાસ્ત્રોની મહત્તા જરા સમજીએ

રુદ્રીનાં બીજા અધ્યાયમાં ગણેશ ભગવાનને ચરણે, શિવ સંકલ્પ કરીને ત્રણ પ્રકારના બળ પ્રાપ્ત કરીએ

સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે આપણે રુદ્રી પાઠના પ્રથમ અધ્યાય એટલે કે ગણેશની સ્તુતિ કરીશું, સ્વયં ભગવાન શંકરે જ ગણેશ સર્વ પ્રથમ પૂજ્ય છે એવું વરદાન આપ્યું છે, તો પ્રથમ એની વંદના કરીએ, મનનાં દેવ તરીકે ભગવાન ગણેશને પૂજાય છે, કહેવાય છે કે મનુષ્યનો જીવ તરીકે ગર્ભમાં વિકાસ થાય ત્યારે અન્ય ઇન્દ્રિયો પહેલા જ મન બને છે, અને છે કંઈ સાચું ખોટું થાય છે તે મનને કારણે જ થાય છે.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ શરૂ થઈ ગયો અને શિવાલયોમાં શિવભક્તોની ભીડ દેખાવા લાગી છે. ભગવાન શંકર હર હર ભોલે, અને ઓમ નમઃ શિવાયનાં સીધા સાદા નાનકડા મંત્રથી રીજી જનાર છે, માટે જ આશુતોષ કહેવામાં આવે. આશુ એટલે જલ્દી માને તે અને તોષ એટલે ફળ આપનારા! આપણાં ભગવાન શંકર એવાં જ છે, એટલે તેને આશુતોષ કહેવામાં આવે છે. જેમ સવાર પડે અને મનુષ્ય જાગી જાય, બપોર પડે એટલે જમે, અને રાત પડે એટલે વળી સુઈ જાય, એમ શ્રાવણ આવતાં જ જાણે ભક્તિનો સમય થઈ ગયો છે, એમ બધા શિવાલયોમાં દેખાવા લાગે. લોકો જુદા જુદા સાધનો વડે ભગવાન શંકરની આરાધના કરે છે, કોઈ માનસિક પૂજા કરે છે, તો કોઈ મંદિરમાં જઈને દૂધ પાણી ચડાવે છે, તો કોઈ રુદ્રી પાઠ કરે છે કે કરાવે છે. પરંતુ સૌના મનમાં એક વાત ક્લિયર છે કે આપણે જે જીવી રહ્યા છીએ તે એટલું સાચું નથી માટે મૃત્યુનો ભય લાગે છે. જે કોઈનું જીવન સચ્ચાઈ અને પ્રમાણિકતાના પથ પર ચાલતું હોય, એને મૃત્યુનો ડર લાગતો નથી, કહેવા ખાતર તો બધાં બોલતા હોય છે કે પાંચમની છઠ કોઈની થતી નથી, પણ મરવું કોઈને ગમતું નથી. શરીર સશક્ત હોય ત્યાં સુધી કોઈ તકલીફ પણ હોતી નથી,પણ જ્યારે અવસ્થા ઘેરે ત્યારે જ બે વ્યાધિ પીડે છે! એક શરીરની અને બીજી ભૂતકાળની સ્મૃતિ! જે સમય હતો ત્યારે ઈશ્વર અનુસંધાન માટે કંઈ ન કર્યાનો ડંખ આપે છે, અને એ રીતે મૃત્યુનો ડર લાગે છે. પણ સચ્ચાઈ અને પ્રમાણિકતાને કારણે ચિત્ત શુદ્ધિ થયેલી હોય, એને બહુ કષ્ટ પડતું નથી, કારણ કે જીજીવિષા છૂટી જાય છે. એટલે એનો મતલબ એ નથી કે જે સાચા છે, તેમનું મૃત્યુ નહીં થાય, મૃત્યુ તો અકાટ્ય સત્ય છે. પરંતુ તેમને યમનાં દુતો લઈ જશે, અને નર્કમા જવું પડશે તો એવો ભય નહીં

રહે, એમને શિવગણો તેડવા આવશે અને કૈલાસ લઈ જશે,કે પછી શ્રીધામ લઈ જશે. શ્રાવણમાં દરેક જણ પોત પોતાની યથાશક્તિ યથા સમજ ભગવાન શંકરના શરણે જશે, તો, શંકરને શરણે જઈને શું પ્રાર્થના કરીશું એ વિશે એટલે કે આજે આપણે રુદ્રીનાં પ્રથમ પાઠ વિશે ચિંતન માં વાત કરીશું. આજે આપણે રુદ્રી પાઠના પ્રથમ અધ્યાય એટલે કે ગણેશની સ્તુતિ કરીશું. સ્વયં ભગવાન શંકરે જ ગણેશ સર્વ પ્રથમ પૂજ્ય છે એવું વરદાન આપ્યું છે, તો પ્રથમ એની વંદના કરીએ. મનનાં દેવ તરીકે ભગવાન ગણેશને પૂજાય છે. કહેવાય છે કે મનુષ્યનો જીવ તરીકે ગર્ભમાં વિકાસ થાય ત્યારે અન્ય ઈન્દ્રિયો પહેલા જ મન બને છે, અને છે કંઈ સાચું ખોટું થાય છે તે મનને કારણે જ થાય છે, અને આ વાત જ્યારે જીવને સમજાય ત્યારે તે પોતાના મનને શાંત કરવા માટે ભગવાન ગણેશની સ્તુતિ કરે છે. રુદ્ર અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયના ૧૦ શ્લોક છે, અને દસે શ્લોકમાં જીવ ભગવાન ગણેશને પોતાના મનને શાંત કરવાની પ્રાર્થના કરે છે. જીવ ભગવાન ગણેશને કહે છે કે હે સ્વામી તમે ગર્વથી ઉત્પન્ન થયેલા નથી, માટે તમે મન વિશે એટલાં ચિંતિત નથી. એક સારથિ પોતાના ઘોડાને સંયમિત કરવા જેમ લગામનો ઉપયોગ કરે, તેમ અમારા આ મનને તમે નિયંત્રિત કરો. પ્રથમ ચાર શ્લોકનો આવો ભાવ રહ્યો છે, જ્યારે બાકીના છ શ્લોકમાં યાજ્ઞવલ્ક ઋષિ કહે છે, કે જીવ પોતાના મનને સંયમિત કરવા માટે કલ્યાણકારી શિવ સંકલ્પ કરે, તો આ મનને નિયંત્રિત કરવું સરળ બને છે. માનવીય મન જાગૃત અવસ્થામાં આંખો દ્વારા દેખાતા દ્રશ્યો, કાનો દ્વારા સંભળાતા શબ્દો, અને વિચારોને આધીન હોય છે, એટલે એ જીવની અંદર હોવા છતાં હજારો માઈલોની સફર કરી આવે છે. પરંતુ સુષુપ્ત એટલે કે નિંદ્રા અવસ્થામાં પણ તે એટલું મારું અનુગામી બની શકતું નથી, કારણ કે આખા દિવસની ક્રિયાની એની પર અસર હોય છે, અને અક્રિય હોવા છતાં એની ચંચળતા થકવી દે છે,તો મારા મન ને પ્રબોધ કરો, કે મારું મન કલ્યાણકારી શિવ સંકલ્પ વાળુ બને. શુક્લ યજુર્વેદમાં આવેલા આ રુદ્રી પાઠનો પ્રથમ અધ્યાય છે, ભારતીય વૈદિક શાસ્ત્રોની મહત્તા જરા સમજીએ. કાળની રીતે સતયુગ, ત્રેતાયુગ દ્વાપરયુગ અને કળીના પણ આટલા વર્ષો ચાલ્યા ગયાં. તો વેદની ઉત્પત્તિ સમયે પણ શું માનવીય મન આટલું ચંચળ હશે? કે પછી કળિયુગમાં માનવીના મનની ચંચળતાને અનુલક્ષીને આ લખાયું હશે? અહીં ઈશ્વરને સ્પષ્ટ રીતે સ્વીકારી શકીએ, સતયુગના જીવનો જન્મ પણ ઈશ્વર આધીન હતો, ત્રેતા દ્વાપર માં પણ એજ રીતે, અને કળિયુગના જીવનો જન્મ પણ ઈશ્વર આધીન છે. માટે એણે જ તો અન્ય ઇન્દ્રિયની જેમ મન પણ બનાવ્યું છે, એટલે કે અત્યારની પરિસ્થિતિનું નિર્માણ કરતાં પણ અંતે તો ઈશ્વર જ છે. દરેક જીવનું મન પોતાની આસપાસની દુનિયાનું બધું જોઈને, કે બધું સાંભળીને, એ મુજબ વિચારીને બનતું હોય છે. થોડું સૂક્ષ્મ ચિંતન છે. પરંતુ સદગુરુ આટલા સમયથી બોધ કરાવી રહ્યા છે તો સમજાય પણ જશે. જે કંઈ છે તે મનને કારણે જ છે, અને મનને કારણે જ જીવનમાં રસ પણ છે, એ વાત ભુલાવી ન જોઈએ! નહીં તો જિંદગી વધુ થાકેલી અને ભાર રુપ લાગશે. એટલે ભગવાન શંકરની ભક્તિ કરી આ મનને તેનામાં પરોવાનું છે, અને એ રીતે એની દિશા ડાયવર્ટ કરી અવધૂતિની દશા બનાવવાની છે. ભક્તિ એક શુદ્ધ ઉર્જા સ્તોત્ર છે, જેમાં ભક્ત પોતાને ભગવાનની એકદમ સમીપ અનુભવે છે, અને એને કારણે ભગવાનની ઉર્જા પણ તેના કાર્યમાં સહયોગી બને છે. ક્રિયા કાર્ય કે કર્મ તો અંતે જીવને જ કરવાનું હોય છે, એટલે ભક્તિ દ્વારા તે અનન્ય ઉર્જા પ્રાપ્ત કરીને ત્રણ પ્રકારના બળ પ્રાપ્ત કરે છે. ભક્તિ સચેત બળ આપે છે, ભક્તિ પ્રેરક બળ આપે છે, અને ભક્તિ સાહસ સૂચક બળ આપે છે. સચેત એટલે જાગૃત કરે છે, કે આવનારી પરિસ્થિતિ વિશે આગાહ કરે છે. પ્રેરક એટલે કયા પ્રકારનું કાર્ય કરવું જોઈએ એ વિશેની સહજ સમજ આપે છે, અને સાહસ સૂચક બળ એટલે ખોટું લાગે એ છોડી અને નવું અપનાવવાનું સાહસ. સંસારી સંબંધ કે વ્યવહારના દંભ છોડવા એ પણ સાહસ વિના શકય નથી, આપણે નરસિંહ અને મીરાનાં જીવન પરથી જોઈ એ તો તરત ખ્યાલ આવે કે એમણે સંસાર કે સમાજની પરવા કર્યા વગર ભક્તિને નિભાવી હતી. આ શ્રાવણ માસે અજન્મા આશુતોષને પ્રસન્ન કરવા માટે રુદ્રીના આ પાઠની સમજ સહાયક બને, અને આપણે આપણા જીવનમાં એ ત્રણ પ્રકારના બળ પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના મહાદેવને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

શ્રાવણ માસના શિવ મહિમા-૪ : બિલીપત્રનો મહિમા અને તેના ઔષધિય ઉપયોગનો મહિમા જાણીએ

બીલીના છોડવાને ઉત્તર-પશ્ચિમ દિશામાં રોપેલો હશે તો તેવા ઘરમાં આર્થિક સંપન્નતા પ્રાપ્ત થતી હોય છે

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ત્રીજા દિવસે આપણે શ્રાવણ માસના શિવ મહિમા-૩માં સદાશિવ પંચાક્ષર મંત્રનો મહિમા જાણીશું, મંત્ર- જાપનું મહત્વ સુત કહે છે કે બ્રાહ્મણો! સદાશિવ પંચાક્ષર મંત્ર- ‘‘નમઃ શિવાય’’નો જપ મહા માસ તેમજ શ્રાવણ મહિનામાં કરવો ઉત્તમ ગણાય છે. પ્રથમ મિતાહાર તેમજ મૌન રાખીને એક હજાર જપ વડે શુદ્ધ થવું ત્યારબાદ શિવજીનું સ્મરણ કરવું.

શ્રાવણ માસમાં આપણે શિવ મહિમા ગાન કરી રહ્યા છીએ. જેમાં આજે ગુરૂવારે ચોથો દિવસે બિલીપત્રનો મહિમા અને તેના ઔષધિય ઉપયોગો વિશે જાણીએ. ઘરમાં બીલીનું વૃક્ષ વાવવાના ફાયદાનો ઉલ્લેખ શિવ મહા પુરાણમાં કરવામાં આવ્યો છે જે મુજબ જે સ્થાને આ છોડ કે વૃક્ષ ઉગાડેલ હોય છે તે સ્થળ કાશી તીર્થની જેમ પવિત્ર અને પૂજનીય સ્થળ હોય છે આવી જગ્યા કે ઘર તમામ પ્રકારના તંત્ર બાધાઓથી મુક્ત થાય છે. અહી રહેવાવાળા લોકો પર ક્યારેય ચંદ્ર માની ખરાબ દશા નહી આવે દરેક સભ્ય યશસ્વી બને છે. અને આખો પરિવાર સમાજમાં ઉચ્ચ સમ્માન મેળવે છે ઘરની વિવિધ દિશામાં બીલીનો છોડ હોવાથી અનેક ફાયદા થતા હોય છે. ઘરની ઉત્તર-પશ્ચિમ દિશામાં બીલીનો છોડ રોપેલો હશે તો તેવા ઘરના સભ્યો યશસ્વી વધુ તેજવાન બને છે આના માટે બીલીના છોડવાને ઉત્તર-પશ્ચિમ દિશામાં રોપવો ઘર ની ઉત્તર-દક્ષિણ દિશામાં બીલીનો છોડ રોપેલો હશે તો તેવા ઘરમાં આર્થિક સંપન્નતા પ્રાપ્ત થતી હોય છે આવા ઘરના દરેક વ્યક્તિ ધન વાન બને છે અને તેમને ક્યારેય ધનની કમી પડતી નથી હોતી કર્જ માંથી મુક્તિ માટે બીલીનો છોડ વાવેલો હોવો જોઈએ તમામ પ્રકારની ખુશીઓ મેળવવા માટે ઘરની વચોવચ બીલીનો છોડ રોપવો જોઈએ આવા ઘરમાં પરિવારના તમામ સભ્યો વચ્ચે પ્રેમભાવ રહે છે એમના જીવનમાં ક્યારેય પણ કોઈપણ પ્રકારના અચાનક દુઃખ શોક નથી આવતા વાસ્તુશાસ્ત્ર મુજબ ઘર આંગણે બીલીનો છોડવો હોવાથી તમે બધી પ્રકારની નકારાત્મક ઉર્જાથી બચી શકશો રોપાને નિયમિતરૂપે પાણી આપવું અને તેની સાર સંભાળ રાખવી જે રીતે ઘરમાં તુલસીનો છોડ રાખવાનો નિયમ છે એવીજ રીતે બિલીના છોડવા માટે પણ કેટલાક નિયમો પાળવાના છે. હિન્દી પંચાંગ મુજબ કોઈપણ મહિનાની અષ્ટમી અમાસ-પૂનમ કે સોમવારના

દિવસે બિલીપત્ર ન તોડવું જોઈએ. બહુ ઓછા લોકો જાણે છે કે બીલના પત્તા કે બિલ પત્રને શિવપૂજામાં તમે એકથી વધુ વખત પણ ઉપયોગમાં લઈ શકો છો. શિવને ચડાવેલા બિલ તમે ધોઈને ફરી ઉપયોગમાં લઈ શકો છો અને જયાં સુધી બિલી પત્ર ખરાબ ન થઈ જાય ત્યાં સુધી તમે આવું કરી શકો છો. બસ ધ્યાન રાખવું કે બિલીપત્ર સુકાયેલા ન હોય તેથી જો તમે દરરોજ શિવ પૂજા કરતાં હોવ તો ઉપર જણાવેલી તિથિના એક દિવસ પહેલા બિલીપત્ર તોડી લેવા અને સોમવારે બિલીપત્ર ન તોડવા કોઈ પણ મહિનામાં દ્વાદશી રવિવારના દિવસે પડતી હોય તો સાંજના સમયે આ છોડવાની નીચે દીવો જરૂર પ્રગટાવવો. દીવો પ્રગટા વતી વખતે મનમાં તમારી મનોકામના બોલવી આવું કરવાથી તમારી ઈચ્છા જલદી પૂરી થતી હોય છે. સાથે જ આવું કરવાથી એ ઘરમાં ક્યારેય ધનની અછત પડતી નથી અને તમામ જન્મોના મહા પાપોથી મુક્તિ મળે છે.સદા શિવ લિંગ પર બિલીપત્ર ચડાવવાથી સદા શિવ સદૈવ પ્રસન્ન રહે છે. તેમની કૃપાભક્તો પર ઉતરે છે. બિલીની ઉત્પતિની કથા જોઈએ તો એકવાર દેવી ગિરિજાના વિશાળ લલાટ પર પરસેવાનું બિંદુ ઉપશ્યુ, દેવીએ તેને લૂછ્યુંને જમીન પર ફેંકયું. તે પરસેવાના બુંદથી વિશાળ વૃક્ષ થયું. એક દિવસ ફરતા ફરતા દેવી એ તે ઘટાદાર વૃક્ષ ને જોયું દેવીએ તે વૃક્ષનુંનામ બિલ્વ રાખ્યું, બિલ્વના પાંદડા વડે ભગવાન શિવજીનું ભાવપૂર્ણ રીતે પૂજન કરાય છે. બિલ્વના ક્યારાને જળથી ભરપૂર રાખવો જોઈએ વૃક્ષનું જતન કરવું પૂજન કરવું, અર્ચન કરવું આમ કરવું એટલેજ શિવ પૂજન. ત્યાં દીવો પણ પ્રગટાવાય. બિલ્વવૃક્ષના મૂળમાં શિવ પાર્વતી, તેના થડમાં દેવી દાક્ષાયાની, શાખામાં મહેશ્વરી, પત્રોમાં પાર્વતી, ફળમાં કાત્યાયની, છાલમાં ગૌરી અને પુષ્પ માં ઉમા દેવીનો વાસ રહેલો છે. તેના કાંટાઓમાં નવ કરોડ શક્તિઓનો ભંડાર છે. શિવલિંગ પર બિલ્વ ચઢાવવું જોઈએ. વળી તે અખંડ ત્રિદલ હોવું જોઈએ. શ્રાવણ મહિનામાં શિવલિંગ પર બિલીપત્ર અર્પિત કરવું શુભ છે, કહે છે કે બિલીપત્ર ભોળાનાથનું પ્રિય પાન છે તેમાં પણ ચાર, પાંચ છ કે સાત પાન હોય તો તે શુભ માનવામાં આવે છે.બિલીપત્ર વિના શિવપૂજા અધૂરી માનવામાં આવે છે. બીલીનું વૃક્ષ સંપન્નતાનું પ્રતિક છે, સાથે સમૃધ્ધિ આપનારું છે. બીલીના પાનને શિવજીનો આહાર માનવામાં આવે છે, તેથી ભક્તો ભોગ સ્વરૂપે બિલીપત્ર મહાદેવને અર્પણ કરે છે. શિવના ત્રણેય નેત્રને ત્રણ પાનવાળું બિલીપત્ર વધુ પ્રિય છે. ભગવાન શંકરને ભાંગ,ધતૂરો અને બિલીપત્ર જ પ્રસંશા કરી શકે છે, શિવજીની વિશેષ પુજા કરવા માટે બિલીપત્ર ચોક્કસ હોવું જોઈએ. ધાર્મિક શાસ્ત્રોમાં પણ બિલીપત્રનું મહત્વ સમજાવવામાં આવ્યું છે, શિવપુરાણમાં બિલવાષ્ટ કમનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શંકરની સાથે પાર્વતીને બિલી પત્ર ચઢવાનું વિશેષ મહત્વ છે. મા ભગવતીને બિલીપત્ર અર્પણ કરો શ્રીમદ ભાગવતમાં સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે, કે જે વ્યક્તિમાં ભગવતીને બિલીપત્ર અર્પણ કરશે, તે ક્યારેય કોઈપણ પરિસ્થિતિમાં દુઃખી થતી નથી તથા તેને દરેક સિધ્ધી પ્રાપ્ત થાય છે. વ્યક્તિની દરેક ઈચ્છા પરિપૂર્ણ થાય છે, અને અંતમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે બિલીપત્રના પ્રકાર; બિલીપત્ર ચાર પ્રકારના હોય છે; અખંડ, ત્રણ પાનના, છ થી એકવીસ પાનના બિલીપત્ર અને શ્વેત બિલીપત્ર. આ તમામ બીલીપત્રનું આગવું મહત્વ છે બિલ્વાષ્ટકમમાં લક્ષ્મી પ્રાપ્તિ અને સિધ્ધી માટે અખંડ બિલીપત્ર ઉત્તમ છે. એકમુખી રુદ્રાક્ષની જેમ અખંડ બીલીપત્રનું મહત્વ છે. આ વાસ્તુ દોષનું નિવારણ પણ છે. છ થી એકવીસ પાન ધરાવતા બિલી પત્ર નેપાળમાં વધારે જોવા મળે છે, ભારતમાં ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે. બીલી વિટામિન, ફાઈબર, પોટેશિયમ જેવા ઘણા પોષકતત્ત્વોથી ભરપૂર છે. સ્થાનિક સ્વાદ અનુસાર, લોકો તેને ક્યાંક ચટણીના રૂપમાં, ક્યાંક શરબત બનાવીને અથવા ક્યારેક દહીં સાથે ભોજનમાં સામેલ કરે છે. આ બધા પોષક તત્ત્વોને કારણે તે આપણી પાચન તંત્ર, રોગપ્રતિકારક શક્તિ, ફેફસાં અને ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. જે રીતે સફેદ સાપ સફેદ આંખ વગેરે સફેદ હોય છે, તે જ પ્રમાણે બિલીપત્ર પણ હોય છે, જે પ્રકૃતિની અનોખી ભેટ છે કેટલાક વિશિષ્ટ વૃક્ષ પર બીલીના પાન લીલા નહિ પણ સફેદ હોય છે. વાચક ચાહક શિવ ભક્તો આજે શ્રાવણ માસનો ચોથો દિવસ છેસૌ ભક્તો શિવઆરાધના ઉપાસના તલ્લીન થઈ રહ્યા છે. સૌનું સદા શિવ ભોળાનાથ દેવાધિ દેવ મહાદેવ કલ્યાણ કરે તેવી પ્રાર્થના..

અક્ષયના નામે ચીટિંગ કેસ, દિગાંગનાનો પ્રોડ્યુસર સામે મોરચો

પોલીસ તપાસમાં દિગાંગનાને રાહત

'શો સ્ટોપર'ના પ્રોડ્યુસર મનીષ હરિશંકરે દિગાંગના પર ઠગાઈનો આરોપ લગાવ્યો હતો

એક્ટ્રેસ દિગાંગના સૂર્યવંશી સામે પ્રોડ્યુસરે ઠગાઈનો આરોપ લગાવ્યો હતો. 'શો સ્ટોપર'ના પ્રોડ્યુસર મનીષ હરિશંકરે આરોપ લગાવ્યો હતો કે, આ શોમાં અક્ષય કુમારને હોસ્ટ બનાવવાના નામે દિગાંગનાએ ઠગાઈ કરી હતી. દિગાંગનાની ટીમે આરટીઆઈ હેઠળ મળેલી માહિતીના આધારે દાવો કર્યો હતો કે, પોલીસ તપાસમાં દિગાંગના સામેના તમામ આરોપ પાયાવિહોણા સાબિત થયા છે. દિગાંગનાની ટીમે ઓફિશિયલ સ્ટેટમેન્ટમાં જણાવ્યું હતું કે, મનીષ હરિશંકરે દિગાંગના સૂર્યવંશી પર લગાવેલા તમામ આરોપ અંગે મુંબઈ પોલીસે તપાસ કરી હતી અને તે પાયાવિહોણા ઠર્યા છે. મુંબઈ પોલીસે આ મામલે તપાસ બંધ કરી દીધી છે. પોલીસ તપાસ દરમિયાન કોઈ નિવેદન આપવું યોગ્ય ન હતું. પોલીસ દ્વારા સત્તાવાર તપાસ થાય તેની રાહ જોઈ અને તેમાં દિગાંગના સામેના આક્ષેપો તથ્યવિહોણા પુરવાર થયા છે. તપાસમાં સત્યને બહાર લાવવા બદલ મુંબઈ પોલીસનો આભાર. દિગાંગનાની પ્રતિષ્ઠા સ્વચ્છ રહી છે અને આ તપાસમાં તેને સમર્થન મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, મનીષ હરિશંકરે દિગાંગના સામે મુંબઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મુંબઈ પોલીસ પાસેથી મળેલી વિગતો બાદ દિગાંગનાએ મનીષ સામે બદનક્ષીન દાવો માંડવા કમર કસી છે. પોતાની પ્રતિષ્ઠા ખરડવા અને બદનામ કરવાના આરોપસર હવે દિગાંગનાએ પ્રોડ્યુસર સામે મોરચો માંડ્યો છે.

જાન્હવી કપૂર સાથેની 'ઉલઝ'ની નિષ્ફળતાને સ્વીકારી

સંઘર્ષરૂપી મીઠું ભભરાવ્યું હોય તો સફળતા વધુ મીઠી લાગે : ગુલશન

જાન્હવી કપૂર અને ગુલશન દેવૈયાને લીડ રોલમા દર્શાવતી ફિલ્મ 'ઉલઝ' બીજી ઓગસ્ટે રિલીઝ થઈ છે. ૨૦૨૪ના વર્ષમાં ખૂબ ચર્ચાસ્પદ રહેલી આ ફિલ્મ બોક્સઓફિસ જાદુ ચલાવી શકી નથી. શરૂઆતથી જ 'ઉલઝ'ને ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. લીડ એક્ટર ગુલશન દેવૈયાએ ફિલ્મની આ નિષ્ફળતાને ખેલદિલીથી સ્વીકારતાં સોશિયલ મીડિયા પર જણાવ્યુ હતું કે, સંઘર્ષરૂપી મીઠું ભભરાવેલું હોય તો સફળતા વધુ મીઠી લાગે છે. સુધાંશુ સરિયાના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મમાં ગુલશન દેવૈયા અને જાન્હવીનીસાથે રોશન મેથ્યુ, મિયાન ચાંગ, રાજેશ તૈલંગ મહત્ત્વના રોલમાં છે. ગુલશન દેવૈયાએ એક્સ પ્લેટફોર્મ પર 'ઉલઝ'નો બોક્સઓફિસ રિપોર્ટ રી-શેર કર્યો હતો. આ સાથે જણાવ્યું હતું કે, સંઘર્ષ એ એવું મીઠું છે, જેને ભભરાવ્યા વગર સફળતા મીઠી લાગતી નથી. સંઘર્ષ નહીં કરનાર ક્યારેય જીવનમાં કશું મેળવી શકે નહીં. ગુલશને જણાવ્યુ હતું કે, ફિલ્મો હિટ-ફ્લોપ રહ્યા કરે, પણ તેનાથ ડગી જવાનું હોય નહીં. ઉલ્લેખનીય છે કે, બોક્સઓફિસ પર 'ઉલઝ'ની સીધી ટક્કર અજય દેવગનની 'ઔરો મેં કહાં દમ થા' સાથે થઈ હતી. 'ઉલઝ'માં જાન્હવીએ ઈન્ડિયન ફોરેન સર્વિસ ઓફિસર સુહાના ભાટિયાનો રોલ કર્યો છે. લંડનમાં ડેપ્યુટી હાઈ કમિશનર તરીકે ફરજ બજાવતી સુહાનાનો પરિવાર દેશભક્ત છે. ત્રણ મહિનાની નોકરી દરમિયાન તેને નકુલ (ગુલશન) સાથે પ્રેમ થાય છે. લવ સ્ટોરી ખાસ પ્રગતિ કરે તે પહેલાં જાન્હવીના જીવનમાં દરેક મોરચે ઝંઝાવાતનું આગમન થાય છે.

અમેરિકન વર્ઝનમાં પ્રિયંકાએ કામ કર્યું હતું

શું મૂળ સિરીઝ કરતાં પણ વધુ સફળ થશે?

જેની દર્શકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એવી 'સિટાડેલ હની બની'નું પહેલુ ટીઝર જાહેર થઈ ચૂક્યું છે. તેનાં અમેરિકન વર્ઝનમાં પ્રિયંકા ચોપરાએ કામ કર્યું હતું. હવે ઈન્ડિયન વર્ઝનમાં વરુણ ધવન અને સમંથા રુથ પ્રભુ જોવા મળશે. ત્યારે એવી ચર્ચા થઈ રહી છે કે આ સિરીઝની સફળતા મૂળ સિરીઝને પણ વટાવી જશે. આ ટીઝરની શરૂઆત વરુણ અને સમન્થાના રહસ્યમય ઈન્ટ્રોડક્શનથી થાય છે, જે અચાનક એક જોરદાર એક્શન સીનમાં ફેરવાઈ જાય છે, જેમાં બૅકગ્રાઉન્ડમાં 'નમક હલાલ' ફિલ્મનાં ગીતનું રિમીક્સ વર્ઝન 'રાત બાકી' પણ સંભળાય છે. આ ટીઝર લૉંચ થયા બાદ એક પ્રેસ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વરુણ ધવને સમંથાના અભૂતપૂર્વ ડેડિકેશનના વખાણ કર્યા હતા. ખાસ કરીને સમંથાની મિયોસિટીસ સામેની લડત વિશે વરુણે વાત કરી હતી. તેણે સમંથાના કોઈ પણ પરિસ્થિતિ સામે લડવાના સ્વભાવ અને તેનું ડેડિકેશન કેવી રીતે ડિરેક્ટર અને એમેઝોનની સમગ્ર ટીમને પ્રેરણા આપતું હતું તે વિશે પણ વાત કરી હતી. સમંથાએ તેના તબિયતના પડકારો છતાં તેના એક્શન સીક્વન્સમાં નોંધપાત્ર મહેનત કરી હતી, જે તેનું ખૂબ મહેનત સાથેનું રિહર્સલ અને કમિટમેન્ટ દર્શાવે છે. આ સાથે આ સિરીઝમાં વરુણ અને સમંથા વચ્ચેની કેમેસ્ટ્રી પણ આગ લગાવે એવી જોવા મળશે. તેથી વરુણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સિરીઝ મૂળ સિરીઝ કરતાં પણ વધુ સફળ થશે. તે ઉપરાંત આ વખતે આ સિરીઝમાં ભારતનાં પોતાનાં કે કે મેનન, સિકંદર ખેર જેવા કલાકારો પણ સ્ટોરીને વધુ પાવરફૂલ બનાવવામાં મદદ કરશે. કલાકારોનું આવું મિશ્રણ જોવા માટે પણ ઘણા પ્રાઈમના દર્શકો ઉત્સુક છે. અમેરિકન એજન્ટના જીવન પર આધારિત અમેરિકન સિરિઝનું આ ઈન્ડિયન વર્ઝ નછે. અમેરિકન સિરીઝ જોશ એપેલબમ, બ્રાયન ઓહ એને ડેવિડ વેઈલ દ્વારા પ્રોડ્યુસર્સ રુસો બ્રધર્સ સાથે મળીને બનવવામાં આવી હતી.

શ્રદ્ધા કપૂરનું બ્રેક અપ, રાહુલ મોદીને અનફોલો કર્યો

શ્રદ્ધા અને રાહુલ મોદી ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે, તેમને ઘણી વાર સાથે સ્પોટ કરવામાં આવ્યા છે

શ્રદ્ધા કપૂર પોતાની ફિલ્મો ઉપરાંત પર્સનલ લાઈફના કારણે ચર્ચામાં રહેતી હોય છે. શ્રદ્ધા અને રાહુલ મોદી ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે. તેમને ઘણી વાર સાથે સ્પોટ કરવામાં આવ્યા છે. 'તુ જૂઠી મૈં મક્કાર'ના રાઈટર રાહુલ મોદી અને શ્રદ્ધાએ ક્યારેય પોતાના રિલેશન્સને નકાર્યા ન હતા. જો કે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ અને જાહેરમાં વર્તનના કારણે બોન્ડિંગ અંગે અંદાજ આવી જતો હતો. શ્રદ્ધાએ રાહુલ મોદીને સોશિયલ મીડિયા પર અન ફોલો કરી દીધો હોવાના કારણે તેમની વચ્ચે બ્રેકઅપની અટકળો વધી છે. શ્રદ્ધા કપૂર હાલ આગામી ફિલ્મ 'સ્ત્રી ૨' માટે ચર્ચામાં છે. રાજકુમાર રાવ અને શ્રદ્ધા પહેલી વાર સાથે કામ કરી રહ્યાં છે. બંને સ્ટાર્સ હાલ પોતાની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે ત્યારે શ્રદ્ધાની પર્સનલ લાઈફે ચર્ચા જગાવી છે.

શ્રદ્ધાએ રાહુલ મોદીને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધો છે. રાહુલની બહેન, તેનું પ્રોડક્શન હાઉસ અને કૂતરાના એકાઉન્ટને પણ શ્રદ્ધાએ અનફોલો કર્યું છે. આમ, રાહુલ સાથે જોડાયેલી તમામ યાદને સોશિયલ મીડિયાથી ડિસકનેક્ટ કરી દીધી છે. જેના કારણે શ્રદ્ધા અને રાહુલ વચ્ચે બ્રેકઅપ થયું હોવાની અટકળોને વેગ મળ્યો છે. આ અટકળો અંગે પણ શ્રદ્ધા અને રાહુલ તરફથી કોઈ અપડેટ આવી નથી. બોલિવૂડમાં પાછલા કેટલાક સમયથી બ્રેકઅપની મોસમ ચાલી રહી હોય તેમ જણાય છે. અગાઉ અર્જુન કપૂર અને મલાઈકા અરોરા વચ્ચે વધી રહેતા અંતરના સમાચાર હતા. તેઓ કોઈ ઈવેન્ટમાં સાથે હોય તો પણ એકબીજા સાથે વાત કરતા નથી. ત્યારબાદ રિતિક રોશન અને સબા આઝાદે બ્રેકઅપ કર્યુ હોવાનું કહેવાય છે. રિતિક અને સબાએ પણ આ અંગે કોઈ ખુલાસો કર્યો નથી. બોલિવૂડની આ ત્રીજી જોડીએ બ્રેકઅપ કર્યુ હોવાના સમાચાર આવ્યા છે.

કરીના અને આયુષ્માનને સ્ક્રિપ્ટ ખૂબ ગમી હતી

કરીના સાથે ફિલ્મની ઓફર સ્વીકાર્યા બાદ આયુષ્માન ખુરાનાએ પલટી મારી

એ-ગ્રેડ સ્ટાર સાથે જ કામ કરવાનો આગ્રહ રાખતી કરીનાના દિવસો સાચા અર્થમાં બદલાયાં

કરીના કપૂર ખાનનો સિતારો બુલંદી પર હતો ત્યારે તે નવોદિત એક્ટર્સ સાથે કામ કરવાની ના પાડી દેતી હતી. શાહરૂખ-અક્ષય જેવાં મોટાં સ્ટાર હોય તો જ ફિલ્મમાં કામ કરવાનો આગ્રહ કરીના રાખતી હતી. કો-સ્ટાર્સની પસંદગીમાં નિશ્ચિત ગમા-અણગમા સાથે કામ કરનારી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયા હોય તેમ લાગે છે. આયુષ્માન ખુરાનાને હજુ એ-ગ્રેડ સ્ટાર્સની કેટેગરીમાં સ્થાન મળ્યું નથી. એક્ટર તરીકે આયુષ્માનની પ્રશંસા થાય છે, પરંતુ કરીનાએ અગાઉ નક્કી કરેલા માપદંડો મુજબ તે મોટો સ્ટાર નથી. આયુષ્માન અને કરીનાને લીડ રોલમાં રાખી ડાયરેક્ટર મેઘના ગુલઝારે એક ફિલ્મ ફાઈનલ કરી હતી. ફિલ્મનું શૂટિંગ શરૂ થતાં પહેલાં જ આયુષ્માન ખુરાનાએ શૂટિંગ માટે સમય ન હોવાનું કારણ દર્શાવી ના પાડી દીધી છે. જેના કારણે ડાયરેક્ટરે રીપ્લેસમેન્ટ શોધવા તજવીજ હાથ ધરી છે. મેઘના ગુલઝારે કરીના કપૂર ખાનને લીડ રોલમાં રાખીને 'દાયરા' પ્લાન કરી હતી. આયુષ્માન ખુરાનાએ કરીના સાથે કામ કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના કારણે ફિલ્મને ફ્લોર પર લઈ જવાની તૈયારીઓ શરૂ થઈ હતી. જો કે આયુષ્માન ખુરાના અત્યારે અમેરિકામાં મ્યૂઝિક ટૂર અને બોર્ડર ૨ના શૂટિંગમાં રોકાયેલો છે. જેના કારણે હાલ કરીના કપૂર ખાન સાથેની ફિલ્મનું શૂટિંગ કરવા માટે સમય નહીં હોવાની તેની દલીલ છે.

રિપોર્ટ્સ મુજબ, આયુષ્માન ખુરાના તરફથી ફિલ્મની ટીમને તારીખો નહીં હોવા બાબતે જાણ કરી દેવાઈ છે. જેના કારણે મેઘના ગુલઝારે રીપ્લેસમેન્ટ શોધવા મથામણ શરૂ કરી છે. મેઘના ગુલઝારની આ ફિલ્મ સત્ય ઘટનાઓ પર આધારિત હોવાનું કહેવાય છે. કરીના અને આયુષ્માનને આ સ્ક્રિપ્ટ ખૂબ ગમી હતી. આરુષિ તલવાર હત્યાકાંડ જેવા જ ચકચારી કેસના આધારે આ ફિલ્મ બનવાની હતી. કરીના અને આયુષ્માને મૌખિક સંમતિ આપી હતી, પરંતુ પેપર વર્ક થાય તે પહેલાં જ આયુષ્માન ખુરાનાએ આ પ્રોજેક્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. આયુષ્માન ખુરાના માટે આવનારું વર્ષ ખૂબ વ્યસ્ત રહેવાનું છે. બોર્ડર ૨ અને અમેરિકા ટૂર ઉપરાંત તેની પાસે બે ફિલ્મ છે. સારા અલી ખાન સાથે સ્પાય કોમેડી અને રશ્મિકા મંદાના સાથે હોરર કોમેડીમાં આયુષ્માન જોવા મળે છે. કરીના કપૂર પાસે હાથ પર ખાસ ફિલ્મો નથી. તાજેતરમાં રિલીઝ થયેલી 'ક્રૂ' સારી ચાલી હતી, પરંતુ તે સિવાય કરીના પાસે ખાસ ફિલ્મો નથી. કરીનાએ પણ વાસ્તવિકતા સ્વીકારી લીધી હોય તેમ સ્ટારડમની દૃષ્ટિએ ઘણાં પાછળ કહી શકાય તેવા જયદીપ અહલાવત સાથે વેબ સિરીઝમાં કામ કર્યું હતું. આયુષ્માન પાસે હકીકતમાં તારીખો નહીં હોય અને તેણે ના પાડી હશે તેવું માની લઈએ તો પણ, કરીના પોતે અગાઉ ઘણાં નવોદિતો સાથે કરી ચૂકી છે, તેવું વર્તન તેની સાથે થયું છે.

શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડી દેતા કંગના રનૌતે કહ્યું:-

ખુદ મુસ્લિમ પણ મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી

વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધ બાદ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું અને પોતાનો દેશ છોડીને ભારત આવી ગયા

વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધ બાદ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું અને પોતાનો દેશ છોડીને ભારત આવી ગયા. દુનિયાની નજર આ સમગ્ર મામલા પર ટકેલી છે. આ દરમિયાન સાંસદ-અભિનેત્રી કંગના રનૌતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગનાએ આ મામલાને લોકોની સુરક્ષા સાથે જોડીને ધાર્મિક એંગલ આપ્યો છે. કંગનાના કહેવા પ્રમાણે, મુસ્લિમ દેશમાં જે પણ રહે છે તે સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમ લોકો પણ નથી. શેખ હસીનાએ રાજીનામું આપીને દેશ છોડવાના સમાચાર શેર કરતાં કંગનાએ X પર લખ્યું- ભારત આપણી આસપાસના તમામ ઈસ્લામિક ગણરાજ્યની મૂળ માતૃભૂમિ છે. બાંગ્લાદેશના માનનીય વડાપ્રધાન ભારતમાં સલામતી અનુભવે છે એ જાણીને આપણે સન્માનિત અને ખુશ છીએ, પરંતુ ભારતમાં રહેતા તમામ લોકો પૂછતા રહે છે કે હિન્દુ રાષ્ટ્ર કેમ? રામ રાજ્ય શા માટે? સારું, શા માટે તે સ્પષ્ટ છે !!! મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમો પણ નહીં. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને બ્રિટનમાં જે કંઈ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે રામ રાજ્યમાં રહીએ છીએ. જય શ્રી રામ !! તમને જણાવી દઈએ કે, શેખ હસીના સરકારે ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી માટે લડનારા સ્વાતંત્ર્ય સેનાનીઓના સંબંધીઓ માટે ઘણી સિવિલ સેવાઓમાં આરક્ષણની જાહેરાત કરી હતી. જેના વિરોધમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. ભારે વિરોધનો સામનો કર્યા બાદ સરકારે અમુક અંશે ક્વોટા પાછો ખેંચી લીધો હતો. તેમ છતાં વિદ્યાર્થીઓનો વિરોધ ચાલુ રહ્યો હતો. કારણ કે શેખ હસીનાએ વિરોધ પ્રદર્શન બાદ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા સેનાને બોલાવી હતી. આ સમયગાળા દરમિયાન થયેલી હિંસામાં સેંકડો વિદ્યાર્થીઓના મોત થયા હતા. જેના કારણે મામલો વધુ ઉગ્ર બન્યો હતો. જેના કારણે શેખ હસીનાના રાજીનામાની માંગ કરવામાં આવી રહી હતી.

ફિટનેસ માઈલસ્ટોન, ૧ દિવસમાં ૧૫ કિમી ચાલી નાખ્યું

ફેશન, ફિટનેસ અને રૂટિન અપડેટ માટે રકુલ પ્રીત સિંહ સોશિયલ મીડિયા પર ખબૂ એક્ટિવ રહેતી હોય છે

ફેશન, ફિટનેસ અને રૂટિન અપડેટ માટે રકુલ પ્રીત સિંહ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતી હોય છે. રકુલે તાજેતરમાં પોતાના ફિટનેસ માઈલ સ્ટોનની સિદ્ધિ શેર કરી હતી. રકુલે સોશિયલ મીડિયા પર સ્માર્ટ વોચનો ફોટોગ્રાફ શેર કરીને જણાવ્યું હતું કે, એક દિવસમાં તેણે ૧૫ કિમી કરતાં વધારે ચાલી નાખ્યું છે. આનંદમાં નાચતી છોકરીઓની ઈમોજી મૂકીને રકુલે બધાં દિવસ આવાં જાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. રકુલ પ્રીતના પતિ અને ફિલ્મ પ્રોડ્યુસર જેકી ભગનાનીએ આ ફોટોગ્રાફ ક્લિક કર્યો હતો. રકુલે જેકીને બેસ્ટ ફોટોગ્રાફર ગણાવ્યો હતો. તેઓ તાજેતરમાં વેકેશન પર ગયા ત્યારે આ ફોટોગ્રાફ લેવાયો હતો. રકુલ અને જેકીએ ફેબ્રુઆરીમાં લગ્ન કર્યા હતા. રકુલ પ્રીતે પોતાના લગ્નના ફોટોગ્રાફ્સ અને બાદમાં વેકેશનની યાદોને સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તાજેતરમાં ફ્લોપ રહેલી કમલ હાસનની ફિલ્મ ઈન્ડિયન ૨માં રકુલ પ્રીત સિંહનો મહત્ત્વનો રોલ હતો. આગામી સમયમાં ઈન્ડિયન ૩, દે દે પ્યાર દે ૨ અને મેરી પત્ની કા રીમેકમાં રકુલ જોવા મળશે. ૨૦૦૯ના વર્ષમાં કન્નડ ફિલ્મ ગિલ્લીથી કરિયર શરૂ કરનારી રકુલે તમિલ, તેલુગુ અને કન્નડ ઉપરાંત હિન્દી ફિલ્મોમાં પણ રોલ કર્યા છે. રકુલની ફિલ્મી કરિયર સ્થિર ગતિએ ચાલી રહી છે ત્યારે તેના પતિ જેકી ભગનાની મુશ્કેલીમાં છે. સાઉથની ફિલ્મોથી લઈને બોલિવૂડમાં પોતાના અભિનયથી પોતાની ઓળખ બનાવનારી રકુલપ્રીત સિંહ હાલ પોતાની મેરિડ લાઈફ એન્જોય કરી રહી છે. ઉપરા-છાપરી ફ્લોપ ફિલ્મોના કારણે જેકી ભગનાનીનું પ્રોડક્શન હાઉસ ખોટમાં ચાલી રહ્યું છે અને માથે જંગી દેવું છે. આ દેવું ચૂકવીને ફરી મોટી ફિલ્મો બનાવી શકાશ તેવા વિશ્વાસ સાથ જેકી અને તેના પિતા વાસુ ભગનાની આગળ વધી રહ્યા છે. રકુલપ્રીતે ૨૦૧૭માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેને એડલ્ટ સીન કરવામાં કોઈ વાંધો નથી. ત્યારે રકુલને પૂછવામાં આવ્યું હતું કે શું તેને ફિલ્મમાં કિસના સીન કરવામાં કોઈ વાંધો છે? તો તેણે કહ્યું હતું કે,"જો સ્ક્રિપ્ટમાં આવા સીનની જરૂર હોય તો હું એ સીન જરૂર કરીશ. તેના માટે હું તૈયાર છું." સાથે રકુલે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે તે આવા સીન એક જ શરતે કરશે. તેણે કહ્યું કે, "આવા સીનથી ફિલ્મની પબ્લિસિટી ન થવી જોઈએ." રકુલે એમ પણ કહ્યું હતું કે એક્ટ્રેસના ગ્લેમરસ કપડાં એ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો એક જરૂરી ભાગ છે. દરેક ફૅન ઈચ્છે છે કે તેઓ તેમની મનપસંદ અભિનેત્રીને ગ્લેમરસ કપડાંમાં જુએ.

GSVએ એવિએશન સેક્ટર માટે "સેફ્ટી મેનેજમેન્ટ સિસ્ટમ" પર એક્ઝિક્યુટિવ ટ્રેનિંગનું આયોજન કર્યું

। નવી દિલ્હી, તા.૭ ।

ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય (GSV) એ ગઈકાલથી એશિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ (AITD) દ્વારકા, નવી દિલ્હી ખાતે ઉડ્ડયન ક્ષેત્ર માટે તેનો પ્રથમ એક્ઝિક્યુટિવ તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો છે. ૫ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ સુધીનો ત્રણ દિવસીય કાર્યક્રમ કાર્યરત વ્યાવસાયિકો માટે "સેફ્ટી મેનેજમેન્ટ સિસ્ટમ્સ" પર કેન્દ્રિત હશે, તે એરબસના સહયોગથી હાથ ધરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમને ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળ્યો છે, જેમાં ઈન્ડિગો, વિસ્તારા જેવી અગ્રણી એરલાઈન્સના સહભાગીઓ તેમજ એરબસ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો છે. ઉલ્લેખનીય છે કે, આ કોર્સમાં નેપાળના ચાર અને ભૂટાનના ચાર પ્રતિનિધિઓ સહિત આંતરરાષ્ટ્રીય વ્યાવસાયિકો પણ ભાગ લઈ રહ્યા છે. પ્રોગ્રામ માટેના પ્રશિક્ષકો ઉદ્યોગના અગ્રણી નિષ્ણાતો છે.

કોર્સનું ઉદ્ઘાટન નાગરિક ઉડ્ડયન મંત્રાલયના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના ડાયરેક્ટર જનરલ ગ્રૂપ કેપ્ટન જીવીજી યુગાંધર અને એર ઈન્ડિયા એવિએશન એકેડમીના ડિરેક્ટર શ્રી સુનિલ ભાસ્કરન દ્વારા જીએસવીના વાઈસ ચાન્સેલર પ્રો. મનોજ ચૌધરી અને ડીન (એક્ઝિક્યુટિવ એજ્યુકેશન) પ્રો. પ્રદીપ ગર્ગની ઉપસ્થિતિમાં કર્યું.

નોંધનીય છે કે ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય (રેલવે મંત્રાલય હેઠળ સંચાલિત એક કેન્દ્રીય યુનિવર્સિટી) સમગ્ર પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને આવરી લેવાના આદેશ સાથે તાજેતરમાં ભારતમાં એરોસ્પેસ શિક્ષણ, તાલીમ અને સંશોધનને પ્રોત્સાહન આપવા એરબસ સાથે ભાગીદારીની જાહેરાત કરી હતી. "ઉદ્યોગ-સંચાલિત" અભિગમમાં કામ કરીને, GSV પહેલેથી જ રેલવે, બંદરો અને શિપિંગ અને મેટ્રો રેલ ટેક્નોલોજી જેવા વિવિધ પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રો માટે નિયમિત શિક્ષણ (સ્નાતક/માસ્ટર્સ/ડોક્ટરલ સ્તર) અને એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામનું સંચાલન કરી રહ્યું છે. GSVએ આ શૈક્ષણિક વર્ષથી એવિએશન એન્જિનિયરિંગમાં મ્ીષ્ઠરની પણ શરૂઆત કરી છે.

દાહોદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સફળતાપૂર્વક ડિલીવરી કરાવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ગત તા.૦૭-૦૮-૨૦૨૪ના રોજ ખરેડી ગામના વતની અમીષાબેન ઈલેશભાઈ ડામોરને પ્રસૂતિનો દુખાવો થતાં ગુજરાત સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સના નિષ્ણાત ઈ.એમ.ટી સુશીલા પટેલ દ્વારા રસ્તામાં માતાને ચેક કરતાં પ્રથમ ડિલિવરી હતી ને એમ્બ્યુલન્સમા ડિલિવરી કરાવું પડે એમ હતું તો માતાને ચેક કરતા બાળકના ગળામાં ગર્ભનાળ વીંટાઈ ગઈ હોય તેવું માલૂમ પડતાં તાત્કાલિક એમ્બ્યુલન્સમાં ડિલીવરી કરાવવાની જરૂરિયાત લાગતાં દાહોદ સ્થિત ૧૦૮ ના

પ્રાથમિક સારવારના નિષ્ણાત એવા ઈ.એમ.ટી સુશીલા પટેલ તથા પાઈલોટ અશ્વિનભાઈ બારિયા દ્વારા અમદાવાદ સ્થિત હેડ ઓફિસમાં હાજર ફિજીશીયન ડો. પરમારના ઓનકોલ માર્ગદર્શન મેળવી એમ્બ્યુલન્સમાં સફળતાપૂર્વક ડિલિવરી કરાવી હતી.

શાળાકીય સ્પર્ધાઓ (SGFI) અંતર્ગત અમદાવાદ શહેરમાં વોર્ડ કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ

મણિનગર, કુબેરનગર અને સરદારનગર વોર્ડની વોર્ડ કક્ષા સ્પર્ધામાં અંદાજિત ૧૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમદાવાદ દ્વારા આયોજિત શાળાકીય સ્પર્ધાઓ (SGFI) અંતર્ગત અમદાવાદ શહેરમાં વોર્ડ કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. મણિનગર, કુબેરનગર અને સરદારનગર વોર્ડની વોર્ડ કક્ષા વોલીબોલ સ્પર્ધામાં અંદાજિત ૧૦૦થી વધુ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અંડર ૧૪ વયજૂથના ૧૦૦ થી વધુ ખેલાડીઓએ સ્પર્ધામાં લીધો ભાગ

બીબીપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શાળાકીય સ્પર્ધાઓ (SGFI) અંતર્ગત જિલ્લા કક્ષા ચેસ સ્પર્ધા યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી અમદાવાદ આયોજિત શાળાકીય સ્પર્ધાઓ (SGFI) જિલ્લા કક્ષા ચેસ સ્પર્ધા બીબીપુરા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ, જેમાં અંડર ૧૪ વયજૂથનાં યુવક-યુવતીઓ મળીને ૧૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બીબીપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૧ ઓગસ્ટ સુધી ચાલનારી અમદાવાદ જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં અંડર ૧૪, અંડર ૧૭, અંડર ૧૯ વયજૂથના ખેલાડીઓ ભાગ લેનાર છે.

સરકારની મહિલા શક્તિ કરણની વાતો માત્ર કાગળ ઉપર

દેવગઢ બારીઆ તાલુકાની ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચ હોવા છતાં વહીવટ પતિદેવ કરે છે

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૭ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકા ની મોટા ભાગ ની ગ્રામ પંચાયતો માં સરપંચ તરીકે મહિલા સત્તા ભોગવે છે તથા બીજી પંચાયતો માં સરપંચ ની મુદ્દત પૂરી થતાં વહીવટદાર સંચાલન કરે છે પંરતુ સરકાર ની મહિલા શક્તિકરણ ની વાતો ને આ દેવગઢ બારીઆ તાલુકા માં મજાક બનાવી હોય તેવું લાગી રહ્યું છે ગ્રામ પંચાયત ની મિટિંગ હોય કે તાલુકા પંચાયત માં મિટિંગ હોય તેમાં અમુક જ ગ્રામ પંચાયતો ના જ મહિલા સરપંચ હાજર હોય છે બાકી ગ્રામ પંચાયત ના ઠરાવ થી માંડી બેંક તથા બીજા અન્ય કામો માં બારોબાર મહિલા સરપંચ ના પતિ જ મોટા તમામ પ્રકાર ગ્રામ પંચાયતના કામકાજ માં મહિલા સરપંચ ના પતિ સહી કરતા હોય તેવું લોક મુખે ચર્ચા દ્વારા જાણવા મળેલ છે આ કૌભાંડો માં તાલુકા પંચાયત ના મોટા ભાગ ના કર્મચારીઓ અને અધિકારીઓ પણ મળેલા છે અને તેમની ટકાવારીઓ પણ નક્કી કરાયેલ છે જો આ બાબત ની ઉચ્ચ ન્યાયિક તપાસ કરાવવા માં આવે તો ખુબ મોટામોટા કૌભાંડો બહાર આવવા ની શક્યતાઓ છે સરકાર ની મહિલા શકિતકરણ ની વાતો માત્ર કાગળ ઉપર જ ગણતું હોય અહી નું સરકારી તંત્ર તેવું લાગે છે શું દાહોદ જીલ્લા નું સરકારી તંત્ર આ બાબત ની તપાસ કરશે કે પછી પતિદેવો ને વહીવટ કરવા માટે છુટ આપશે જો દેવગઢ બારીઆ તાલુકા ના મોટા ભાગ ના ગામો માં તપાસ કરાવવા માં આવે તો નરેગા વિભાગ તથા સામાજિક વનીકરણ ના કામો પણ કાગળ પર જ થતા હોય તેની ચર્ચાએ પણ જોર પકડ્યું છે મોટાભાગ ની પંચાયતો માં તો માત્ર કાગળ પર નરેગા ના લાખો રૂપિયા ના કામો બતાવી લાખો કરોડો રૂપિયા નું કૌભાંડ કરેલ છે આ બાબત ની તપાસ થાય અને જવાબદાર અધિકારીઓ અને મહિલા સરપંચ ની સહી ના નમૂના અને પતિદેવ દ્વારા કરવા માં આવેલ સહી ના નમૂના લઈ તપાસ કરી કડક કાર્યવાહી થાય.

'વૃક્ષારોપણમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતે સ્થાપ્યો નવો કીર્તિમાન'

'એક પેડ મા કે નામ' અભિયાનમાં અત્યાર સુધીમાં ગુજરાત ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે : વન મંત્રી મુળુભાઈ બેરા

। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' તા. ૫ જૂન નિમિતે શરૂ કરાયેલું રાષ્ટ્રવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશમાં 'જન અભિયાન' પ્રસ્થાપિત થઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૮.૮૮ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે.

આ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ આજ સુધીમાં દેશના ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૨૯.૩૭ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે તેમ, વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા 'એક પેડ મા કે નામ' અભિયાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું.

વન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના પર્યાવરણલક્ષી 'એક પેડ મા કે નામ' અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાત ના મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે. આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ બાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડની વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશમાં અગ્રેસર છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ, જણાવી મંત્રીશ્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વિગતો આપતાં કહ્યું કે, તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૫૭.૨૬ લાખ જ્યારે શહેરી વિસ્તારમાં ૧ લાખ એમ સૌથી વધુ કુલ ૫૮.૨૯ લાખ વૃક્ષારોપણ સાથે સુરત જિલ્લો રાજ્યમાં અવ્વલ નંબર પર છે. આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે ભરૂચ જિલ્લામાં ૪૩.૩૩ લાખ, બનાસકાંઠામાં ૪૩.૩૩ લાખ, કચ્છમાં ૪૨.૮૮ લાખ, તાપીમાં ૩૯.૮૩ લાખ, પંચમહાલમાં ૩૪.૨૭ લાખ, મહીસાગરમાં ૩૩.૧૦ લાખ, નર્મદામાં ૩૦.૧૫ લાખ, વલસાડમાં ૩૧.૦૧ લાખ તેમજ ડાંગ જિલ્લામાં ૨૯.૩૭ લાખ એમ કુલ ૩૩ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષો 'એક પેડ મા કે નામ' અભિયાનમાં વાવવામાં આવ્યા છે.

અધિક કલેક્ટર કલ્પનાબેન ગઢવીના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગૃપની બેઠક યોજાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

અધિક કલેક્ટર SEOC શ્રી કલ્પનાબેન ગઢવીના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર - SEOC ગાંધીનગર, ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો અધિક કલેક્ટર SEOC શ્રી કલ્પનાબેન દ્વારા આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં IMD ના અધિકારીશ્રી દ્વારા વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી સપ્તાહ દરમિયાન તા.૦૬ ઓગસ્ટ થી ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી રાજ્યમાં ભારે/હળવા થી મધ્યમ વરસાદની આગાહી બાબતે અધિક કલેક્ટરશ્રી દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા જણાવ્યું હતું. હાલમાં પરિસ્થિતિને ધ્યાને રાખી વરસાદ બંધ થયા બાદ પાણી ભરાઈ ન રહે, રોગચાળો ન ફેલાય તથા બંધ રોડ-રસ્તા સત્વરે પૂર્વવત કાર્યરત થાય તે અંગે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટને જરૂરી કાર્યવાહી કરવા શ્રી કલ્પનાબેન ગઢવીએ જણાવ્યું હતું તથા સરદાર સરોવર ડેમ અને નદીઓના લેવલ અંગે લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

અમદાવાદ ખાતે પરંપરાગત જનજાતિય ચિત્રકલાનું 'આદિ ચિત્ર' પ્રદર્શન યોજાયું

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

કેન્દ્ર સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય અંતર્ગત ટ્રાઈબલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ડેવલપ મેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (TRIFED) દ્વારા શહેરના નવરંગપુરા સ્થિત અમદાવાદની ગુફા ખાતે 'આદિ ચિત્ર' પ્રદર્શન યોજાયું હતું. જેનું ઉદ્ઘાટન આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે કરાયું હતું. તા.૬ ઓગસ્ટથી તા.૧૧ ઓગસ્ટ સુધી શહેરીજનો આ પ્રદર્શનને નિહાળી શકશે.

આદિવાસીઓની કલા અને હસ્તકલા જીવંત રહે તથા સમયની સાથે વિકાસ પામે તેવા હેતુથી આ પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આવાં પ્રદર્શનો થકી આદિવાસી સમુદાયો આજીવિકા પણ કમાઈ શકે. 'આદિ ચિત્ર'માં વિવિધ પ્રકારનાં ચિત્રો જેવા કે, મધ્યપ્રદેશના ગોંડ પેઈન્ટિંગ્સ, ઓડિશાના સૌરા પેઈન્ટિંગ્સ, મહારાષ્ટ્રના વારલી પેઈન્ટિંગ્સ, ગુજરાતના પિથોરા પેઈન્ટિંગ્સ જેવા અનેક પ્રકારના વિવિધ રાજ્યોના આદિવાસીઓએ કંડારેલાં ચિત્રો પ્રદર્શિત કરાયાં હતાં.

શહેરીજનો આગામી ૧૧ ઓગસ્ટ સુધી આ પ્રદર્શનને વિનામૂલ્યે નિહાળી શકશે તથા મનપસંદ ચિત્રોની આકર્ષક ડિસ્કાઉન્ટ સાથે ખરીદી પણ કરી શકશે.

આજનું રાશિ ભવિષ્ય.....

મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારે પોતાની લાગણીઓ પર અંકુશ રાખવાણી જરૂર છે ખાસ કરીને ગુસ્સો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

વૃષભ (બ,વ,ઉ) :

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે?

મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારી મદદ કરવાની ટેવ લોકોને મોહિત કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. આજે તમે ડેટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

કર્ક (ડ,હ) :

આજના દિવસે મોટી ઉમરના લોક તથા મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો?

સિંહ (મ,ટ) :

આજે પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે ચિંતામાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

તુલા (ર,ત) :

આજે કોઈ પણ પ્રકારનો સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે.

વૃશ્ચિક (ન,ય) :

આજે સવાથીજ તમે ખૂબ ઊર્જાવાન મહસૂસ કરશો અને દિવસભર ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.

ધન (ભ,ધ,ફ) :

આજે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે. બહેનથી દૂર થવાના વિચારમાત્રથી તમને દુઃખની લાગણી થવાની શક્યતા છે.

મકર (ખ,જ) :

આજે તમે વાહન ચલાવતી વખતે તકેદારી રાખજો. જે લોકોએ પોતાના વધુ પડતાં પૈસા શેર બજારમાં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

કુંભ (ગ,શ,સ) :

આજે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

મીન (દ,ચ,ઝ,થ) :

આજે કામ નું ભારણ વધુ રહેશે પણ તમારે કામની વચ્ચે થોડો આરામ લેવાની જરૂર પડશે તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો.

શેખ હસીનાએ કોઈ દેશ પાસેથી આશ્રય માગ્યો ન હતો

। (એજન્સી) ઢાંકા, તા.૭ ।

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પુત્ર સાજીબ વાજેદનું કહેવું છે કે આ તેમની માતાનો છેલ્લો કાર્યકાળ હતો. તે તાજેતરમાં જ પાંચમી વખત અને સતત ચોથી વખત દેશના વડાપ્રધાન બન્યા છે. તેમણે કહ્યું કે હવે બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થા નથી અને અવામી લીગના લોકોને મારવામાં આવી રહ્યા છે. આ અશાંતિ પાછળ જમાત અને બીએનપીનો હાથ છે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશ હવે અફઘાનિસ્તાનના રસ્તે જઈ શકે છે.ભૂતપૂર્વ પીએમ હસીનાના પુત્ર વાજેદે ઈન્ડિયા ટુડેને જણાવ્યું હતું કે, ''મેં ગઈ કાલે તેમની (માતા શેખ હસીના) સાથે વાત કરી હતી. મારો ફોન સતત વાગી રહ્યો છે, તેથી મને ત્યારથી તેમને કૉલ કરવાનો મોકો મળ્યો નથી. તે ઠીક છે. પરંતુ તે નિરાશ છે કે તે નિરાશ છે. બાંગ્લાદેશ માટે ઘણું કર્યું અને છતાં લોકો તેની વિરુદ્ધ થઈ ગયા.સાજીબ વાજેદે પોતાની માતાના કાર્યકાળ વિશે કહ્યું, ''તેમણે દેશને એક ગરીબ દેશ, નિષ્ફળ દેશ, એક ભ્રષ્ટ દેશમાંથી એક સફળ દેશમાં બદલી નાખ્યો. તેણે લોકોના જીવનમાં સુધારો કર્યો છે. અમે આપણા દેશનો વિકાસ કરવા માટે ખૂબ મહેનત કરી છે.'' તેણી (માતા)એ મને કહ્યું કે આ તેણીનો છેલ્લો કાર્યકાળ હશે અને તે હવે ૭૭ વર્ષની છે.શેખ હસીનાએ હાલમાં આશ્રય માંગ્યો નથી અને તેમના પુત્રનું પણ કહેવું છે કે તેમના આશ્રય અંગે ચાલી રહેલા સમાચાર ખોટા છે. તેણે કહ્યું કે હસીનાએ કોઈ દેશ પાસે આશ્રય માંગ્યો નથી. તેણે આવો કોઈ નિર્ણય લીધો નથી. આ તેમને નક્કી કરવાનું છે. તે વિવિધ દેશોમાં તેના પૌત્રોને મળવા આવી શકે છે. અમારો આખો પરિવાર વિદેશમાં રહે છે. આવી સ્થિતિમાં, તેના આશ્રય મેળવવાના સમાચાર અફવા છે.'' બાંગ્લાદેશમાં બગડતી પરિસ્થિતિ અંગે સાજીબ વાજેદે કહ્યું, ''કોઈને આની અપેક્ષા નહોતી. કોઈએ વિચાર્યું ન હતું કે વિદ્યાર્થીઓ અને તેમની પાછળ રહેલા આતંકવાદીઓ આટલા હિંસક બની જશે. અમે દેખાવકારોની તમામ માંગણીઓ પૂરી કરી દીધી હતી, તેથી અમારે વિરોધ કરવો પડ્યો. અમે તેમને પૂછ્યું અને મંત્રણા માટે આમંત્રણ પણ ન આપ્યું, પરંતુ અમને આશા ન હતી કે તેઓ સરકારના રાજીનામાની માંગ કરશે અને પછી સંપૂર્ણપણે હુમલો કરશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ફિજી રિપબ્લિકમાં શ્રી શિવ સુબ્રમણ્ય સ્વામી મંદિર (નાડી)ની મુલાકાત લીધી.

૨૦૧૭માં ગાઝાની અંદર હમાસના નેતા તરીકે ચૂંટાયા હતા

ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ યાહ્યા સિનવાર હમાસના નવા વડા બન્યા છે

। (એજન્સી) હમાસ, તા.૭ ।

૩૧ જુલાઈએ હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ યાહ્યા સિનવારને હમાસના વડા બનાવવામાં આવ્યા છે. રોઈટર્સના અહેવાલ મુજબ, હમાસે કહ્યું, ''ઈસ્લામિક પ્રતિકાર ચળવળ હમાસે આંદોલનના રાજકીય બ્યુરોના વડા તરીકે કમાન્ડર યાહ્યા સિનવારની ચૂંટણીની જાહેરાત કરી છે. યાહ્યા શહીદ કમાન્ડર ઈસ્માઈલ હાનિયાનું સ્થાન લેશે.''યાહ્યા સિનવારે તેની અડધી યુવાની ઈઝરાયેલની જેલમાં વિતાવી છે અને હાનિયાની હત્યા બાદ તે હમાસના સૌથી શક્તિશાળી નેતા છે. યાહ્યા સિનવાર, ૬૧, ગાઝાના ખાન યુનિસમાં શરણાર્થી શિબિરમાં જન્મ્યા હતા અને ૨૦૧૭ માં ગાઝામાં હમાસના નેતા તરીકે ચૂંટાયા હતા. તે ઈઝરાયેલના કટ્ટર દુશ્મન તરીકે ઓળખાયો.રિપોર્ટ અનુસાર, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ એક નિવેદનમાં કહ્યું કે ઈસ્માઈલ હાનિયાની તેહરાનમાં તેમના નિવાસસ્થાનને નિશાન બનાવીને હત્યા કરવામાં આવી છે. હાનિયા રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયનના ઉદ્ઘાટન માટે ઈરાનની રાજધાનીમાં હતી.હમાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હાનિયા ''તેહરાનમાં તેના નિવાસસ્થાન પર વિશ્વાસઘાત ઝાયોનિસ્ટ હુમલામાં'' માર્યા ગયા હતા. IRGCએ જણાવ્યું હતું કે હાનિયાને તેહરાનમાં તેના ઘરની બહારથી ફાયર કરવામાં આવેલા ૭ કિલોગ્રામના વોરહેડ સાથે ''ટૂંકા અંતરના અસ્ત્ર'' દ્વારા માર્યો ગયો હતો. તેણે એક નિવેદનમાં કહ્યું છે કે આ હુમલો ઈઝરાયેલ દ્વારા યુએસ સરકારના સમર્થનથી ''ગુનાહિત'' કરવામાં આવ્યો હતો.'' તપાસ અને વિશ્લેષણના આધારે, આ આતંકવાદી કાર્યવાહી મહેમાનોના નિવાસની બહારથી એક શક્તિશાળી વિસ્ફોટ સાથે આશરે ૭ કિલોગ્રામ વજનના વોરહેડથી સજ્જ ટૂંકા અંતરની મિસાઈલના ફાયરિંગ સાથે કરવામાં આવી હતી,'' IRGC એ નિવેદનમાં જણાવ્યું હતું.

છ નકલી પેઢીઓ બનાવી અને રૂ. ૩૪.૨૩ કરોડની GSTની છેતરપિંડી કરી

। (એજન્સી) રાયપુર, તા.૭ ।

છત્તીસગઢના રાયપુરમાં ૩૪.૨૩ કરોડ રૂપિયાની GSTની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આ સંદર્ભમાં સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (CGST) અને સેન્ટ્રલ એક્સાઈઝની ટીમે એક આરોપીની ધરપકડ કરી છે. અધિકારીઓનું કહેવું છે કે છત્તીસગઢમાં અત્યાર સુધીમાં ૧૯ ટેક્સ ચોરી કરનારાઓની ધરપકડ કરવામાં આવી છે. એજન્સી અનુસાર, આરોપીઓએ છત્તીસગઢના રાયપુર શહેરમાં ૩૪.૨૩ કરોડ રૂપિયાની નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે નકલી કંપનીઓ બનાવી હતી. સીજીએસટીના કર્મચારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

સગીર મુસ્લિમ છોકરીઓને લગ્ન કરવાની છૂટ આપવી કે નહીં તે અંગે સુપ્રીમ કોર્ટ વિચારણા કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

શું ૧૫ વર્ષની મુસ્લિમ છોકરીને પણ મુસ્લિમ પર્સનલ લો અનુસાર લગ્ન કરવાની છૂટ આપી શકાય? સુપ્રીમ કોર્ટ આ અંગે વિચારણા કરશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ મુદ્દે વિવિધ હાઈકોર્ટના અલગ-અલગ નિર્ણયો આવી રહ્યા છે. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. આ નિર્ણયો સામે વિવિધ અરજીઓ દાખલ કરવામાં આવી રહી છે. જો સુપ્રીમ કોર્ટ આને લગતી તમામ અરજીઓની એકસાથે સુનાવણી કરે અને આ અંગે સ્પષ્ટતા આપે તો સારું રહેશે.ઝત્નૈંએ કહ્યું- આ અંગે સ્પષ્ટતાની જરૂર છે. અમે ટૂંક સમયમાં આ અંગે વિચારણા કરીશું. રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાષ્ટ્રીય બાળ સુરક્ષા આયોગે પંજાબ હરિયાણા હાઈકોર્ટના એ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે, જેમાં હાઈકોર્ટે ૧૫ વર્ષની મુસ્લિમ છોકરીના લગ્નને માન્ય જાહેર કર્યા હતા. વાસ્તવમાં, મુસ્લિમ પર્સનલ લો અનુસાર, મુસ્લિમ છોકરી જાતીય પરિપક્વતાના તબક્કે લગ્ન કરી શકે છે.ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની રચના ૭-૮ એપ્રિલ ૧૯૭૩ના રોજ કરવામાં આવી હતી. આ બોર્ડ એવા સમયે બનાવવામાં આવ્યું હતું જ્યારે ભારત સરકાર સમાંતર કાયદા દ્વારા ભારતીય મુસ્લિમોને લાગુ પડતા શરિયા કાયદાને નાબૂદ કરવાનો પ્રયાસ કરી રહી હતી. આ સમયગાળા દરમિયાન દત્તક બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલને સમાન નાગરિક સંહિતાની દિશામાં પ્રથમ પગલું કહેવામાં આવ્યું હતું.

કલમ ૪૦ પર જ કાતરનો ઉપયોગ થશે જે વક્ફને મજબૂતી આપે છે

મુસ્લિમ મહિલાઓ અને બિન-મુસ્લિમોના પ્રતિનિધિત્વની તૈયારી

આ બિલમાં બોહરા અને આગાખાનીઓ માટે અલગ ઓકફ બોર્ડની સ્થાપના કરવાનો પણ પ્રસ્તાવ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં વર્તમાન વક્ફ બોર્ડ એક્ટમાં મોટા સુધારા કરવાની તૈયારી કરી રહી છે. આ અંગેનું બિલ સંસદના આ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. મળતી માહિતી મુજબ, સરકાર આ નવા બિલમાં વક્ફ બોર્ડમાં મોટા ફેરફાર કરી શકે છે. આ નવા કાયદા દ્વારા સરકાર વક્ફ બોર્ડમાં મુસ્લિમ મહિલાઓ અને બિન-મુસ્લિમોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકે છે અને વક્ફ બોર્ડની કેટલીક સત્તાઓ પણ છીનવી શકે છે. આ બિલમાં વક્ફ એક્ટ ૧૯૯૫નું નામ બદલીને ઈન્ટિગ્રેટેડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ ૧૯૯૫ કરવાનો પણ સમાવેશ થાય છે.આ બિલમાં સરકાર વર્તમાન વક્ફ બોર્ડ એક્ટની કલમ ૪૦માં પણ ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. આ નિયમ બોર્ડને કોઈપણ મિલકતને તેની જમીન તરીકે જાહેર કરવાની સત્તા આપે છે. આ નવા બિલમાં સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને રાજ્ય વક્ફ બોર્ડની ભૂમિકામાં નોંધપાત્ર ફેરફાર કરી શકાય છે અને તે આ સંસ્થાઓમાં મુસ્લિમ મહિલાઓ અને બિન-મુસ્લિમોનું પ્રતિનિધિત્વ પણ સુનિશ્ચિત કરે છે.આ બિલમાં બોહરા અને આગાખાનીઓ માટે અલગ ઓકફ બોર્ડની સ્થાપના કરવાનો પણ પ્રસ્તાવ છે. ડ્રાફ્ટ કાયદામાં મુસ્લિમ સમુદાયોમાં શિયા, સુન્ની, બોહરા, અખાખાની અને અન્ય પછાત વર્ગોના પ્રતિનિધિત્વની ભલામણ કરવામાં આવી છે. તેનો એક ઉદ્દેશ્ય કેન્દ્રીય પોર્ટલ અને ડેટાબેઝ દ્વારા વક્ફની નોંધણીની રીતને સુવ્યવસ્થિત કરવાનો છે. વક્ફ મિલકત તરીકે કોઈપણ મિલકતની નોંધણી કરતા પહેલા, તમામ સંબંધિતોને યોગ્ય સૂચના આપીને મહેસૂલ કાયદા મુજબ વિસ્તૃત પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.'વક્ફ' અરબી શબ્દ 'વકુફા' પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ રહે છે.

મધ્યપ્રદેશના જબલપુરમાં સ્વાઈન ફ્લૂના ૧૧ કેસથી ગભરાટ

। (એજન્સી) જબલપુર, તા.૭ ।

આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે ૧૧ દર્દીઓમાંથી છ દર્દીઓ સ્વસ્થ થયા બાદ ખાનગી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા હતા, જ્યારે બાકીના દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સ્વાઈન ફ્લૂની પુષ્ટિ થાય તે પહેલાં, ચેપગ્રસ્ત વ્યક્તિઓ શરદી, ઉધરસ અને તાવની ફરિયાદ કરતા હતા. મધ્યપ્રદેશના જબલપુરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ૧૧ લોકોમાં સ્વાઈન ફ્લૂની પુષ્ટિ થઈ છે. એક સ્વાસ્થ્ય અધિકારીએ મંગળવારે આ જાણકારી આપી. સ્વાસ્થ્ય વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર ડૉ. સંજય મિશ્રાએ ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું કે સ્વાઈન ફ્લૂના આ તમામ કેસ ૧૧ જુલાઈથી ૬ ઑગસ્ટ વચ્ચે નોંધાયા છે.આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ૧૧ દર્દીઓમાંથી ૬ દર્દીઓ સ્વસ્થ થયા બાદ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તાવની ફરિયાદ હતી. અધિકારીએ જણાવ્યું કે તમામ લોકો જિલ્લાના વિવિધ ભાગોના રહેવાસી છે.આ ઘટના બાદ જિલ્લાનું આરોગ્ય વિભાગ એલર્ટ પર છે. સ્વાઈન ફ્લૂને ફેલાતો અટકાવવા માટે અનેક ટીમો વિવિધ વિસ્તારોમાં ટેસ્ટ કરી રહી છે. લોકોને સાવચેત રહેવાની પણ અપીલ કરવામાં આવી છે. ડોક્ટરોનું કહેવું છે કે જો લક્ષણો દેખાય તો લોકોએ તાત્કાલિક હોસ્પિટલમાં આવીને સંપૂર્ણ સાવચેતી રાખવી જોઈએ.સ્વાઈન ફ્લૂ એ ડુક્કરનો અત્યંત ચેપી શ્વસન સંબંધી રોગ છે જે સ્વાઈન ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસમાંથી એકને કારણે થાય છે.

રાત્રે પણ બેંકની બહાર રાહ જુએ છે

તેલંગાણામાં લોન માફી બાદ ખેડૂતો નવી લોન લેવા આવે છે

તેલંગાણા સરકારે ખેડૂતો માટે લોન માફીની જાહેરાત કર્યા પછી, ઘણા ખેડૂતો નવી લોન મેળવવા માટે બેંકોની બહાર કતારોમાં ઉભા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

તેલંગાણા સરકારે ખેડૂતો માટે લોન માફીની જાહેરાત કર્યા પછી, ઘણા ખેડૂતો નવી લોન મેળવવા માટે બેંકોની બહાર કતારોમાં ઉભા છે. હનુમાકોંડા જિલ્લામાં, સેંકડો ખેડૂતો પાક લોન માટે એસબીઆઈ શાખામાં મોટી સંખ્યામાં એકઠા થયા હતા, જેનાથી બેંક અધિકારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. પારકલમાં SBI બેંકની સામે પણ લાંબી કતારો જોવા મળી હતી, જે નોટબંધીના દિવસોની યાદ અપાવે છે. ઘણા ખેડૂતો, તેમની લોન રિન્યુ કરાવવા માટે તલપાપડ, આખી રાત બેંકોની બહાર સૂતા હોય છે.મોટી સંખ્યામાં અરજદારોને હેન્ડલ કરવા માટે, બેંક કર્મચારીઓ ટોકન સિસ્ટમ દ્વારા લોન રિન્યુઅલ સિસ્ટમ દ્વારા કામ કરી રહ્યા છે.આ વિકાસ તેલંગાણાના મુખ્ય પ્રધાન એ રેવન્ત રેડ્ડીએ કોંગ્રેસના ચૂંટણી વચન મુજબ તેમની સરકારની પાક લોન માફી યોજનાનો બીજો રાઉન્ડ શરૂ કર્યાના દિવસો પછી થયો છે. સરકારે ૬.૫ લાખથી વધુ ખેડૂતોની લોન માફ કરવા માટે બેંકોને ૬,૧૯૮ કરોડ રૂપિયા જાહેર કર્યા છે. બીજા રાઉન્ડમાં ૧.૫૦ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવામાં આવી રહી છે. ૧૮ જુલાઈથી શરૂ થયેલા પ્રથમ તબક્કામાં ૧ લાખ રૂપિયા સુધીની લોન લેનારા ખેડૂતોની લોન માફ કરવામાં આવી હતી. તેલંગાણાની ચૂંટણી પહેલા કોંગ્રેસે વચન આપ્યું હતું કે ખેડૂતોની મદદ માટે ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવામાં આવશે.બીજા રાઉન્ડની જાહેરાત કરતા એક કાર્યક્રમમાં બોલતા રેવન્ત રેડ્ડીએ અગાઉની BRS સરકાર પર તેના ૧૦ વર્ષના શાસન દરમિયાન રૂ. ૨૫,૦૦૦ કરોડની લોન માફ કરવાના વચનને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂક્યો હતો.એજન્સી અનુસાર, રેડ્ડીએ કહ્યું, અમે લગભગ ૧૮ લાખ ખેડૂતોની ૧.૫૦ લાખ રૂપિયા સુધીની લોન માફ કરીને અમારી પ્રામાણિકતા સાબિત કરી છે.

વિશેષ

આદિજાતિ સમુદાયોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાળવણીના ઉદ્દેશથી SoU તંત્ર દ્વારા આદિજાતિ નૃત્યનું આયોજન

૯ ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવશે

। (માહિતી) ગાંધીનગર ।

આગામી ૯ ઓગસ્ટના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે એકતા નગર સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) ખાતે પ્રવાસીઓ માટે આદિજાતિ સમુદાયની ધોડિયા જનજાતિના લોકોના વિશિષ્ટ શૈલીના તુર નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ ભારતમાં રહેલી સંસ્કૃતિની વિવિધતામાં એકતાના દર્શન કરી શકે તે માટે તેમજ આદિજાતિ સમુદાયોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવાના ઉદ્દેશથી આદિવાસી તુર નૃત્યની પ્રસ્તુતિનું આયોજન કરવામાં આવ્યું છે.

આદિજાતિ સમુદાયોની વિવિધ વસ્તી વચ્ચે એકતા અને સમજણનો વિકાસ થાય તેમજ આદિજાતિ સંસ્કૃતિની જાળવણી કરવાના આશયથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ (SoUADTGA) તથા ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી(TRI)ના સંયુક્ત ઉપક્રમે તુર નૃત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સાંજે ૫.૪૫ કલાકે SoU કેમ્પસમાં તેમજ સાંજે ૭.૦૦ કલાકે બસ બે ખાતે ધોડિયા જનજાતિના વિશિષ્ટ શૈલીના તુર નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે વિશ્વભરમાં ૯ ઓગસ્ટનો દિવસ 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

જાણો શું છે આદિવાસી તુર નૃત્ય

તુર નૃત્ય એ ધોડિયા જનજાતિનું પ્રચલિત નૃત્ય છે, જે તેઓ વર્ષોથી પરંપરાગત રીતે કરતા આવ્યા છે. આ નૃત્ય ધોડિયા જનજાતિની ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ભાવના સાથે જોડાયેલું છે. પ્રાચીન કાળમાં ખાસ તો તુર નૃત્ય સ્મશાન યાત્રા દરમિયાન થતું હતું, જેમાં મૃત્યુ પામનાર વ્યક્તિના શબને સ્મશાન સુધી તુર એટલે કે નાનો ઢોલ વગાડીને નાચતા નાચતા લઈ જવામાં આવતું અને ત્યારબાદ સ્મશાનેથી તુર વગાડીને પાછા ઘરે આવતા. સ્મશાન યાત્રા દરમિયાન તુર નૃત્ય કરવા પાછળ ધોડિયા જનજાતિનો હેતુ એ છે કે જે વ્યક્તિનું મૃત્યુ થયું છે, તે સ્વર્ગની યાત્રાએ નીકળી રહ્યો છે, તો તે રાજીખુશીથી સ્વર્ગ તરફ પ્રયાણ કરે અને સંસારની માયાજાળમાંથી મુક્ત થાય. સ્મશાન યાત્રા ઉપરાંત, ધોડિયા જનજાતિના લોકો માતાની વરસી, લગ્ન પ્રસંગ જેવા વિવિધ અવસરો તેમજ હોળી, દિવાળી, મકરસંક્રાંતિ વગેરે જેવા તહેવારો પર પણ તુર નૃત્ય કરીને ખુશી અને આનંદ વ્યક્ત કરે છે. તુરનું વાદ્ય નાચતી વખતે વપરાય છે અને તુર વગાડનારને તુરિયો કહેવામાં આવે છે. તુર નૃત્યમાં મુખ્યત્વે ૬૦ ચાળાઓ એટલે કે ૬૦ પ્રકારના નાચ હોય છે. ૬૦ ચાળાઓનું સંપૂર્ણ નૃત્ય કરવા માટે ઓછામાં ઓછો ત્રણથી ચાર કલાકનો સમય લાગે છે. જોકે સામાન્ય રીતે, ધોડિયા જનજાતિના લોકો તુર નૃત્યમાં ૧૦ થી ૧૫ ચાળાઓ જ કરે છે. દરેક ચાળામાં અલગ-અલગ ગરબા અને ભજન ગાવામાં આવે છે. આ ગરબા-ભજન ગાવા માટે તુર વગાડનાર સાથે બે કે ત્રણ સૈલ્યા એટલે કે ગરબા-ભજન ગાનારા હોય છે, જેઓ એક ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ ઊભું કરે છે, જેથી તુર નૃત્ય કરનારા નૃત્ય વૃંદ અને જોનારા લોકોમાં ધાર્મિક, આધ્યાત્મિક આસ્થા ઊભી થાય છે.

તુર નૃત્યનો પહેરવેશ અને ઘરેણાં

ધોડિયા જનજાતિમાં તુર નૃત્ય સવિશેષ ભાઈઓ દ્વારા કરવામાં આવતું નૃત્ય છે. આ નૃત્યના પહેરવેશમાં તેઓ બંડી, ટોપી, મોટો રૂમાલ, બુટ, મોજા પહેરે છે. તેની વિશિષ્ટતા એ છે કે તેમનો સંપૂર્ણ પહેરવેશ સફેદ રંગનો હોય છે. ભાઈઓ જ્યારે તુર નૃત્ય કરે ત્યારે તેઓ ગળામાં નાનો રૂમાલ ખાસ બાંધે છે. ગળા ઉપરાંત તેઓ હાથમાં અને કમરે પણ રૂમાલ રાખે છે અને આ રૂમાલ પણ સફેદ રંગનો જ હોય છે. આ નૃત્ય માત્ર ભાઈઓ કરતા હોવાથી તેઓ કોઈ ઘરેણા પહેરતા નથી.

તુર નૃત્યમાં ઉપયોગમાં લેવાતા વાદ્યો

ધોડિયા જનજાતિના લોકો તુર નૃત્યમાં સંગીતના વાદ્ય તરીકે ઢોલ અને થાળી વગાડે છે. આ ઢોલ બનાવવા માટે સેવન નામના વૃક્ષના લાકડાનો અને ગાય, ભેંસ કે મોટા બકરા જેવા પશુઓના ચામડાનો ઉપયોગ થાય છે. ઢોલ બનાવવા માટે સેવનના લાકડા અને ચામડાને ચોંટાડવા માટે ડાંગરની લુગદી અને કાળી રાખોડી ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત, ઢોરનું ચામડું કડક રહે તે માટે નાની દોરી અને લોખંડની કડી લગાવવામાં આવે છે. નૃત્યમાં ઢોલ સાથે થાળી વગાડવામાં આવે છે, જે તાંબાની ધાતુની બનાવટ હોય છે. આ નૃત્યમાં કેટલીક વખત કાંસાની થાળીનો ઉપયોગ પણ થાય છે.

હની ટ્રેપનો કેસ સામે આવ્યો

મહેસાણામાં રાજસ્થાનના યુવકને હની ટ્રેપમાં ફસાવી ૧.૦૫ લાખ પડાવી લેવાયા

ખોટા કેસમાં ફસાવવાની અને બદનામ કરવાની ધમકી આપતાં યુવક ત્યાંથી નીકળી ગયો હતો

। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

રાજસ્થાનના યુવકને મહેસાણાના રાધનપુર રોડ પરના એક મકાનમાં લઈ જઈ હનીટ્રેપમાં ફસાવી ઓનલાઈન રૂ.૧,૦૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હોવાની ફરિયાદ મહેસાણાના ચાર જણા સામે બી ડિવિઝન પોલીસ મથકે નોંધાવાઈ છે. રાજસ્થાનના અજમેરના વતની અને સુરેન્દ્રનગરના દસાડા તાલુકાના નવીયાણી ખાતે પરિવાર સાથે રહી સેનટેક્ષ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટમાં નોકરી કરતા દેવેન્દ્રકુમાર શ્રીચંદ્રકાન્ત રાજપૂતે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત ૨૮ જુલાઈએ વતન અજમેર જતી વખતે બેચરાજીની હાંસલપુર ચોકડીએ ઊભા હતા, તે વખતે એક મહિલાએ તેમની પાસે આવી કામ કરવું છે? મારી પાસે એક છોકરી છે તેમ જણાવી તેનો મોબાઈલ નંબર આપ્યો હતો અને અજમેરથી પરત આવો ત્યારે ફોન કરજો તેમ કહ્યું હતું. ૧ ઓગસ્ટે ફોન કરીને રમીલાબેન તરીકેની ઓળખ આપી મહિલાએ તમે ક્યારે આવો છો? તેમ પૂછતાં દેવેન્દ્રકુમારે ૫ ઓગસ્ટે મહેસાણા આવવાના હોવાનું જણાવ્યું હતું. તેઓ રસ્તામાં હતા ત્યારે પણ ફોન કરીને સવારે પાંચેક વાગ્યે તેઓ મહેસાણા રેલવે સ્ટેશને ઉતર્યા ત્યારે રમીલાબેન તેમને રિક્ષામાં બેસાડી મહેસાણા રાજધાની ટાઉનશીપ અને કલાપીનગર વચ્ચે એક મકાનમાં લઈ ગયાં હતાં.જે મકાનમાં થોડીવાર બાદ એક છોકરી આવી હતી અને તેણે પોતાનાં કપડાં કાઢી નાખ્યા બાદ યુવકનાં કપડાં કાઢવાનું શરૂ કર્યું હતું. દરમિયાન એક પુરુષે ત્યાં આવીને મોબાઈલમાં તેમનો વીડિયો ઉતારી યુવકનાં કપડાં લઈ લીધાં હતાં તેમજ યુવકને મારવાનું નાટક કરવા લાગ્યો હતો. યુવકને બેસાડી દઈ ત્યાંથી જવા દીધો નહોતો અને છોકરીના પતિને ફોન કરીને બોલાવું છું તેમ કહીં ફોન કરીને તારી પત્ની કિંજલ એક છોકરા સાથે પકડી છે, તું આવી જા તેમ કહી બોલાવતાં થોડીવારમાં વિમલ આવીને યુવકને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. જેથી યુવકે જે લેવું હોય તે લઈ લેવાનું કહેતાં આ શખ્સોએ તેનો મોબાઈલ લઈને બેંક બેલેન્સ ચેક કર્યું હતું.

ખાતામાં રૂ.૫૬ હજાર હોવાથી તેમણે રૂ.૫ લાખની માગણી કરીને વીડિયોના આધારે બળાત્કારના કેસમાં ફસાવવાની અને બદનામ કરવાની ધમકી આપી હતી. જેથી યુવકે રૂ.૫૦,૦૦૦ અને રૂ.૫૦૦૦ વિક્રમભાઈ પટેલના ખાતામાં ફોનપે ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બંને જણાએ રૂ.૧.૦૫ લાખ આપવા પડશે તેમ કહેતાં યુવકે તેના મિત્રને ફોન કરીને રૂ.૫૫,૦૦૦ વિક્રમભાઈ પટેલના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યાર બાદ આ શખ્સોએ યુવકનાં કપડાં પરત આપી આ વાતની જાણ પોલીસને કે અન્ય કોઈને કરશે તો ખોટા કેસમાં ફસાવવાની અને બદનામ કરવાની ધમકી આપતાં યુવક ત્યાંથી નીકળી ગયો હતો. આ ચાર જણાએ અન્ય લોકોને પણ આ રીતે ફસાવી પૈસા પડાવ્યા હોવાનું તેમજ મિત્રએ ફરિયાદ કરવાનું કહેતાં દેવેન્દ્રકુમારે ચારેય વિરુદ્ધ મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જંગમ મિલ્કતમાં તો દેશભરમાં બીજા નંબરે

ગુજરાતમાં વક્ફ બોર્ડ પાસે છે અધધધ.. સંપત્તિ

કેન્દ્રની મોદી સરકાર વક્ફ બોર્ડની શક્તિઓ પર લગામ કસવા માટે સંસદમાં સંશોધન બિલ પસાર કરી શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

કેન્દ્ર સરકાર હવે વક્ફના કાયદામાં ફેરફાર કરવાની તૈયારીઓ કરી રહી છે. વક્ફ બોર્ડની શક્તિઓ પર લગામ કસવા માટે સંસદમાં સંશોધન બિલ પસાર કરી શકે છે. પ્રસ્તાવિત સંશોધનો હેઠળ વક્ફ બોર્ડના દાવાઓનું ફરજિયાત પણે વેરિફિકેશન કરાવવામાં આવશે. આ સાથે જ વક્ફની વિવાદિત સંપત્તિઓની પણ ખરાઈ કરાવવાની જરૂરી રહેશે. સંશોધન દ્વારા કેન્દ્ર સરકાર વક્ફ બોર્ડની અમાપ તાકાતને ખતમ કરવા માંગે છે. કોઈ પણ સંપત્તિને પોતાની સંપત્તિ કહેવાના તેના 'અનિયંત્રિત' અધિકારમાં કાતર ફરી શકે છે. હાલના અધિનિયમમાં ૪૦ સંશોધનનો પ્રસ્તાવ છે. પરંતુ શું તમને ખબર છે કે આખરે આ વક્ફ બોર્ડ શું છે અને તે કેવી રીતે કામ કરે છે અને આ સાથે જ ગુજરાત સહિત દેશમાં તેની કેટલી સંપત્તિ છે?

જમીન મામલે વક્ફ બોર્ડ સેના અને રેલવે બાદ ત્રીજી સૌથી મોટી સંસ્થા છે. શરૂઆતમાં મૂળ રીતે સમગ્ર ભારતમાં વક્ફ બોર્ડ પાસે લગભગ ૫૨ હજાર સંપત્તિઓ હતી. ગત વર્ષ ફેબ્રુઆરીમાં અલ્પસંખ્યક મંત્રાલયે લોકસભામાં વક્ફ બોર્ડની સંપત્તિઓની જાણકારી આપી હતી અને જણાવ્યું હતું કે મુસ્લિમોની આ સંસ્થા પાસે ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ ૮,૬૫,૬૪૬ અચલ સંપત્તિ હતી. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ મુજબ ૧૩ વર્ષમાં જ વક્ફ બોર્ડની સંપત્તિ બમણી થઈ ગઈ. ભારતમાં વક્ફ બોર્ડ પાસે ૨૦૦૯ સુધીમાં ચાર લાખ એકર જમીન પર ૩ લાખ રજિસ્ટર્ડ સંપત્તિઓ હતી અને આજની તારીખમાં આઠ લાખ એકરથી વધુ જમીન પર ૮,૭૨,૨૯૨ સંપત્તિઓ છે.

એક પ્રશ્ન એ પણ થાય કે આખરે ગુજરાતમાં વક્ફ બોર્ડની કેટલી સંપત્તિ છે? ત્યારે તમને જણાવી દઈએ કે જે માહિતી ઉપલબ્ધ છે તે મુજબ ગુજરાતમાં તેની સંપત્તિની સંખ્યા ૪૫ હજાર કરતા વધારે છે. જેમાં સ્થાવર સંપત્તિ જ ૩૯,૦૦૦ કરતા વધુ છે. જ્યારે બાકી જંગમ છે. આ મિલકતની જો કિંમત આંકીએ તો કરોડોમાં જાય. વક્ફ બોર્ડની આ સંપત્તિમાં માત્ર કબ્રસ્તાન, મદરેસા, મસ્જિદ જેવી સંપત્તિઓ જ નહીં પરંતુ રહેઠાણ, ખેતીની જમીનો, દુકાનો તળાવો, પ્લોટ વગેરે પણ સામેલ છે. ગુજરાતમાં વક્ફ બોર્ડની કુલ સંપત્તિ જોઈએ તો ૩૯,૯૪૦ છે જેમાંથી સૌથી વધુ અમદાવાદમાં ૧૫૪૨૫ સંપત્તિ, ત્યારબાદ સુરતમાં ૮૪૫૩, પછી ભરુચ ૪૧૬૩ મિલકત ધરાવે છે. જમીનની વાત કરીએ તો સૌથી વધુ ખેતી લાયક જમીન ૯૧૮ વક્ફ બોર્ડ ભરૂચ જિલ્લામાં ધરાવે છે. ગુજરાતમાં વક્ફ બોર્ડ પાસે કુલ જે સંપત્તિ છે તેનું વર્ગીકરણ જોઈએ તો ૧૨,૩૯૫ ઘર, ખેતીલાયક જમીન ૩,૨૬૪, બિલ્ડિંગ ૬૫૩, દરગાહ કે મકબરા ૧,૭૩૪, ધાર્મિક શિક્ષણ પૂરું પાડતા દારૂલ ઉલુમ ૧૯, ઈદગાહ ૧૬૮, કબ્રસ્તાન, ૯૮૩, મદરેસા ૩૯૨, મસ્જિદ ૨,૯૯૯, પ્લોટ ૨,૨૩૫, શાળા ૨૨, દુકાન, ૬,૮૪૧ અને અન્ય મિલકતો જેમ કે તળાવ સહિત કુલ ૩૯,૯૪૦ સંપત્તિ ગુજરાત વક્ફ બોર્ડ પાસે છે. મળતી માહિતી મુજબ વક્ફ બોર્ડ હેઠળ ગુજરાતના ૫ તળાવ છે જેને તેના દ્વારા મેનેજ થાય છે. આ પમાંથી ૩ તળાવ અમદાવાદમાં જ્યારે ૨ તળાવ સુરતમાં આવેલા છે. ગુજરાતભરમાં થઈને બોર્ડ પાસે ૧૨,૩૯૫ રહેઠાણો છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં છે અને ત્યારબાદ સુરત, ભરૂચ અને કચ્છમાં છે. જ્યાં ક્રમશઃ ૬૪૫૧, ૩૩૭૩, ૮૫૧, ૪૨૪ રહેઠાણ છે. પ્લોટની વાત કરીએ તો વક્ફ બોર્ડ અધિકૃત રીતે ગુજરાતમાં ૨,૨૩૫ પ્લોટ ધરાવે છે. જેમાં સૌથી વધુ સુરતમાં ૭૦૦ પ્લોટ છે. ત્યારબાદ ૬૯૪ ભરૂચમાં અને વડોદરામાં ૨૯૩ પ્લોટ છે.

દાણીલીમડામાં મહિલા કલ્યાણ દિવસની ઉજવણી

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં નારી વંદન સપ્તાહ ઉજવણી અંતર્ગત તા. ૦૭ ઓગસ્ટ-મહિલા કલ્યાણ દિવસ નિમિત્તે વહોરા હોલ, દાણીલીમડા ખાતે ગુજરાત રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા કલ્યાણકારી યોજના વિશેની માહિતી જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા આપવામાં આવી હતી. જેમાં વહાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અને ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના વિશેની માહિતી આપાવમાં આવી હતી. મહિલા સુરક્ષા માટે સખી વન સ્ટોપ સેન્ટર યોજના, બેટી બચાવો બેટી પઢાવો, ૧૮૧ અભયમ્ વગેરે યોજનાઓની માહિતી જીરી ટીમના શ્રી ફાતિમાબહેન દ્વારા આપવામાં આવી હતી.

હાઇવે પર થતા અકસ્માતોના આંકડા ચોંકાવનારા : હાઈકોર્ટ

માત્ર ચલણ કાપવાથી કાયદાની યોગ્ય અમલવારી નહીં થઈ શકે

ટુ વ્હીલર ચાલક અને પાછળ બેસનાર પિલિયન રાઇડર માટે પણ હેલ્મેટ ફરજિયાત બનાવવામાં આવે : હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ હાઈવે ઓથોરિટી અને પોલીસને મહત્વનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, ૧૫ દિવસમાં એસજી હાઈવે પર જરૂરી સર્વિસ રોડ બનાવવામાં આવે. રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે. હેલ્મેટના નિયમોનું ચુસ્ત પાલન ફરજિયાત પણે કરાવવામાં આવે. ટુ વ્હીલર ચાલક અને પાછળ બેસનાર પિલિયન રાઈડર માટે પણ હેલ્મેટ ફરજિયાત બનાવવામાં આવે. ટ્રાફિકની સમસ્યાના સમાધાન માટે પોલીસમાં ભરતી પ્રક્રિયા કરવા હાઈકોર્ટે ટકોર કરી હતી. કોર્ટે કહ્યું, સીસીટીવી કેમેરાની મદદથી માત્ર ચલણ કાપવાથી કાયદાની યોગ્ય અમલવારી નહીં થઈ શકે. અધિકારીઓ મનસ્વી રીતે વર્તશેએ પણ ચલાવી નહીં લેવાય. નાગરિકોને એમની જવાબદારીનું ભાન કરાવવું એ સરકારનું કામ છે. નેશનલ હાઈવેથી શહેરને મળતા રસ્તાઓ ઉપરના ટ્રાફિક નિયમન બાબતે પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેમ કહી કોર્ટે જણાવ્યું, હાઈવે પર થતા અકસ્માતોના આંકડા ચોંકાવનારા છે. રોડનું પ્લાનિંગ અને ટ્રાફિક નિયમન બાબતે વૈજ્ઞાનિક અભિગમ વિના કામગીરી ના થવી જોઈએ. અમદાવાદ પોલીસ દ્વારા ૨૨ જૂનથી ૩૦ જૂન એમ ૧૦ દિવસ સુધી સ્પે. ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી. શહેરમાં દિવસે દિવસે વધી રહેલ માર્ગ અકસ્માતને રોકવા પોલીસ દ્વારા આ સ્પે. ડ્રાઈવ યોજવામાં આવી હતી. જે અંતર્ગત શહેરના તમામ માર્ગો પર પોલીસ ચેકિંગ હાથ ધર્યું હતું અને રોંગ સાઈડમાંથી આવતા વાહન ચાલકોને પકડ્યા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ બેફામ રીતે રોંગ સાઈડમાં ઘુસી જતા વાહનોના કારણે પ્રતિદિન અનેક અકસ્માતો થતા હોય છે. રોજ ૧૫ થી વધુ અકસ્માત આ રોંગ સાઈડમાં આવતા વાહનચાલકોના કારણે થતા હોય છે. જેના કારણે આ સ્પે ટ્રાફિક ડ્રાઈવનો નિર્ણય કરાયો હતો. NCRBના ડેટા મુજબ શહેરમાં વર્ષ ૨૦૨૨માં ૧૦૬ હાઈવે પર થયેલા માર્ગ અકસ્માતની ઘટનામાં કૂલ ૬૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ભારતમાં શીખ સમુદાયના લોકોને હેલ્મેટ વિના વાહન ચલાવવાની છૂટ છે. આનું કારણ એ છે કે શીખ સમુદાયના લોકો ચોક્કસપણે તેમના માથા પર પાઘડી પહેરે છે. ઘણાં લેયર સાથે બંધાયેલી પાઘડી ઉપર હેલ્મેટ ફીટ નથી બેસતું. આ કારણે તે હેલ્મેટ નથી પહેરી શકતાં. તેના સિવાય લોકો હેલ્મેટ પહેરીને ટૂવ્હીલર ચલાવવાનો નિયમ તેમની સુરક્ષા માટે બનાવવામાં આવ્યો હતો.

વેગન ડેપો સાબરમતી "બેસ્ટ વેગન ડેપો કાર્ય પરફોર્મન્સ શીલ્ડ" થી સન્માનિત

। અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ના સાબરમતી ડેપોને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ પશ્ચિમ રેલવે સ્તરે 'શ્રેષ્ઠ વેગન ડેપો કાર્ય પર્ફોર્મન્સ શીલ્ડ' થી સન્માનિત કરવામાં આવ્યો.

મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્મા એ માહિતી આપતા જણાવ્યું હતું કે વેગન ડેપો, સાબરમતી એ પશ્ચિમ રેલવે નો મુખ્ય ડેપો છે, જ્યાં માલગાડીઓનું પરીક્ષણ, વેગનો નું રૂટિન ઓવરહોલિંગ (આરઓએચ) અને સિક વેગનનું સમારકામ કરવામાં આવે છે. અન્ય વેગનો ઉપરાંત, પશ્ચિમ રેલવેમાં સ્થિત તમામ કન્ટેનર બીએલસી વેગનોના આરઓએચ આ ડેપો દ્વારા ચલાવવામાં આવે છે. સાબરમતી ડેપોમાં દર મહિને ૧૮૫ આરઓએચ વેગનનો લક્ષ્યાંક છે જે સફળતાપૂર્વક પૂરો કરવામાં આવે છે અને સરેરાશ ૧૦૦ રેકનું યાર્ડ પરીક્ષણ અને ૨૫૦ વેગનો ની દર મહિને સિક લાઈન રિપેર કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન,સાબરમતી ડેપોએ ખોડિયાર(સીકેવાયઆર) અને જખવાડા (સીડબ્લ્યુસીજે) કન્ટેનર સાઈડિંગ્સ પર સિક વેગન, જેમાં વેગનને લિફ્ટ કરવાની જરૂર હોય છે તે વેગનોને યથા સ્થાને કન્ટેનર સાઈડીંગ પર જ રિપેરિંગ શરૂ કર્યું છે. આ ઉપરાંત ડેપોમાં એક્સલ બેરિંગ (સીટીઆરબી) દૂર કરવાની અને ફીટીંગ કરવાની કામગીરી સફળતા

પૂર્વક શરૂ કરવામાં આવી છે, અગાઉ આ કામ દાહોદ વર્કશોપમાં વ્હીલ મોકલીને કરવામાં આવતું હતું, પરિણામ સ્વરૂપ રેલવેના પ્રતિ વર્ષ લગભગ ૧૪.૦૦ લાખનીઆવક બચત થઈ છે. ડેપોના આ પ્રયાસોથી વેગન ટર્નઅરાઉન્ડમાં વધારો થયો છે અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થયો છે. સાબરમતી ડેપોમાં, રેક પરીક્ષણ, આરઓએચ અને સિક લાઈનના સમારકામ દરમિયાન સલામતીની ખાસ કાળજી લેવામાં આવે છે. આ શ્રેણીમાં, કર્મચારી શ્રી પ્રકાશ ચૌહાણ, હેલ્પરને જૂન-૨૦૨૪ માં મહાપ્રબંધક દ્વારા પશ્ચિમ રેલવે ના સ્તરે સેફ્ટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

મંડળ રેલ પ્રબંધક શ્રી શર્માએ આ સિદ્ધિ બદલ વરિષ્ઠ મંડળ મિકેનિકલ એન્જિનિયર (સંકલન) શ્રી જગદંબા પ્રસાદ, મંડળ મિકેનિકલ એન્જિનિયર શ્રી દીપક અહિરવાલ અને તમામ કર્મચારીઓને અભિનંદન અને શુભકામનાઓ આપી.

ટેલિકોમ ક્ષેત્રમાં BSNLએ વાપસી કરી

BSNL સિમકાર્ડ વેચાણમાં વધારો, સમગ્ર ગુજરાતમાં લાખો ગ્રાહકો જોડાયા

ફક્ત સુરતમાં BSNLસાથે છેલ્લા ૧ માસમાં ૭૦ હજાર ગ્રાહકો જોડાયા

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતમાં BSNL સિમકાર્ડના વેચાણમાં જબરજસ્ત વધારો નોંધાયો છે. ટેલિકોમ ક્ષેત્રમાં BSNLએ વાપસી કરી છે. ફક્ત સુરતમાં BSNLસાથે છેલ્લા ૧ માસમાં ૭૦ હજાર ગ્રાહકો જોડાયા. શહેરમાં હજારોની સંખ્યામાં ગ્રાહકો છે તો પછી સમગ્ર ગુજરાતમાં આ આંકડો લાખ ઉપર પંહોચ્યો છે. સમગ્ર દ. ગુજરાતમાં ૧.૫૦ લાખ ગ્રાહકો BSNL સાથે જોડાયા. BSNL સીમ ખરીદવા મુખ્ય ઓફિસ પર ઘસારો થયો. રીલાયન્સ જીઓ, એરટેલ અને વોડાફોન જેવી ટેલિકોમ કંપનીઓએ કાર્ડ પરના પ્લાનમાં તોતિંગ વધારો કરતા ગ્રાહકો ફરી પાછા BSNL પર પાછા ફર્યા. BSNL સિમકાર્ડ લેવા ગ્રાહકો પડાપડી કરી રહ્યા છે. મોટી કંપનીઓના ટેરિફ પ્લાનની કિમંત વધુ પડતી ઊંચી છે જેના કારણે લોકો BSNL પર ડાયવર્ટ થઈ રહ્યા છે. આજના મોંઘવારીના

સમયમાં ગ્રાહકો જે પ્લાન સસ્તો હોય તેને વધુ પસંદ કરે છે. જુલાઈ મહિનાના શરૂઆતના પંદર દિવસમાં જ ૪,૬૬૬ જેટલા BSNLના સિમકાર્ડનું વેચાણ થયું. BSNLના અધિકારીના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં સમગ્ર ગુજરાતમાં કુલ ૧.૭૦ લાખ જેટલા BSNLના સિમકાર્ડનું વેચાણ થયું છે. અને સૌથી વધુ સુરતમાં જુલાઈના ૧૫ દિવસમાં ૧૫ હજાર કાર્ડ અને અમદાવાદમાં ૧૧ હજાર BSNLના સિમકાર્ડનું વેચાણ થયું. મોબાઈલ શોપના માલિકે કહ્યું કે દિગ્ગજ કંપનીઓએ ટેરિફ પ્લાન વધારતા હવે લોકો BSNL તરફ ડાયવર્ટ થયા છે.

પ્રાકૃતિક ખેતી માટે મિશન મોડમાં 'મિશનરી' કાર્ય કરવાનું છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની આગેવાનીમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે દેશમાં પ્રથમ રહ્યું છે : મુખ્યમંત્રી

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતના કૃષિ વિભાગના તમામ પ્રભાગોના તમામ અધિકારીઓ-કર્મચારીઓ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રશિક્ષિત કરવાના કામમાં જોડાશે. આજે ગાંધીનગરમાં-રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કૃષિ વિભાગના તમામ અધિકારીઓને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાના મિશનમાં જોડાઈ જવા માર્ગદર્શન આપ્યું હતું. રાજભવનના મહર્ષિ દયાનંદ સભામંડપમાં રાજ્યના કૃષિ તજજ્ઞો સાથેના પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આજે દેશમાં સૌથી વધુ જરૂરિયાત પ્રાકૃતિક ખેતીની છે. દેશ આઝાદ થયો ત્યારે અન્ન ઉત્પાદનમાં આત્મનિર્ભરતા કેળવવા તે વખતના કૃષિ વૈજ્ઞાનિકોએ એક હેક્ટર ભૂમિમાં ૧૩ કિલો નાઈટ્રોજનના છંટકાવની ભલામણ કરી હતી. આજે આપણે એક એકરમાં ૧૩ થેલા ભરીને રાસાયણિક ખાતર ઠાલવીએ છીએ. યુરિયા, ડીએપી અને જંતુનાશક દવાઓનો ઉપયોગ જેમ જેમ વધ્યો છે, તેમ તેમ ગંભીર રોગોનું પ્રમાણ વધ્યું છે. રાસાયણિક ખાતરની માત્રા વધારવાથી ઉત્પાદનમાં વૃદ્ધિ થવાની નથી. જમીનની ફળદ્રુપતા વધારવી પડશે અને એ માત્ર અને માત્ર પ્રાકૃતિક ખેતીથી જ સંભવ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાતમાં અત્યારે ૯,૭૧,૨૭૦ ખેડૂતો ૭,૯૨,૯૮૯ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સૌના સહિયારા પ્રયત્નોથી આગામી એક જ વર્ષમાં ગુજરાતમાં વધુ ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે મિશન મોડમાં 'મિશનરી'

કાર્ય કરવાનું છે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા તાલીમ અનિવાર્ય છે. કૃષિ વિભાગના તમામ પ્રભાગોના તમામ અધિકારીઓ અને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કૃષિ વૈજ્ઞાનિકો આ કામમાં સહયોગ આપે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌ અધિકારીઓને પ્રાકૃતિક ખેતીનું વિસ્તૃત પ્રશિક્ષણ આપ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશ પ્રાકૃતિક ખેતી વિશે જાણવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા તત્પર છે ત્યારે ગુજરાતે નેતૃત્વ કરવાનું છે. ઓગસ્ટના આરંભે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા રાજ્યપાલોના સંમેલનમાં પણ પ્રાકૃતિક ખેતી ચર્ચાનો મુખ્ય મુદ્દો રહ્યો. એટલું જ નહીં, રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ પણ તમામ રાજ્યપાલોને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ગુજરાત મોડેલ અપનાવવાનો અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, આપણે આપણા બાળકોને બંજર જમીન આપીને જઈશું? પ્રદૂષિત હવા અને પ્રદૂષિત પાણી આપીને જઈશું? દરેક વ્યક્તિને ગંભીર બીમારી આપીને જઈશું? ખેડૂતોને દેવાના ડુંગર તળે ડુબાડીને જઈશું? જો આ પરિસ્થિતિ બદલવી હશે, તો પ્રાકૃતિક ખેતી અપનાવ્યા વિના નહીં ચાલે.

એસ.ટી.ની બસ હવે વધારે હાઈટેક બનશે

"હર ઘર તિરંગા" અભિયાનનું રાજ્યભરમાં ભવ્ય આયોજન કરાશ : મંત્રી હર્ષ સંઘવી

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૮ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા પણ તા. ૮ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર રાજ્યમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવશે તેમ, રમતગમત અને યુવક સેવા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું. મંત્રી શ્રી સંઘવીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યના મુખ્ય ચાર શહેરો રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા તાઃ ૧૦ ઓગસ્ટના રોજ રાજકોટ, તાઃ૧૧ ઓગસ્ટે સુરત, તાઃ ૧૨ ઓગસ્ટે વડોદરા અને તાઃ૧૩ ઓગસ્ટે અમદાવાદ ખાતે તિરંગા યાત્રા યોજાશે. આ પ્રોગ્રામ ઉપરાંત રાજ્યની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને ૧૪,૨૯૨ ગ્રામ પંચાયતોમાં પણ આ તિરંગા યાત્રાની ઉજવણી થશે. આ યાત્રામાં રાજ્યભરની અંદાજે ૨,૨૦૦થી વધુ સંસ્થાઓ સહભાગી થશે. આ ઉપરાંત ખાસ કરીને બોર્ડરના ગામડાંઓમાં ઘરો પર તિરંગા લહેરાવીને તિરંગા યાત્રા પણ યોજવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ઉપરાંત રાજ્યના મુખ્ય ૭૫ આઈકોનિક સ્થળોએ પણ આ પર્વની ઉજવણી થશે. આ ઉજવણીમાં રાજ્યના તમામ ઘર, દુકાન ઉદ્યોગ ગૃહ, સરકારી કચેરી, ખાનગી કચેરી અને લારીઓ પર પણ ત્રિરંગા લહેરાવામાં આવનાર છે. રાજ્યમાં આ ઉજવણીમાં તમામ વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્ર પણ સંકલનમાં રહીને કામગીરી કરી રહ્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશ ભક્તિની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને આઝાદી તેમજ તિરંગાનું સન્માન જળવાય તે અંગેની વધુ સમજ પણ આપવામાં આવશે તેમ, તેમણે ઉમેર્યું હતું. રમતગમત અને યુવક સેવા મંત્રી શ્રી હર્ષ સંઘવી કહ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓમાં ૫૦ લાખથી વધુ તિરંગાઓનું વિતરણ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ શહેરોના ચાર રસ્તાઓ ઉપર નાગરીકોને તિરંગાનું વિતરણ પણ કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા રાજ્યની એસ.ટી. બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી સંઘવીએ કહ્યું હતું કે, ચાર મહાનગરોમાં અંદાજે ૨ કિલોમીટરના રૂટ પર ત્રિરંગા યાત્રા/મેગા પરેડ યોજાશે. જેમાં સુરત અને અમદાવાદ ખાતે અંદાજે ૧ લાખથી વધુ જ્યારે રાજકોટ અને વડોદરા ખાતે ૫૦ થી ૭૦ હજાર નાગરીકો સહભાગી થશે. આ કાર્યક્રમ અંતર્ગત સશસ્ત્ર દળોનું બેન્ડ, પોલીસ બેન્ડ, સ્કૂલ બેન્ડ અને અન્ય ખાનગી બેન્ડ દ્વારા દેશ ભક્તિ આધારીત ધૂન રજૂ કરવામાં આવશે. રાજ્યના વિવિધ સાંસ્કૃતિક વૃંદો દ્વારા વિવિધ સ્થળે જાણિતા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા અંદાજે ૯ ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ થઈ રહેલા આયોજનમાં આ વખતની ઉજવણીમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા, તિરંગા રેલી, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી, તિરંગા સન્માન તેમજ તિરંગા મેલા જેવા વિવિધ